૩૮૩૬

"...ામૃત."

મૂળ સહિત શુદ્ધ ગુર્જર ભાષાંતર.

...પાળતા રોગિને, શું ઔષધથી કામ?
...ય ન પાળે રોગીતો, કરે શું ઔષધ કામ?

પ્રસિદ્ધ કરનાર,

જેરામ વિ૦ રઘુનાથ.

પ્રમુખ "વૈદ્યક જ્ઞાન પ્રસારક સભા" અને
તંત્રી "ભાવપ્રકાશ ભાષાંતર"

आवृत्ति २ जी—प्रत १०००

મુંબઈ:-ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ.
સંવત્ ૧૯૪૫ સને ૧૮૮૯.
મૂલ્ય ૬ આના.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

પૂર્વે અહમદનગરમાં વૈદ્યક ક્રિયામાં નિપુણ અને જગત્પ્રસિદ્ધ માણિકભટ્ટ નામના વૈદ્ય રેહેતા હતા. તેમનાં પુત્ર મોરેશ્વરભટ્ટ વૈદ્ય પણ પોતાના પિતા જેવાજ મોટા નામાંકિત થયા હતા. એક દિવસે તેમને જણાયું કે 'આપણે વૈદ્યક વિષય ઉપર એક નાહાનો છતાં જેમાં સઘળો સંગ્રહ આવે એવો ગ્રંથ રચવો જોઇએ.' પછી તેમણે શાકે ૧૬૦૩ દુર્મતિ નામના સંવત્સરમાં વૈદ્યામૃત નામનો સંસ્કૃત શ્લોકબદ્ધ ગ્રંથ કર્યો.

હવે આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરવાનું કારણ એટલુંજ છે કે હમણાં આ દેશમાં લોકોની સંસ્કૃત ઉપર અભિરૂચિ દિવસે દિવસે ઓછી થઇને આવા ગ્રંથનો લોપજ થતો જાય છે. કેટલાએક પેહેડી દર પેહેડીના વૈદ્યો છતાં શાસ્ત્રાભ્યાસ ન હોવાથી કેવળ ચોપડીઓ ઉપરથીજ ચિકિત્સા કરીને નિર્વાહ કરે છે તેઓને ગ્રંથનો ઉપયોગ થાય અને બીજા લોકોને પણ શાસ્ત્રાભ્યાસ કર્યા વિના વૈદ્યક પ્રકરણ માહેની ચિકિત્સાનું જ્ઞાન થાય એ હેતુથી આ ગ્રંથનું ભાષાંતર જામનગરના નિવાસી શાસ્ત્રીજી કાળીદાશ ગોવિંદજી પાસે કરાવી સર્વ ચતુર ગૃહસ્થોને મોટા આદરથી નજર કરવામાં આવ્યું છે.

"વ્યાધિ શોધ વિદ્યા" માટે લોકોની અભિરૂચિ વિશેષ હોવાથી આ ગ્રંથની પાછલ દાખલ કરી છે.

આ ગ્રંથની પ્રથમાવૃત્તીની હજાર પ્રત છપાવી હતી જે વિદ્વાન વર્ગમાં માન સહિત ખપી જવા છતાં ઘણા લોકોની તે પર વિશેષ જીજ્ઞાસા હોવાથી નફાની લાલચ ન રાખતાં પ્રથમાવૃત્તિથી પણ કિમતમાં ઘટાડો કરી આ ગ્રંથની દ્વિતીયાવૃત્તિ છપાવી બહાર પાડી છે માટે સર્વે સદ્‌ગ્રહસ્થો પોતાની દેહ તથા કુટુંબના રક્ષણાર્થે આ ગ્રંથ ગમે તેમ મેળવી અવશ્ય વાંચી તેનો યોગ્ય ઉપયોગ કરશે તો હું મારો પ્રયત્ન ઘણે દરજ્જે સફળ થયો સમજીશ.

જે. ર.

અનુક્રમણિકા.

અલંકાર પેહેલો.

તાવની ચિકિત્સા.

અલંકાર બીજો.

અલંકાર ત્રીજો.

અલંકાર ચોથો.

સૂચના.

સૂચના એટલે ગ્રંથમાં નહી કહેલી બાબતોની ચેતવણી. તેના અહીં છ પ્રકાર કહ્યા છે તે એ કે ૧ યુક્તાયુક્ત વિચાર. ૨ ઔષધ સેવાનો કાળ. ૩ ઔષધોના પ્રાતનિધી. ૪ ઔષધાદિકનું પરિમાણ. ૫ કવાથ વગેરે પ્રક્રિયા ૬ સ્નેહપાક.

યુક્તાયુક્ત વિચાર.

સઘળા કાર્યોમાં નવીન ઔષધોનીજ યોજના કરવી. પરંતુ વાવડીંગ, પીપળ, ગોળ, ધાણા, અને મધ એ પદાર્થો એક વર્ષના જુના લેવા, ગળો, કડાછાલ, અરડૂસો, કોહોળું, શતાવરી, આસોંદ, કાંટાઅશેરીયો, વરીયાળી અને નારી એ ઔષધો સર્વદા લીલાજ લેવાં પણ તેઓને બીજાં લીલાં ઔષધોની પેઠે બમણાં લેવાં નહી. બીજાં ઔષધો લીલાં હોય તો બમણાં લેવાં. જે ઔષધીનાં અંગ કહ્યાં ન હોય તે ઔષધીનાં મૂળજ લેવાં.

ઔષધ લેવાનો સમય.

જ્યાં ઔષધ ખાવાનો સમય ન કહ્યો હોય ત્યાં ઘણું કરીને પ્રાતઃકાળજ ઔષધ ખાવાનો સમય સમજવો. કવાથ અને ચૂર્ણ વગેરે ઔષધો તો વિશેષે કરી પ્રાતઃકાળમાંજ દેવાં જોઇએ. રેચને વાસ્તે અથવા વમનને વાસ્તે ઔષધ દેવાં હોય તો પ્રાતઃકાળેજ દેવાં અને તેઓની ઉપર જમવું નહી. રેચક અથવા વમન કરાવનાર ઔષધનો સારો યોગ થયા પછી તે ઉપર રાબ પીવી. અપાનવાયુને નીચી ગતિ આપવા સારૂ ઔષધ ખાવું હોય તો જમ્યાથી પેહેલાં થોડીવારે ખાવું. મુખની અરૂચિ મટાડવા સારૂ અનેક તરાહનાં મોઢે
ે એવાં સ્વાદિષ્ટ ઔષધ કરીને તે જમવાના સમયમાં ખાવાં.
" એટલે નાભિ સ્થલનો વાયુ કુપિત થયો હોય અથવા
હોય તો અગ્નિને પ્રદીપ્ત કરનારાં ઔષધ જ-
માવાં. વ્યાન વાયુનો પ્રકોપ થયો હોય તો
વાં. હેડકી, આક્ષેપકવાયુ (હીસ્ટરીયા) અને
ા પહેલાં અને જમ્યા પછી પણ ઔષધ
ત થઇને સ્વર ભેદાદિક (ઘાંટો બેસી

જવા આદિ) થયું હોય તો સાયંકાળના ભોજનમાં પ્રત્યેક કોળીએ અથવા વચમાં એક એક કોળીઆનો અંતર નાખીને ઔષધ ખાવું. પ્રાણવાયુ એટલે હૃદયનો વાયુ કુપિત થયો હોય તો સાયંકાળનું ભોજન કર્યા પછી ઔષધ ખાવું. તરસ, હેળકા, હેડકી, દમ અને વિષના દોષઉપર વારંવાર, અન્નની સાથે અને જમવાથી પેહેલાં તથા પછી પણ ઔષધનું સેવન કરવું. કાન, નેત્ર, નાક અને માથું ઈત્યાદિ સ્થલના રોગો વિષે, વાયુ આદિના દોષોને ટાળવા સારૂ તથા ક્ષીણ થએલા શરીરને પુષ્ટ કરવા સારૂ પાચન તથા શમન ઔષધો જમ્યાથી પેહેલા તથા પછી પણ ખાવાં.

औषधोना प्रतिनिधि.

કાઢા અને ચૂર્ણ આદિ કોઇ પણ પ્રયોગમાં જે ઔષધ ન મળી શકે એવું હોય તેની અવજી તેના જેવા સ્વભાવવાળું બીજું ઔષધ લેવું. જેમકે અતવસની અવજીમાં નાગરમોથ, અમ્લવેતસ નામન લીંબુની અવજીમાં ચુકો અથવા ચણાખાર અને કસ્તૂરીની અવજીમાં જાવંત્રી ઈત્યાદિ. આ વિષયનો વિસ્તાર નિઘંટ કિંવા "ભાવપ્રકાશ"માં જોઇ લેવો.

औषधादिकनां प्रमाण.

જે કવાથ આદિ ઔષધોમાં પદાર્થોનું પ્રમાણ કહ્યું ન હોય તે સ્થલમાં સઘળાં ઔષધો સમભાગે લેવાં. 'સમભાગે લેવાં પણ કેટલાં કેટલાં લેવાં' એવી શંકા રેહે છે તો તેનું નિવારણ આ પ્રમાણે છે. જ્યાં સ્વરસ એટલે તે તે પદાર્થોનો અંગરસ લેવાનું કહ્યું હોય ત્યાં સ્વરસની માત્રા નિત્ય બે તોલાં લેવી. સ્વરસમાં સાકર, મધ, અને ગોળ ઇત્યાદિ નાખવાનાં હોય ત્યાં તે પદાર્થો ૭ માસા લેવા. પુટ-પાકની[1] માત્રા નિત્ય ચાર તોલાં હોવી જોઇએ. તેમાં મધ નાખવો હોય તો એક તોલું લેવો અને કલ્ક કે ચૂર્ણ આદિ નાખવું ... તો તે સ્વરસ પ્રમાણે ૭ માસા લેવું.

क्वाथ आदि प्रक्रिया

કાઢો—કાઢામાં સઘળાં ઔષધો મળી ... વવાં. તેમાં ઔષધોથી સોળગણું એટલે ચો...

---

૧ કપડમટી કરીને અગ્નિમાં ... કેહેવાય છે.

મંદ મંદ અગ્નિથી માટીની હાંડલીમાં પકાવવાં. પછી અષ્ટમાંશ એટલે આઠ તોલાં બાકી રાખી એ કવાથ જરા જરા ઉનો ઉનો હોય ત્યાંજ પી જવો. આઠ તોલાં સહન થઇ શકે નહી એમ હોય તો ચાર તોલાંજ લેવો. નાહાનાં છોકરાંને ત્રણ માસાથી એક તોલાં સુધી દેવો. એ કાઢો અન્ન રસનો પાક સારી રીતે થયા પછી દેવો. કાઢામાં સાકર નાખવી હોય તો વાત, પિત્ત અને કફ સંબંધિ રોગો ઉપર અનુક્રમે ચોથા, આઠમાં અને સોળમાં હિસ્સાની નાખવી. મધ નાખવું હોય તો તેથી વિપરીત એટલે કફ ઉપર ચોથા ભાગનું પિત્ત ઉપર આઠમાં ભાગનું અને વાયુથી થએલા રોગો ઉપર સોળમાં ભાગનું નાખવું. જીરૂં, ગુગળ, ક્ષાર, શિલાજિત અને હિંગ વગેરે ઔષધો ત્રણ માસા નાખવાં. દુધ, ઘી, ગોળ, તેલ, કલ્ક અને ચૂર્ણ વગેરે ઔષધો કવાથમાં એક એક તોલાભાર નાખવા.

ફાંટ[1] અને **હિમ**[2] એઓનું પ્રમાણ અને તેઓમાં નાખવાના પદાર્થોનુ પ્રમાણ કાઢા પ્રમાણેજ સમજવું.

કલ્ક—સુકા અથવા લીલા પદાર્થો લઇ છીપર ઉપર વાટવામાં આવે તેને કલ્ક કેહે છે. એનું પ્રમાણ એક તોલાનું સમજવું. કલ્કની અંદર મધ, ઘી કે તેલ આદિ નાખવાનું હોય તે કલ્કથી બમણું હોવું જોઇએ. સાકર અને ગોળ બરાબર નાખવાં અને દ્રવ્ય પદાર્થો ચોગણા નાખવા.

ચૂર્ણ—અત્યંત શુષ્ક પદાર્થ લઇ સારી રીતે કુટી વસ્ત્રથી ચાળી લેવામાં આવે તે ભુકાને ચૂર્ણ કેહે છે. એ ચૂર્ણ મોટા માણસને રોગાદિકનું તારતમ્ય જોઇ છ માસાથી એક તોલાં સુધી દેવું. ચૂર્ણની અંદર ગોળ નાખવો હોય તો સમભાગે નાખવો અને સાકર નાખવી હોય તો બમણી નાખવી. હીંગ નાખવી હોય તો શેકીને નાખવી એટલે ઉછાળો આવે નહીં ઘી આદિ પદાર્થોથી ચૂર્ણને ચાટવું હોય તો ઘી આદિ પદાર્થો ચૂર્ણથી બમણા જોઇએ. ચૂર્ણ પાણીમાં કાલવીને

---

૧ પદાર્થને કુટી ઉના પાણીમાં નાખી તે વખતેજ ગાળીને જે પાણી લેવામાં આવે તે ફાંટ કેહેવાય છે. ૨ પદાર્થને રાતે પાણીમાં ભીજવી રાખી સવારમાં ચોળી ગાળીને જે પાણી લેવામાં આવે તે હિમ કેહેવાય છે.

લેવું હોય તો પાણી ચોગણું જોઇએ. ચૂર્ણ, અવલેહ, ગુટિકા, અને કલ્ક એઓની પાછળ જે પાણી કે દૂધ પીવાનું હોય તે વાત, પિત્ત અને કફ સંબંધી રોગો ઉપર અનુક્રમે બાર, આઠ અને ચાર તોલા પીવું. જેમ પાણી ઉપર તેલનું ટીપું પડતાં ક્ષણમાત્રમાં ચારે કોર પસરી જાય છે. તેમ અનુપાનના જોરથી ઔષધ સર્વ અંગોમાં પસરી જાય છે. કોઈ ચૂર્ણને લીંબુના રસ વગેરેની ભાવના (પુટ) દેવી પડે તો જેટલા પદાર્થથી સઘળું ચૂર્ણ ભીંજાય તેટલુંજ ભાવનાનું પ્રમાણ સમજવું.

જો કે ઉપર ક્વાથ આદિનાં પ્રમાણ કહ્યાં છે તો પણ દેશ, કાળ, પ્રકૃતિ, અવસ્થા, અગ્નિ અને બળ ઈત્યાદિકનો પુરતો વિચાર કરીને એઓનાં પ્રમાણનો ઉપયોગ કરવો.

स्नेहपाक.

કલ્ક કરતાં ચોગણું ઘી અથવા તેલ લઈ તેમાં તેથી ચોગણું પાણી અથવા બીજો દ્રવ પદાર્થ નાખીને રાંધવું અને પછી સિદ્ધ થએલા સ્નેહની ચાર તોલાંની માત્રા લેવી. જે પદાર્થનું તેલ અથવા ઘી કાહાડવું હોય તેથી ચોગણું પાણી ઉકાળીને ચતુર્થાંશ બાકી રાખવો અને તેની સાથે ઘી અથવા તેલ સિદ્ધ કરવું. કોમળ પદાર્થ હોય તો ચોગણું પાણી નાખવું, કઠણ પદાર્થ હોય તો આઠગણું પાણી નાખવું અને અત્યંત કઠણ પદાર્થ હોય તો સોળગણું પાણી નાખવું. જ્યાં કેવળ પાણી, કવાથ અને સ્વરસ એઓથી સ્નેહ તૈયાર કરવો હોય ત્યાં કલ્કનો અંશ અનુક્રમે ચોથો, છઠો અને આઠમો લેવો. દૂધ, દહી, સ્વરસ અને છાશ એઓથી સ્નેહ સિદ્ધ કરવો હોય તો અષ્ટમાંશ કલ્ક નાખવો. અને કલ્કનો સારો પાક થવા સારૂ તેમાં ચોગણું પાણી નાખવું. જ્યારે કેવળ કાઢાથી સ્નેહ સિદ્ધ કરવાનો હોય ત્યારે કાઢાના પદાર્થોનેજ કલ્ક નાખીને સિદ્ધ કરવો. જ્યાં દુધથી સ્નેહ સિદ્ધ કરવાનો હોય ત્યાં ઔષધથી આઠ-ગણું દૂધ અને દુધથી ચોગણું પાણી નાખીને પકાવવો. સ્નેહનું ટીપું અગ્નિ ઉપર નાખી જોવું. જો તડતડ વાગવા લાગે તો તે સ્નેહને સિદ્ધ થયો સમજવો. ફીણ (ઉભરો) આવવા લાગે એટલે તે તૈયાર થયું સમજવું અને ફીણ મટી જાય ત્યારે ઘી તૈયાર થયું સમજવું.

પારો, ગંધક, ત્રાંબુ, કપિલ, હરતાલ, હિંગળો અને વછનાગ ઇત્યાદિ પદાર્થો આ ગ્રંથમાં ઔષધો રૂપે ઉપયોગમાં લેવાના કહ્યા છે તે શુદ્ધ હોવા જોઇએ અને એઓની શુદ્ધિ તથા જારણ મારણ આદિ ક્રિયાઓ શાર્ઙ્ગધર આદિ ગ્રંથોમાંથી જોઈ લેવી.

વૈદ્યામૃતનું

ગુજરાતી ભાષાંતર.

मंगलाचरणम्.

नत्वाब्रह्ममहेशविष्णुगिरिजानागास्यधन्वंतरीन्
पूज्यान्सुश्रुतवाग्भटप्रभृतिकान्सर्वांश्ववैद्यान्गुरूंन् ॥
श्रीमन्माणिकभट्टवैद्यतनयोमोरेश्वराख्योभिषङ्
नानावैद्यमतंविलोक्यकुरुतेवैद्यामृतंसुंदरम् ॥ १ ॥

બ્રહ્મા, શિવ, વિષ્ણુ, જગદંબા, ગણપતિ, તથા ધન્વંતરિને, સુશ્રુત અને વાગ્ભટ આદિ પૂજ્ય ગ્રંથ કર્ત્તાઓને અને સઘળા વૈદ્યો તથા ગુરૂઓને પ્રણામ કરી માણિકભટ્ટ નામના વૈદ્યનો પુત્ર મોરેશ્વર નામનો વૈદ્ય અનેક વૈદ્યોના મત જોઇને આ સુંદર વૈદ્યામૃત નામના ગ્રંથને રચે છે.

आत्रेयपाराशरसुश्रुताद्यैर्येनिर्मिताग्रंथनृपाःप्रसिद्धाः ॥
स्वयोग्यकार्यप्रविधानदक्षोग्रंथोस्तुमेसेवकएवतेषाम् ॥२॥

આત્રેય, પારાશર અને સુશ્રુત આદિ મહાત્માઓએ જે મોટા મોટા પ્રસિદ્ધ ગ્રંથો રચેલા છે તેઓના સેવક રૂપ આ મારો ગ્રંથ પોતાની યોગ્યતા પ્રમાણે કામ કરવામાં સમર્થ હોજો.

यद्यप्यनार्यमिदमस्तिवचोमदीयंवैद्यास्तथापिभवतां
हितहेतुरेव ॥ यस्मादमुख्यकरणेकरणंमदीयःश्री
मत्सदाशिवपदांबुजभक्तियोगः ॥ ३ ॥

હે વૈદ્યો ! જો કે મારો ગ્રંથ અયોગ્ય છે તોપણ તેથી તમ લોકોનું હિત થયા વિના રેહેશે નહી. કારણકે શ્રી સદાશિવના ચરણારવિંદની ભક્તિનો યોગ આ ગ્રંથ કરવામાં મને સહાય થયો છે.

शास्त्रप्रवीणाःक्रिययाविहीनाःक्रियाप्रवीणाःकिलशास्त्रहीना
एतादृशायद्यपिसंतिकिंतैर्वैद्यास्तएवोभयथाप्रवीणाः ॥ ४ ॥

જો કે શાસ્ત્રોમાં પ્રવીણ છતાં જેઓને ક્રિયાઓ આવડતી નથી એવા અને ક્રિયાઓ કરવામાં પ્રવીણ છતાં જેઓને શાસ્ત્ર આવડતાં નથી એવા ઘણા વૈદ્યો છે તોપણ તેઓ શા કામના છે. શાસ્ત્રો તથા ક્રિયાઓ એ બન્નેમાં જેઓ પ્રવીણ હોય તેઓજ સાચા વૈદ્ય ગણાય છે.

તાવની ચિકિત્સા (विषय पहेलो.)

समस्तामयमुख्यत्वाज्ज्वरस्यप्रथमंमया ॥
प्रतीकारःसुधातुल्योयथामतिनिगद्यते ॥ ५ ॥

તાવ સઘળા રોગોમાં મુખ્ય છે એટલામાટે હું મારી બુદ્ધિ પ્રમાણે પ્રથમ તાવનીજ અમૃત જેવી ચિકિત્સા (મટાડવાનો ઉપાય) કહું છું.

વાતજ્વર[1] એટલે વાયુથી થએલા તાવનો ઉપાય.

वातज्वरंहंतियवासविश्वामुस्तागुडूचीजनितःकषायः ॥

ધમાસો, સુંઠ, નાગરમોથ અને ગળો, એ પદાર્થોથી કરેલો કવાથ વાતજ્વરને મટાડે છે.

---

૧ શરીરમાં કંપ થાય, ગળું સુકાયા કરે અને હાથ પગ જડ જેવા થઇ જાય ઇત્યાદિક વાતજ્વરનાં લક્ષણ છે.

પિત્તજ્વર[1] એટલે પિત્તથી થએલા તાવનો ઉપાય.

पित्तज्वरंहंतिरजःकषायश्छिन्नाशिवापर्पटजोथवापि ॥ ६ ॥

એકલા ખડસલીઆનો કવાથ અથવા ગળો, હરડે, અને ખડસલીયો એ ત્રણ પદાર્થનો કવાથ પિત્તજ્વરને મટાડે છે.

કફજ્વર[2] એટલે કફથી થએલા તાવનો ઉપાય.

भार्ङ्गीपुष्करदेवदारुमगधाछिनाटषाब्दौषधैः
क्काथोयंकफजज्वरंकसनकंसश्वासपार्श्वग्रहम् ॥
मांद्यंजाठरवन्हिजातमरुचिंनिर्मूलयत्येवसत्प-
क्कान्नंक्षुधितोयथातरुगणानझंझामरुद्वायथा ॥ ७ ॥

જેમ ભુખ્યો માણસ પકવાન્નનો નાસ કરે (ખાઈ જાય) અને વરસાદ સહિત તોફાની પવન વૃક્ષોના સમૂહનો નાશ કરે તેમ ભારંગીનાંમૂળ, પોખ્ખૈરમૂળ, દેવદાર, લીંડીપીપર, ગળો, અરડૂસાનાં પાન, નાગરમોથ અને સુંઠ એઓનો કવાથ કફજ્વરનો, ઉધરસનો, શ્વાસનો, પડખાં ઝલાઇગયાની પીડાનો, જઠરાગ્નિના મંદપણાનો અને અરૂચિનો અવશ્ય નાશ કરે છે.

વાયુ તથા પિત્ત એ બન્નેના યોગથી થએલા તાવનો ઉપાય.

किरातनागरामृतारजोब्दसंशृतंजलम् ॥
निहंतिवातपित्तजज्वरंयथागजंहरिः ॥ ८ ॥

---

૧ અંગોમાં બળતરા, તરશ, અને ઉલટી ઇત્યાદિક પિત્તજ્વરના લક્ષણ છે. ૨ નિદ્રાનું અધિકપણું, ઉધરસ, મળમત્રનું ધોળાપણું અને નાકમાંથી પાણી પડવું ઇત્યાદિક કફજ્વરનાં લક્ષણ છે. ૩ કઠનું મૂળ કેટલાએક કહે છે કે એરડાનું મૂળ.

જેમ સિંહ હાથીને હણે છે તેમ કરીયાતું, સુંઠ, ગળો, ખડસલીઓ અને નાગરમોથ એઓનો ક્વાથ વાયુ તથા પિત્તના યોગથી થએલા તાવને હણે છે.

કફ તથા વાયુથી થએલા જ્વર ઉપર ઉપાય.

आरग्वधाभयातिक्ताग्रंथिकाब्दश्रृतंपिबेत् ॥
कफवातज्वरेसामशूलेदीपनपाचनम् ॥ ९ ॥

ગરમાળાનો ગોળ, હરડે, કડુ, પીપળીમૂળ અને નાગરમોથ એઓનો ક્વાથ કફ તથા વાયુના યોગથી થએલા તાવને તથા તેની સાથેના આમશૂલને[1] મટાડવા ઉપરાંત અગ્નિને દીપ્ત કરે છે અને પાચન પણ કરે છે.

પિત્ત તથા કફથી થએલા જ્વરનો ઉપાય.

रक्तचंदनधनामृतवल्लीनिंबपद्मकभवंक्वथितंस्यात् ॥
आशुपित्तकफजज्वरतृष्णादाहवातहरमग्निकरंच ॥१०

રતાંજલિ, ધાણા, ગળો, કડવા લીંબડાની છાલ અને પદ્મક એઓનો ક્વાથ પિત્ત તથા કફથી થએલા તાવને, તરસના રોગને, બળતરાને અને વાયુને તુરત મટાડે છે તથા જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે.

સાધારણ તાવનો ઉપાય.

कलिंगशुंठीधनतिक्ततिक्तानिंबामृताधान्यरजोन्वितानाम्॥
सरिंगणीपुष्करचंदनानांपटोलभार्ङीवृषपद्मकानाम् ॥११॥
कषायकः कासवमीपिपासादाहान्वितेचाष्टविधज्वरार्ते ॥
सजंतुरोगेरुचिकामलार्तेदोषत्रयार्त्तेगदितोमुनींद्रैः ॥ १२ ॥

ઈંદ્રજવ, સુંઠ, નાગરમોથ, કડુ, કરીયાતું, કડવા લીંબડાની છાલ, ગળો, ધાણા, ખડસલીઓ, ભોરીંગણી,

1 પેટમાં ગડગડાટ, ઉલટી કરવાના હેબકા, શરીરમાં સજડપણું અને મોહડામાં લાળ ઈત્યાદિ લક્ષણોની સાથે જેમાં કફનાં સઘળા લક્ષણો હોય એવું જે શૂળ નીકળતું હોય તે આમશૂળ કેહેવાય છે.

એરડાનાં મૂળ, રતાંજળિ, પરવલ, ભારંગી, અરડૂસો, અને પદ્મક એઓનો કવાથ ઉધરસ, વમન, તરસ તથા દાહવાળા આઠે પ્રકારના તાવને, પેટમાં જીવડાના રોગને, અરૂચિને, કમળાને અને સન્નિપાતને મટાડે છે એમ મોટા મુનિઓએ કહેલું છે.

સન્નિપાત[1] જ્વરનો ઉપાય.

तिक्तापद्मकतोयचंदनधनावासाभयारग्वधैः
पाठाविश्वकलिंगकामृतलतामुस्तैःकषायःकृतः ॥
कृष्णाचूर्णयुतस्त्रिदोषजनितेविष्टंभदाहान्विते
कासश्वासविलापतृड्भ्रतिहितःसंदीपनःपाचनः॥१३॥

કડુ, પદ્મક, વાળો, રતાંજલિ, ધાણા, અરડૂસો, હરડે, ગરમાળાનો ગોળ, કાળીપાડ, સુંઠ, ઈંદ્રજવ, ગળો અને નાગરમોથ એઓનો કવાથ કરી તેમાં લીંડીપીપળનો ભુકો નાખીને પીવાથી પેટનો આફરો, બળતરા, ઉધરસ, શ્વાસ, બકબકાટ તથા તરસવાળો સન્નિપાત જ્વર મટે છે. અગ્નિ પ્રદીપ્ત થાય છે અને પાચન પણ થાય છે.

સન્નિપાત જ્વર ઉપર સુંઠ આદિનો કવાથ.

शुंठीदारुशठीरजोबृहतिकातिक्ताकिरातांबुदा
नंताभिर्जनितःकषायकवरःकृष्णामधुभ्यांयुत् ॥
निःशेषंत्रितयोद्भवज्वरहरोजीर्णज्वरस्यांतकृत्
कासारिर्विषमापहोपिगदितःशुंठ्यादिकःसूरिभिः॥१४

સુંઠ, દેવદાર, કચૂરો, ખડસલીયો, ભોરીંગણી, કડુ, કરીયાતું, નાગરમોથ અને ધમાસો એઓનો કવાથ કરી લીંડીપીપળના ભુકા અને મધની સાથે પીવામાં આવે તો

---

૧ જીભનો કાળો રંગ, હાડકાં દુખવાં, ક્ષણમાં બળતરા ક્ષણમાં ટાઢ, ગાવા નાચવા આદિની ચેષ્ટા, માથું ધ્રુજવું અને ઉધરસ આવવી ઈત્યાદિક સન્નિપાત જ્વરનાં લક્ષણ છે.

તેથી સન્નિપાત જ્વર, જીર્ણજ્વર, ઉધરસ તથા વિષમજ્વર અત્યંત મટે છે. વિદ્વાન લોકો આ ક્વાથને શુંઠયાદિ ક્વાથ કહે છે.

કાનના મુળમાં થએલા સોજાનો ઉપાય.

शांतेत्रिदोषेश्रुतिमूलजातशोथस्यरक्तंप्रविमोचयेत्प्राक् ।
पश्चान्मुहुःकट्फलकृष्णजीरविश्वाकुलित्थो द्भवलेपनंस्यात्
॥ १५ ॥

સન્નિપાત જ્વર શાંત થયા પછી કાનના મૂળમાં સોજો થાય છે તે સોજાનું પ્રથમ લોહી કાહાડી નાખીને પછી તેના ઉપર કાયફળ, કાળીજીરી, સુંઠ અને કળથીનું લેપન કરવું એટલે તે સોજો મટે છે.

વિષમ[1] જ્વરનો ઉપાય.

पटोलमधुकाभयाजकटुकरोहिणीमुस्तज्य:
कषायकवरःपरं विषममाशुजेजीयते ॥
तथाटूषपयोधरामृतलताशिवाविश्वजंकणा
मधुयुतंश्रृतंविषमनाशनंकीर्तितम् ॥ १६ ॥

પરવળ, મહુડાના ફૂલ, હરડે, કડુ અને નાગરમોથ, એઓનો ક્વાથ ભારે વિષમજ્વરને તુરત મટાડે છે. અરડૂસાનાં પાન, નાગરમોથ, ગળો, હરડે, તથા સુંઠનો ક્વાથ કરી તેમાં લીંડીપીપળ અને મધ નાખીને પીવામાં આવે તો તેથી પણ વિષમજ્વર મટે છે.

સાધારણ જ્વર ઉપર ચિકિત્સા.

यवसर्षपरुक्शिवावचाजतुर्निंबाज्यभवंमधूपनम् ॥
ज्वरनाशकरंपरंस्मृतंविविधोपायकरैश्चिकित्सकैः ॥ १७ ॥

---

[1] જેને આવવાના સમયનો નિયમ ન હોય, કોઇ સમયે ભારે ટાઢ આવીને આવે અને કોઇ સમયે બળતરા કરતોજ આવે તે તાવ વિષમજ્વર કેહેવાય છે.

જવ, સર્ષપ, કઠ, વજ, લાખ, લીંબડાનાં પાનડાં અને ઘીની ધુંવાડી દેવામાં આવે તો તેથી જ્વરનો નાશ થાય છે એમ અનેક ઉપાયો કરનારા વૈદ્યો કેહે છે.

आमलसैंधवचित्रकपथ्यापिप्पलिचूर्णमिदंज्वरहारि ॥
रोचनदीपनपाचनमाशुभेदितथागदितंमुनिवर्यैः ॥ १८ ॥

આમળાં, સિંધાલૂણ, ચીતરાનાં મૂળ, હરડે અને લીંડીપીપળ એઓનું ચૂર્ણ જ્વરને મટાડે છે, રૂચિ ઉપજાવે છે, અગ્નિને દીપ્ત કરે છે, પાચન કરે છે અને તુરત દસ્ત લગાડે છે એમ મોટા મુનિઓએ કહ્યું છે.

जलचतुःफलयुक्तपयःपलेशृतकणात्रयमग्निकरंपरम् ॥
श्वसनकासवलासपुरातनज्वरहरंरुचिदंबलवर्द्धनम् ॥ १९ ॥

લીંડીપીપળ તોલાં ૩ પાણી તોલાં ૧૬ અને ગાયનું દુધ તોલા ૪ એઓનો ક્વાથ કરી પાણી બળી જઇને દુધજ બાકી રહે ત્યારે તેમાંથી પીપળ કાઢી નાખીને તે ક્વાથ પીવામાં આવે તો તેથી શ્વાસ, ઉધરસ, કફ તથા જીર્ણ જ્વર મટે છે અને રૂચિ ઉત્પન્ન થાય છે તથા બળ વધે છે.

एकांशोमरिचाद्दुभौरसकतःसंमर्दयेन्मसृणे
पश्चाग्निबुरसेनमर्दनविधिर्यावत्घृतंगच्छति ॥
पथ्यंदुग्धयुतंकणामधुयुतोवल्लप्रमाणोभवेत्
प्राचीनज्वरहातथाविषमहाधातुस्थितध्वंसनः ॥ २० ॥
रक्तातीसृतिपायुजमदरहानेत्रामयध्वंसनो
यावद्रक्तभवामयप्रहरणःपित्तामयध्वंसनः ॥
रोगानीकगलग्रहोविजयतेश्रीमालिनिप्रागयं
वैद्यानांमतिशालिनांबहुतरंश्रीदोवसंताभिधः ॥ २१ ॥

એક ભાગમાં ધોળાં મરી અને બે ભાગ ગૌમૂત્રમાં શુદ્ધ કરેલો ખાપરીયો લઇ તેઓને સોપારી જેટલા ગાયના

માંખણમાં ખરલ કરવાં પછી તેમાં લીંબુનો રસ વારંવાર નાખતાં સઘળી ચીકા મટી જાય ત્યાં સુધી તેઓનું ખરલમાં મર્દ્દી કર્યા કરવું. કાંઈક સુકાયા પછી તેની એક એક વાલની ગોળીઓ કરવી. એ ગોળીને લીંડીપીપળના ચૂર્ણ અને મધની સાથે ખાવી અને દુધ ભાતનું પથ્ય કરવું. આ પ્રમાણે કરવામાં આવે તો જીર્ણજ્વર મટે છે. વિષમજ્વર મટે છે અને ધાતુમાં રહેલો જ્વર મટે છે. લોહીવાળો પાણી જેવો ઝાડો, ગુદનાં દરદ, પ્રદર નામનો સ્ત્રીનો રોગ, નેત્રના રોગ, લોહીના બીગાડથી થતા સઘળા રોગો અને પિત્ત સંબંધી સઘળા રોગો પણ એ ગોળીથી મટે છે. અનેક રોગોના સમૂહોને તોડનારો અને બુદ્ધિમાન વૈદ્યોને ઘણું ધન આપનારો આ 'વસંતમાલિની' નામનો રસ બહુ સરસ છે.

જેમાં પાતળો ઝાડો વહ્યો જતો હોય એવા તાવની ચિકિત્સા.

इसबगोलइतिप्रथितंजनेहरतितज्ज्वरभाजमतीस्रृतिम् ॥
अनुभवाल्लिखितंतनुशास्त्रतोभवतुतद्भिषजामुपयोगिकम्॥२२

ઉથમી જીરૂં રાતે પાણીમાં ભીંજવી રાખી સવારમાં તેને હાથથી ચોળી રૂચી આવવા વાસ્તે સાકરની સાથે પીવામાં આવે તો તેથી પાતળા ઝાડા સાથેનો તાવ મટી જાય છે. આ વાત જો કે શાસ્ત્રની નથી પણ મારા પોતાના અનુભવની છે તોપણ વૈદ્યોને ઉપયોગી થવાને વાસ્તે લખી છે.

विश्वामृतावालकचंदनानांसवत्सकांभोदकिरातकानाम् ॥
हितःकषायोवमिदाहतृष्णाशोफातिसारज्वरपीडितानाम्

સુંઠ, ગળો, વાળો, રતાંજલિ, કડાછાલ, નાગરમોથ અને કરીયાતું એઓનો કવાથ ઉલટી, બળતરા, તરશ, સોજા

અને પાતળા ઝાડાવાળા તાવથી પીડાએલાઓને વાસ્તે હિતકારી છે.

અતિસારના[1] ઉપાય (विषय त्रीजो.)

पाठाबिल्वंधातकीवत्सकोंबुमुस्तंरोध्रंचंदनंदाडिमंच ॥
क्षौद्रोद्रिक्तंक्वाथमेतंवदंतिपिच्छास्रावेशूलरक्तामयुक्ते ॥२४॥

કાલીપાડ, બીલું, ધાવણીનાં ફૂલ, કડાછાલ, વાળો, નાગરમોથ, લોદર, રતાંજલિ અને દાડિમના ફૂલની છાલ એઓનો કવાથ કરી મધની સાથે પિવામાં આવે તો શૂળ, રૂધિર તથા કાચા ભાગવાળો પીંછા પીંછા જેવો પાતળો ઝાડો મટી જાય છે.

किंचितघृताक्तौषधचूर्णमेतदेरंडपत्रान्र्तमग्निपक्वम् ॥
सितासमंहंतितनोतिचैतदामातिसारंजठरानलंच ॥ २५ ॥

સુંઠનો ભુકો કરી તેમાં થોડુંક ઘી નાખી એરડાના મૂળના રસથી ભીંજવી તેનો ગોળો કરવો. પછી તેને એરડાના પાનડામાં વીંટી ઉપર છાણમાટી લગાવીને અંગારાપર શેકવો માટી બળવા લાગે ત્યારે બાહાર કાઢી લઇ અંદરનું ઓસડ કાઢીને સાકરની સાથે ત્રણ માસા અથવા સાત માસા ખાવું એટલે તેથી અન્નના કાચા ભાગવાળો પાતળો ઝાડો મટે છે અને પેટની અંદરનો અગ્નિ પ્રદિપ્ત થાય છે.

समोचसारंसहनागफेनंसजातिसस्यंपुटपाकयोगात् ॥
निर्हंतिमालूरफलंनराणांसर्वातिसाराननुभूतमेतत् ॥ २६ ॥

મોચસાર (શેમળાનો ગુંદ) અફીણ, જાયફળ અને બીલાંનો ગર્ભ એઓને ઉપર કહ્યા પ્રમાણે અગ્નિમાં પકાવી ખાવામાં આવે તો તેથી સઘળા પ્રકારના અતિસાર મટે છે. આ વાતનો અમે અનુભવ કરેલો છે.

---

૧ બહુજ પાતળો વહ્યા જનો ઝાડો.
૨

कीटनिष्ठीपनेघृष्टंनागफेनंसकुंकुमम् ॥
तंदुलप्रमितंदत्तमतिसारनिषूदनम् ॥ २७ ॥
इदंमयागुरोर्लब्धंनतुशास्त्राद्भिषग्वराः ॥
भवतामुपयोगायगुरुतत्त्वंप्रकाशितम् ॥ २८ ॥

અફીણ અને કેસર મધમાં અથવા મધપોડાના મીણમાં ચોખા જેટલું દેવામાં આવે તો તેથી અતિસાર મટેછે. ઉત્તમ વૈદ્યો ! આ વાત જો કે શાસ્ત્રમાંથી મળી નથી પણ ગુરૂની પાસેથી મળી છે તોપણ તમ લોકોના ઉપયોગમાં આવવાને વાસ્તે મેં ગુરૂની કુંચીને પ્રસિદ્ધ કરી છે.

સંગ્રહણીના ઉપાય.[1] (विषय त्रीजो.)

गुडूच्यतिविषामुस्तानागरैःक्वथितंजलम् ॥
मंदानलामसंयुक्तहितसंग्रहणीगदे ॥ २९ ॥

ગળો, અતિવિસની કળી, નાગરમોથ અને સુંઠ એ-ઓનો કવાથ કરી પીવામાં આવે તો તેથી મંદાગ્નિ અને અન્નના કાચા ભાગવાળો સંગ્રહણી રોગ મટે છે.

मरिचहिंगुलगंधकटंकणामृतकणाकनकोद्भवबीजकैः ॥
प्रहरयोर्द्वितयावधिखल्वकेतनुतरंविजयारसमार्दितैः ॥ ३० ॥
कनकसुंदरएषमहारसोहरतिसंग्रहणीगदमुत्कटम् ॥
ज्वरमतीसृतिमग्निविहीनतांबतयथागरुडोभुजगावलिम् ॥ ३१

મરી, શુદ્ધ હીંગળો, શુદ્ધ ગંધક, ટંકણખાર, શુદ્ધ કરેલો વછનાગ, કાળી જીરી અને ધંતુરાનાં બીજ એટલાં ઔષધોને યોગ્ય ભાગે લઈ બે પોહોર સુધી ભાંગના રસમાં ખરલની અંદર બહુજ ઝીણાં મર્દવાં એટલે તે

---

૧ મરડો આવીને બહુજ દુર્ગંધવાળો કાચો કે પાકો ભાગ પડે અને તે ક્ષણે ક્ષણે પડે અને ક્ષણે બંધ પડી જાય એવો ઝા-ડાનો રોગ સંગ્રહણી કેહેવાય છે.

'કનક સુંદર' નામનો મોટો રસ થાય છે. યોગ્ય અનુપાનની સાથે ઉપયોગમાં લીધેલો એ રસ, જેમ ગરૂડ અનેક સર્પોને ખાઈ જાય છે તેમ ભારે સંગ્રહણી, જ્વર, અતિસાર તથા મંદાગ્નિપણું એ રોગોને ખાઈ જાય છે.

त्रिजातकव्योषवरारसेंद्रगंधाजमोदामिशिवेल्लरात्रयः ॥
बिल्वानलाजाजिलवंगधान्यगजोपकुल्यामधुकंपटूनि ॥२२
हिंगूःकुबेराव्हयमोचसारौक्षारौजयासर्वचतुर्थभागा ॥
इदंहिचूर्णंविनिहंतितूर्णंप्रसूतिकासंग्रहणीविकारम् ॥ २३ ॥
समस्तरोगांतकमग्निकारिभ्राजिष्णुताकारिसुतक्रपीतम् ॥
इमंप्रयोगंबहुधानुभूतंचकारधात्रीकिलकापिलाही ॥ २४ ॥

તજ, તમાલપત્ર, એળચી, સુંઠ, મરી, પીપળ, હરડે, બેહેડાં, આમળાં, પારો, ગંધક, અજમોદ, સુવા, વાવડીંગ, હળદર, બીલાંનો ગર્ભ, ચિત્રો, જીરૂં, લવીંગ, ધાણા, ગજપીપળ, જેઠીમધ, મીઠું, બીડલૂણ, ટંકણખાર, સિંધાલૂણ, સંચળ, હિંગ, કાકચીઆનો ગર્ભ, મોચસાર, સાજીખાર, જવખાર અને એ સઘળાંથી ચોગણી ભાંગ એઓનું ઝીણું ચૂર્ણ કરી છાશમાં પીવામાં આવે તો તેથી સુવાવડમાં થએલો સંગ્રહણી વિકાર તુરત મટે છે. આ પ્રયોગ કે જે સઘળા રોગોને મટાડનાર છે, અગ્નિને દીપ્ત કરનાર છે, શરીરમાં કાંતિ આપનાર છે અને ઘણીવાર અનુભવમાં આવેલો છે તે, લાહી નામની કોઈ સુયાણીએ શોધી કહાડયો છે તેથી 'લાહીચૂર્ણ' કેહેવાય છે.

અરશના ઉપાય. (विषय चोथो.)

शुष्कचूरणहुताशनाभयानागरोषणगुडोद्भवावटी ॥
अष्टवेदशशिभूतदर्धकंशक्रभागसहितारुचिप्रदा ॥ २५ ॥

आग्निमांद्यगुदजार्तिहारिणीविदर्विबंधजठरार्तिनाशिनी ॥
आर्द्रपीलुफलभक्षणंतथार्शःक्रिमिग्रहणिगुल्मनाशनम् ॥ २६

સુકાએલાં સૂરણનું ચૂર્ણ તોલાં આઠ, ચિત્રાના મૂળ તોલાં ચાર, હરડે તોલું એક, સુંઠ તોલું એક અને મરી તોલું અર્ધ એટલાં ઔષધોની ચૌદ તોલાં ગોળમાં મેળવીને ગોળીઓ વાળવી. એ ગોળીઓથી રૂચિ પ્રાપ્ત થાય છે, અને અગ્નિનું મંદપણું, અરશની પીડા ઝાડાની કબજીયત તથા પેટની પીડા મટે છે.

પીલુનાં લીલાં ફલ ખાવાથી પણ અરશ, પેટના કૃમિ સંગ્રહણી અને પેટમાં ચડતો ગોટો એઓનો નાશ થાય છે.

नृकेशाहिनिर्मोकवेल्लार्कमूलशमीपत्रशृगांकुरैर्हिंगुयुक्तैः ॥
प्रधूपोर्शसांनाशयत्याशुवीर्ययथाकामिनीनित्यसंगोनराणाम्

જેમ સ્ત્રીઓનો નિત્ય સંગ પુરૂષોના વીર્યનો નાશ કરે છે તેમ માણસના મોવાળા, સર્પની કાંચળી, વાવડીંગ, આકડાનું મૂળ, ખીજડીનાં પાનડાં, શીંગડાંના કાંટા અને હીંગ એઓની ધુવાડી અરશના જોરનો તુરત નાશ છે.

અજીર્ણ વિષૂચિકા (કૉલેરા)નો ઊપાય.

(विषय पांचमो.)

व्योषत्रिवृल्लवणपंचकमग्निजीरं
क्षारोभयाक्रमिरिपुःकणमूलचव्ये ॥
तक्रेणवोष्णसलिलेनहिचूर्णमेत-
दग्निंभडाग्निमिवसंतनुतेनराणाम् ॥ २८ ॥

पथ्योग्रगंधाबिडाहिंगुशुंठीविषाकलिंगोद्भवचूर्णमेतत् ॥
सुखांबुनाहंत्यरुचिंविषूचीमजीर्णशूलौचहुताशकारि ॥२९॥

સુંઠ, મરી, પીપળ, નસોતર, પંચલવણ[1], ચિત્રો, જીરૂ સાજીખાર, જવખાર, હરડે, વાવડીંગ, પીપળીમૂળ, અને ચવક એઓનું ચૂર્ણ કરી છાશમાં અથવા ઊના પાણીમાં

---

૧ મીઠું, બીડલૂણ, ટંકણખાર, સિંધાલૂણ અને સંચળ.

પીવામાં આવે તો તેથી માણસોનો ઉદરનો અગ્નિ બહુજ વધે છે. હરડે, વજ, બિડલૂણ, હીંગ, સુંઠ, અતવસ અને ઈંદ્રજવ એઓનું ચૂર્ણ થોડા થોડા ઊના પાણીમાં પીવામાં આવે તો તેથી અરૂચિ, કૉલેરા, અજીર્ણ અને શૂળ દૂર થઈને અગ્નિની વૃદ્ધિ થાય છે.

हिंगूग्रगंधबिडनागरदीप्यपथ्या
चूर्णंविभागपरिवर्द्धितमेतदाशु ॥
आनाहशूलगुदजानलमांद्यगुल्म-
विष्टंभकोदरविषूचिहरंसमस्तम् ॥ ४० ॥

એક ભાગ હીંગ, બે ભાગ વજ, ત્રણ ભાગ બિડ-લૂણ, ચાર ભાગ સુંઠ, પાંચ ભાગ અજમા અને છ ભાગ હરડે એઓનું ચૂર્ણ કરી ખાવામાં આવે તો તેથી તુરત આફરો, શૂળ, અરશ, અગ્નિનું મંદપણું, ગોટો, દસ્તની કબજીયત, પેટના રોગ અને કૉલેરા એ સઘળાં મટે છે.

तालादेकोरसादेकएकःसीसकभस्मनः ॥
द्वौभागौगंधकाच्छुद्धान्मरिचाच्छोडशांशकः ॥ ४१ ॥
चूर्णंकृत्वारक्तिकैकाघृतेनसहभक्षिता ॥
विषूचिंसर्वशूलानिप्लीहानमुदरंतथा ॥ ४२ ॥
गुल्मंसंग्रहणीरोगंश्वासकासकफानिलान् ॥
अग्निमांद्यादिकान्रोगान्हंत्यसौवडवानलः ॥ ४३ ॥

એક ભાગ શુદ્ધ હરતાલ, એક એક ભાગ શુદ્ધ પારો, એક ભાગ સીસાની ભસ્મ, બે ભાગ શુદ્ધ ગંધક અને સોળ ભાગ મરી એઓનું ચૂર્ણ કરી તેની નિત્ય એક રતિ, ઘીની સાથે ખાવામાં આવે તો તેથી કૉલેરા, સઘળાં પ્રકારનાં શૂળ, બરલનું દરદ, પેટના રોગ, ગોટો, સંગ્રહણી, શ્વાસ, ઉધરસ, કફ, વાયુ અને અગ્નિની મંદતા ઇત્યાદિક રોગ મટે છે. આ રસનું નામ 'વડવાનલ' છે.

जातीजातंत्रिकर्षंमरिचमपिपलंचार्द्धकर्षप्रमाणं
गंधंसूतंलवंगंविषमिदमखिलंचिंचिणीसस्यतोये ॥
पिष्टामाषैकमात्रावितरतिदहनंवन्हिमांद्येचसद्यो
रोगानशूलानिलादीनदहतिकृतगुणोवन्हिनामारसोयम् ४४

દોઢ તોલું જાવંત્રી, દોઢ તોલું જાયફળ, ચાર તોલાં મરી, અર્ધ તોલું ગંધક, અરધ તોલું પારો, અરધ તોલું લવીંગ અને અરધ તોલું વછનાગ એ સઘળાંઓને આંબલીના રસમાં ખરલની અંદર વાટી તેની અડદ જેવડી ગોળી કરવી. એ ગોળી યોગ્ય અનુપાનમાં એક સવારે અને એક સાંજે ખાવામાં આવે તો તેથી અગ્નિમાં મંદપણું મટીને તુરત પ્રદીપ્તપણું થાય છે અને શૂળ તથા વાયુ આદિ રોગો તુરત મટે છે. આ ગુણકારી રસનું નામ 'વન્હિરસ' છે.

કૃમિના ઉપાય. (विषय ६ ठो.)

खदिरकुटजनिंबोग्रात्रिवृद्व्योषपथ्या
मलकलिफलजोगोमूत्रसिद्धिःकषायः ॥
मुनिमितदिनपीतःसत्यमेतन्नमिथ्या
कृमिकुलशतकोटीर्बद्धमूलानिहंति ॥ ४५ ॥

ખેરસાર, ઇંદ્રિજવ, લીંબડાની છાલ, વજ, નસોતર, સુંઠ, મરી, પીપળ, હરડાં, બેહેડાં, અને આંમળાં એઓને અરધાં અરધાં કુટી ગોમૂત્રમાં કાઢો કરીને સાત દિવસ સુધી પીવામાં આવે તો તેથી પેટના હજારો કૃમિઓ દૃઢમૂલ છતાં પણ ટળી જાય છે. આ વાત સત્ય છે, ખોટી છેજ નહી.

येनमाक्षिकसंयुक्तंचूर्णंवैडंगजंयदि ॥
सेवितंतस्यजंतूनांभीतिर्नास्तिकदाचन ॥ ४६ ॥

જે માણસ વાવડીંગના ચૂર્ણનું મધની સાથે સેવન કરે તે માણસને કદી પણ પેટમાં જીવડાનો ભય થતો નથી.

પાંડુ[1] રોગના ઉપાય. (विषय ७ मो.)

पुनर्नवानिंबपटोलतिक्ताविश्वाभयादारुनिशामृतानाम् ॥
कषायकःपांडुगदंनिहंतिसश्वासकासोदरशूलशोथम् ॥४७॥

ધોળી સાટોડી, લીંબડાની છાલ, પરવળ, કડુ, સુંઠ, હરડે, દારૂ હળદર, અને ગળો એઓનો કવાથ પીવામાં આવે તો તેથી પાંડુરોગ, શ્વાસ, ઊધરસ, ઉદરનો રોગ, શૂળ અને સોજાનો નાશ થાય છે.

गैरिकामलरात्रीणामंजनंकामलापहम् ॥
तथागदितमाचार्यैस्तिक्ताचूर्णंसशर्करम् ॥ ४८ ॥

સોનાગેરૂ, આંમળાં અને હળદર એઓને ઉકાળીને તેનું અંજન આંખમાં આંજવામાં આવે તો તેથી કમળો મટે છે.

કડુનું ચૂર્ણ સાકરની સાથે ખાવામાં આવે તો પણ કમળો મટે છે એમ આચાર્યોએ કહ્યું છે.

મોહોડામાંથી અથવા નાકમાંથી લોહી પડતું હોય તેના ઉપાય. (विषय ८ मो.)

वृषपत्ररसःसिता मधुभ्यांसहितोलोहितपित्तमाशुहंति ॥
वृषगोस्तनिकाभयाश्रृतंतत्प्रतिवापश्वसनास्त्रकासनुद्वा॥४९

અરડૂસાનાં પાનડાનો રસ જો સાકર અને મધની સાથે પીવામાં આવે તો તેથી ઉપર કહેલું દરદ કે જેને ગ્રંથકારો રક્તપિત્ત કહે છે તે તુરત મટે છે.

---

૧ નેત્ર, મળ, મૂત્ર અને નખ પીળાં થઈ જાય અને તાવ, સોજા, હેબકા, શ્વાસ, ઊધરસ તથા અગ્નિનું મંદપણું થાય એ પાંડુરોગનાં સાધારણ લક્ષણો છે.

અરડૂસાનાં પાનડાં, કાળી ધ્રાખ અને હરડે એઓનો ક્વાથ કરી તેમાં પાછું તેજ ઔષધોનું ચૂર્ણ નાખીને પીવામાં આવે તો તેથી ઉપર કહેલું દરદ, શ્વાસ, તથા ઊધરસ દૂર થાય છે.

शर्करामधुसंयुक्तंछागदुग्धमथापिवा ॥
गव्यंपंचगुणेतोयेकथितंरक्तपित्तनुत् ॥ ५० ॥

જો બકરીનું દુધ સાકર અને મધની સાથે પીવામાં આવે તો તેથી અથવા ગાયના દુધને પાંચ ગણા પાણીમાં ઓટી એકલું દુધ રહે ત્યારે પીવામાં આવે તો તેથી ઉપર કહેલું દરદ મટે છે.

दाडिमीकुसुमतोयनावनंनासिकास्त्रमपहंतिसत्वरम् ॥
माषपिष्टकटुकूलभूतिकालेपनंचशिरसोहितावहम् ॥ ५१ ॥

દાડિમના ફૂલનો રસ કાહાડી તેનું નાકમાં ટીપું નાખવામાં આવે તો તેથી અથવા અડદનો લોટ અને રેશમી પીતાંબરની રાખ પાણીમાં કાલવીને માથાપર ચોપડવામાં આવે તો તેથી પણ ઉપર કહેલું દરદ દૂર થાય છે.

इतिश्रीअहंमदनगरस्थितमाणिकभट्टवैद्यात्मजमोरे
श्वरविरचितेवैद्यामृतेप्रथमाऽलंकारः ॥ १ ॥

ઇતિ શ્રી અહમદનગરના રેહેવાશી માણિકભટ્ટ નામના વૈદ્યના પુત્ર મોરેશ્વરે રચેલા વૈદ્યામૃતનો પહેલો અલંકાર સંપૂર્ણ.

અલંકાર બીજો.

ક્ષયના ઉપાય (विषय ९ मो.)

सितोपलावंशभवोपकुल्यात्रुटित्वचामाज्यमधुप्रयुक्तम् ॥
अंसात्तदूर्ध्वंद्विगुणंनिहंतिचूर्णंसमस्तान्क्षयजातरोगान् ॥ १ ॥

સોળ તોલાં ખડી સાકર, આઠ તોલાં વંશલોચન, ચાર તોલાં પીપળ, બે તોલા એળચીના દાણા, અને એક તોલું તજ એઓનું ચૂર્ણ કરી ઘી અને મધની સાથે ખાવામાં આવે તો તેથી ક્ષય સંબંધી સઘળા રોગ મટે છે. આ ચૂર્ણનું નામ 'સિતોપલાદિ' છે.

सश्वासकासानलमांद्यसुप्तजिव्हारुचिश्लेष्मकपार्श्वशूलान् ॥
ज्वरोर्ध्वरक्तांसकरांघ्रिदाहयुक्तान्यथापापगणान्मुरारिः॥२

જેમ વિષ્ણુ પાપોના સમૂહોનો નાશ કરે છે તેમ એ ચૂર્ણ શ્વાસ, ઉધરસ, અગ્નિનું મંદપણું, જીભનું બેહેરાપણું, અરૂચિ, સળીખમ, પડખાંનાં શૂળ, જ્વર, મોહોડાંની વાટે જતું લોહી, ખભાની બળતરા, હાથની બળતરા તથા પગની બળતરા એઓને મટાડે છે.

आयुर्यदास्याद्बलवन्नराणांसरक्तपित्तश्वसनक्षयाणाम् ॥३॥

જો લોકોનું આયુષ્ય બલવત્તર હોય તો એ ચૂર્ણ મોહોડામાંથી અથવા નાકમાંથી પડતું લોહી, શ્વાસ અને ક્ષય રોગનો પણ નાશ કરે છે.

नवनीतसितामधुप्रयुक्तोवरखोहेमभवः क्षयंक्षिणोति ॥
वितथःभमवेदयंप्रयोगोयदितन्मेशपथःसदाशिवस्य ॥ ४ ॥

માંખણ, ખડીસાકર અને મધ એઓની સાથે સોનાનો વરખ ખાવામાં આવે તો તેથી ક્ષયરોગનો નાશ થાય છે. હું સદાશિવના સોગન ખાઈને કહું છું કે આ પ્રયોગ કદી વ્યર્થ જનાર નથી.

रसंगंधंकंबोर्भसितमपिकापर्दभसितंमरीचंभूचंद्रांबु
धिरससहस्रांशुलविकम् ॥ रसांद्यंयंशंटंकंसकलमपिचू-
र्णीकृतमिदंक्रमाद्यावन्निष्कंघृतसहितमद्यात्क्षयहरम् ॥ ५ ॥

એક ભાગ પારો, એક ભાગ ગંધક, ચાર ભાગ શંખની ભસ્મ, છ ભાગ કોડીની ભસ્મ, બાર ભાગ મરી

અને ૫ા ભાગ ફુલવેલો ટંકણખાર એ સઘળાંઓનું ઝીણું ચૂર્ણ કરી નિત્ય ઘીની સાથે ચાર માસા સુધી ખાવામાં આવે તો તેથી ક્ષય રોગ મટે છે.

ઉધરસ અને શ્વાસનો ઉપાય

(विषय १० मो.)

भार्ङ्गीकट्फलकत्तृणांबुदधनांश्रृंग्युग्रगंधारजो
पथ्यानागरदेववृक्षजनिताबाल्हीकमध्वन्वितः ॥
क्राथोयंज्वरकासहाश्वसनहाश्लेष्मामयध्वंसितो
वक्रोत्थामयहागलग्रहहरोवातापहःकीर्तितः ॥६ ॥

ભારંગીનાં મૂળ, કાયફલ, રોહિસ નામનું ખડ, વાળો, ધાણા, કાકડાશીંગી, વચ, ખડસલીયો, હરડે, સુંઠ, અને દેવદાર એઓનો ક્વાથ કરી હીંગ તથા મધ નાખીને પીવામાં આવે તો તેથી તાવ, ઉધરસ, શ્વાસ, કફ સંબંધી રોગ, મોહોડાના રોગ, ગળાનું ઝલાઇ જવું અને વાયુ રોગ મટે છે.

यवक्षारकर्षोमरीचंद्विकर्षंद्विकर्षोपकुल्यापलंदाडिमस्य ॥
पलैर्वेदसंख्यैर्गुडोत्रप्रदेयोगुटीयंहठात्सर्वकासान्निहंति ॥७॥

એક તોલું જવખાર, બે તોલાં મરી, બે તોલાં પીપળ અને ચાર તોલાં દાડિમની છાલ એટલાં ઔષધોને સોળ તોળા ગોળમાં ભેળવી ગોળીઓ કરવી. એ ગોળી બલાત્કારથી સઘળા પ્રકારની ઉધરસોનો નાશ કરે છે.

अर्कप्रसूनांतरवह्निजानांगुटीसकासंश्वसनंनिहंति ॥
गुरोःसकशादिदमापितत्त्ववैद्येनमोरेश्वरसंज्ञकेन ॥ ८ ॥

આકડાનાં રવાઇડાં અને મરી એઓને એકઠાં વાટીને કરવામાં આવેલી ગોળી ઉધરસ સહિત શ્વાસનો નાશ કરે છે. આ તત્વ મોરેશ્વર વૈદ્યને શાસ્ત્રમાંથી નહી પણ ગુરૂની પાસેથી મળ્યું છે.

शरपुंखाजटाधूपदानात्कासःपलायते ॥
कांतावक्षोजसंस्पर्शाद्यमिनांनियमोयथा ॥ ९ ॥

જેમ સ્ત્રીના સ્તનનો સ્પર્શ થવાથી સન્યાસીઓનો નિયમ ભાગી જાય છે તેમ શરપંખાના મુળીઆનો ધુંવાડો પીવાથી ઊધરસ ભાગી જાય છે.

पंचांगकृष्णधत्तूरधूपात्कासःपलायते ॥
यवासाधूमपानेनकासोनश्यतितत्क्षणात् ॥ १० ॥

કાળા ધંતુરાનાં મૂળ, પાંનડાં, ફૂલ, ફળ તથા છાલ લઈ તેઓનો ધુમાડો પીવામાં આવે તો તેથી ઉધરસ મટી જાય છે. ધમાસાનો ધુમાડો પીવામાં આવે તો તેથી ઉધરસનો નાશ થાય છે.

अंत्रेणहीनंमरिचैःसगर्भंरंभाफलंतन्निशिसन्निधाय ॥
प्रातःसुभृष्टंमृदुपावकेऽद्यात्श्वासानच्छिनत्तीवतरून्कुठारः ११

કેળાની અંદરની નશ કાહાડી નાખી ગર્ભમાં મરી ભરી આખી રાત રાખી મેલી સવારમાં તે મરી સહિત કેળાને કુંણી કુંણી આંચમાં સારી પેઠે શેકીને ખાવામાં આવે તો જેમ કુવાડો ઝાડને કાપી નાખે છે તેમ તે કેળું શ્વાસના રોગને કાપી નાખે છે.

लाक्षिकामधुकपद्मकोषणापक्कबार्हतफलाज्यमाक्षिकैः ॥
लेहिकाक्षयजकासमाहरेत्कामिनीवदयितस्मरज्वरम् ॥१२॥

પીપળાની લાખ, જેઠીમધ, પદ્મક, પીપળ અને ભોરીંગણીના પાકેલા ડોડવા એઓનું ચૂર્ણ કરી ઘી અને મધની સાથે ચાટવામાં આવે તો જેમ સ્ત્રી પતિના કામદેવરૂપી જવરને મટાડે છે તેમ તે અવલેહ ક્ષયથી ઉત્પન્ન થએલી ઉધરસને મટાડે છે.

क्षुद्रासत्त्वंवाकषायंधनंवाभार्ङींशृंगीकट्फलंकारवीच ॥
व्योषंकुष्टंसैंधवंमुस्तयोस्तज्जीरेक्षारौदप्यिचित्राजमोदाः १३

सर्वतुल्यंचाष्टभागाभयास्याद्देयःसर्वैर्वेदभागोगुडोत्र ॥
पक्त्वावन्हौक्षौद्रयुक्तोवलीढःकासश्वासौदुर्धरौसर्वजातौ॥१४
अग्नेर्मांद्यंकामलांपांडुरोगंगुल्मंहिक्कांराजयक्ष्मज्वरौच ॥
अर्शःप्लीहानाहवातोर्ध्ववातान्हंतिक्षुद्रालेहएषःक्षणेन ॥१५॥

ભોરીંગણીનું સત્વ અથવા ભોરીંગણીનો કાઢો અથવા તે કાઢાનો ઘાટો ભાગ કરી તેમાં ભારંગીનાં મૂળ, કાકડાશીંગી, કાયફલ, બહુફળી, સુંઠ, મરી, પીપળ, કઠ, સીંધાલુણ, નાગરમોથ, અફીણના ડોડવા, જીરૂં, સાજીખાર, જવખાર, અજમા, ચિત્રો અને અજમોદ, એટલાં ઓષધો સરખે ભાગે નાખવાં અને આઠ ભાગ હરડે નાખવી. એઓનું ચૂર્ણ કરી સર્વથી ચોગણા ગોળનો પાક કરી તેમાં તે ચુર્ણ મિલાવી દઇને તેને મધની સાથે ચાટવામાં આવે તો તેથી તુરતજ સર્વ પ્રકારની મહાભયંકર ઉધરસ, સર્વ પ્રકારના ભયંકર શ્વાસ, અગ્નિનું મંદપણું, કમળો, પાંડુરોગ, ગોટો, હેડકી, ભારે ક્ષયરોગ, તાવ, અરશ, બરલનું દરદ, આફરો, વાયુ, અને ઉંચો ચાલતો વાયુ (ઓડકાર આદિનાં દરદ) એઓનો નાશ થાય છે.

सूतगंधचपलाहरीतकीभूतवासत्र्पर्विभयष्टिकाः ॥
भागतोथपररिव्टद्धिमागताबब्बुलक्कथिततोयमार्दिताः॥१६॥

એક ભાગ પારો, બે ભાગ ગંધક, ત્રણ ભાગ પીપળ, ચાર ભાગ હરડે, પાંચ ભાગ બેહેડાં છ ભાગ અરડૂસાનાં પાન અને સાત ભાગ ભારંગીનાં મૂલ એઓનું ઝીણું ચૂર્ણ કરી પારા અને ગંધકની કજલી થયા પછી એકઠાં કરી બાવળની છાલના ઉકાળેલા પાણીમાં વાટી તેની એક એક રતિ જેવડી ગોળીઓ કરવી. એ ગોળીઓ યોગ્ય અનુપાનથી ખાવામાં આવે તો તેથી ઉધરસ અને શ્વાસ મટે છે.

ताम्रंकृशानौसलिलेविधायनिर्वापयेल्लोणिरसेत्रिवारम् ॥
उपर्यधस्तस्यपटुप्रदत्वापुटंप्रदत्माचभवेत्सुभस्म् ॥ १७ ॥

कासातुरायश्वसनातुरायहितंतदेतन्मगधामधुभ्याम् ॥
यथातृषार्त्तायसुगंधशीतंचकोरनेत्राकरदत्तमंभः ॥ १८ ॥

સારૂં શુદ્ધ ત્રાંબુ લઇ અગ્નિમાં તપાવી તેને પાણીમાં ઠારી નાખવું. પછી તપાવી તપાવીને ત્રણ વાર લૂણીનાં રસમાં ભીજવવું. પછી ઉપર તથા નીચે પંચલવણનું ચૂર્ણ દઇ ગ[1]જપુટથી બાળવામાં આવે એટલે ત્રાંબાની સુંદર ભસ્મ થાય છે. જેમ તરશથી પીડાએલા પુરૂષને ચપલ નેત્રવાળી સ્ત્રીના હાથથી અપાએલું સુગંધી અને શીતળ જળ હિતકારી થાય છે તેમ એ ભસ્મ પીપળ અને મધની સાથે ખાવામાં આવે તો ઉધરસવાળાને તથા શ્વાસથી આ-તુર થએલાને હિતકારી થાય છે.

હેડકીનો ઉપાય (विषय ११ मो.)

हरेणुकापिप्पलिकाकषायोहिंग्वन्वितोपोहतिपंचहिक्काः ॥
नस्यंतथालक्तकसंभवंचस्तन्येनवापोहतिमाक्षिकाविट् ॥ १९

નગડનાં બીજ અને પીપળનો કવાથ કરી હીંગની સાથે પીવામાં આવે તો તેથી પાંચે પ્રકારની હેડકીઓ મટે છે. નાકમાં અળતાનું ટીપું નાખવામાં આવે અથવા મા-ખીની વિષ્ટાને સ્ત્રીના ધાવણમાં મેળવી તેનું ટીપું નાખવામાં આવે તોપણ હેડકી મટે છે.

અવાજ બેસી જવાના તથા અરૂચિના ઉપાય.

(विषय १२ मो.)

दुग्धप्रयुक्तामलकंनराणांनष्टस्वराणांसुस्वमातनोति ॥
यथामृगाक्षीसुरतंनराणांकंदर्पदर्पप्रतिपीडितानाम् ॥ २०

આમળાંના ચૂર્ણનો દુધની સાથે ઉપયોગ કરવામાં આવે તો જેમ કામદેવના બળથી પીડાએલા પુરૂષોને સ્ત્રીના

---

૧ એક ગજ આડો અને એક ગજ ઉભો ખાડો કરી તેમાં છાણાં ભરી સળગાવવામાં આવે તે ગજપુટ કેહેવાય છે.

સંભોગથી સુખ થાય છે તેમ જેઓનો અવાજ બેસી ગયો હોય તેઓને સુખ થાય છે.

सौवर्चलंगोस्तनिकामरीचमजाजिकाकारविकाम्लच्छदैः ॥
क्षौद्रंगुडंदाडिममित्युपायैःकरोतिविध्वंसमरोचकानाम्॥२१

સંચળ, કાળી ધ્રાખ, મરી, જીરૂં, સુવા, આંબલીના પાનડાં, મધ, ગોળ અને દાડિમ એ ઉપાયોથી અરૂચીનો નાશ થાય છે.

વમનના ઉપાય. (विषय १३ मो)

पथ्यामलक्षौद्रसिताश्वलाजाःपलोन्मिताःस्युःकुडवंजलस्य ॥
तद्वाससागालितमाशुपीतंछर्दित्रिदोषैर्जनितांनिहंति ॥ २२॥

ચાર તોલાં હરડે, ચાર તોલાં આમળાં, ચાર તોલાં મધ અને ચાર તોલાં ભુંજેલી સાળ એ ઔાષધોનું ચૂર્ણ કરી સોલ તોલાં ભારે પાણીમાં પેળવી વસ્ત્રથી ગાળી લઇને પીવામાં આવે તો ત્રણે દોષથી થતી ઉલટીનો તુરત નાશ થાય છે.

त्रिजातकव्योषलवंगजीरनागान्हयग्रंथिकचूर्णमेतत् ॥
मधुप्रयुक्तंसहसानिहंतिद्विष्टार्थजांछर्दिमपिप्रसक्ताम् ॥ २३॥

તજ, તમાલપત્ર, એળચી, સુંઠ, મરી, પીપળ, લવીંગ જીરૂં, નાગકેશર અને પીપળમૂળ એઓનું ચૂર્ણ કરી મધની સાથે પીવામાં આવે તો ખરાબ પદાર્થ જોવાથી કે તેનો ગંધ લેવાથી થતી ઉલટી તુરત મટે છે.

તરસના ઉપાય. (विपय १४ मो.)

अर्धाढकंरुचिरपर्युषितस्यदध्नः
खंडस्यषोडशपलानिशशिप्रभस्य ॥
सर्पिःपलंमधुपलंमरिचंद्विकर्षं
शुंठ्यापलार्द्धमपिचार्द्धपलंत्रुटेश्च ॥ २४ ॥

श्लक्ष्णेपटेललनयामृदुपाणिघृष्टे
कर्पुरधूलिसूरभीकृतचारुभांडे ॥
एषात्टकोदरकृतासुरसारसाला
सुस्वादिताभगवतामधूसुदनेन ॥ २५ ॥

આગલે દિવસે સારી રીતે જમાવેલું ચાકાં જેવું દહી એકસો અઠયાવીશ રૂપીઆ ભાર લેવું. ચંદ્રજેવી ઉજળી ખાડ ચોસઠ ભાર લેવી. ચાર રૂપીઆ ભાર ઘી, ચાર રૂપીઆ ભાર મધ, બે રૂપીઆભાર મરી, બે રૂપીઆભાર સુંઠ અને બે રૂપીઆભાર એલચીદાણા લેવા. એ સઘળા પદાર્થોને યોગ્ય રીતે ભેળા કરી ઝીણા કપડામાં નાખી, કપુરના ચૂર્ણથી સુગંધી કરેલા વાસણની અંદર સ્ત્રીએ કુણા કુણા હાથથી ગાળી લેવા એટલે તે શીખંડ થાય છે. આ શિખંડનું સેવન કરવાથી તરસની પીડા શાંત થાય છે. આવી રીતનું ઉત્તમ સ્વાદવાળું શિખંડ ભીમસેને કરયું હતું અને શ્રીકૃષ્ણ ભગવાન પ્રેમથી આરોગ્ય હતા.

મુર્છા તથા માથાની ચકરીના ઉપાય. (विषय १५ मो)

द्राक्षामृतानागरपुष्कराणांसग्रंथिकानांकथितंस कृष्णम् ॥ मदेषुमुर्च्छासहितंघृताढयंदुरालभायाःक्र थितंभ्रमेच ॥ २६ ॥

કાળી ધ્રાખ, ગળો, સુંઠ, એરડાનાં મૂળ, અને પીપળીમૂળ એઓને ક્વાથ કરી તેમાં પીપળનું ચૂર્ણ નાખીને પીવામાં આવે તો તેથી મૂર્છા અને મદ મટે છે. ધમાસાને ક્વાથ કરી તેમાં ઘી નાખીને પીવામાં આવે તો તેથી માથાની ચકરી મટે છે.

બળતરના ઉપાય. (विषय १६ मो.)

सहस्त्रधौताज्यविलेपनेनदाहःशमंगच्छतिशीघ्रमेव ॥
तथाहिमोधान्यसमुद्भवांतदाहंसतृष्णंससितंनिहंति ॥ २७ ॥

ગાયના ઘી ને હજારવાર પાણીમાં ધોઈ અંગ ઉપર ચોપડવામાં આવે તો તુરતજ દાહની શાંતી થાય છે. રાતે ધાણાને પાણીમાં ભીજવી રાખી સવારે ગાળી લઇ સાકરની સાથે પીવામાં આવે તો તેથી તરસ સહિત અંદરનો દાહ મટે છે.

વાઇનો ઉપાય (विषय १७ मो.)

भजेन्माक्षिकेणप्रयुक्तंवचाया
रचःक्षीरभक्ताशनोमानवोयः ॥
अपस्माररोगश्चिरोत्थोपिघोरः
शमंयातितस्याशुनात्रास्तिशंका ॥ २८ ॥

જે માણસ વજના ચૂર્ણનું ઘીની સાથે સેવન કરે અને કેવળ દુધભાતનુંજ પથ્ય કરે તેનો વાઇનો રોગ લાંબા દિવસથી થએલો અને મહા ભયંકર છતાં પણ તુરત શાંત થાય છે. એમાં કાંઇપણ શક નથી.

વાયુના દરદના ઉપાય. (विषय १८ मो.)

एषाकर्षमितावटीसुधीटताजीर्णेगुडेयुक्तितो
द्विघ्नंदीप्यतुषंपलद्वयमिताशुंठीतथातेजनी ॥
भक्ष्यैकानिरोगिणाघृतयुतापथ्याशिनातत्वतो
वातव्रातविनाशनेसुमतिभिःख्यातांभुजंगीपरा ॥ २९ ॥

બે તોલાં અજમાનાં ફોતરાં, આઠ તોલાં સુંઠ, અને આઠ તોલાં માલકાંકણી એઓનું ચૂર્ણ કરી તેની જુના ગોળમાં એક એક તોલાની સુંદર ગોળી વાળવી. જેને વાયુ સંબંધી રોગ થયો હોય તે માણસ સાધારણ પથ્ય રાખીને નિત્ય તે એક એક ગોળી ઘીની સાથે ખાય તો તેનાં વાયુ સંબંધી અનેક દરદો અવશ્ય મટે છે. વિદ્વાનો કહે છે કે જેમ મોટી નાગણી વાયુનો ભક્ષણ કરે છે તેમ એ ગોળી વાયુ સંબંધી દરદોનું ભક્ષણ કરે છે.

तेजोव्हाप्रस्थमेकंपयसिगजगुणेपाकयुक्त्याविपाच्यं
व्योषंपथ्यांशताव्हांक्रिमिरिपुमनलंग्रंथिकंचाजमोदं ॥
उग्रारुष्टाश्वगंधौसुरतरुममृतंपालिकानिप्रदद्यात्
सर्वान्वातान्वटीयंघृतमधुसहितानास्तिभावन्करोति ॥२०॥

એક શેર[1] માલકાંકણી લઇ તેનો આઠ શેર પાણીમાં ક્વાથ કરી અષ્ટમાંશ અવશેષ રહે ત્યારે તેમાં સુંઠ, મરી, પીપળ, હરડે, સુવા, વાવડીંગ, ચિત્રો, પીપળીમૂળ, અજમોદ, વજ, કઠ, આસોંદ, દેવદાર અને વછનાગ એ સઘળાં ઔષધો ચાર ચાર તોલાં નાખીને ગોળીઓ કરવી એ એક એક ગોળી ઘી અને મધની સાથે ખાવામાં આવે તો તેથી સઘળા પ્રકારના વાયુઓ મટે છે.

निर्गुंडीकारसात्प्रस्थंप्रस्थमार्कवजाद्रसात् ॥
रसाद्धत्तूरजात्प्रस्थंगोमूत्रंप्रस्थसंमितम् ॥ २१ ॥
वचाकुष्ठंहेमबीजंतेजोव्हाकट्फलंतथा ॥
पलार्द्धांशानिसर्वैस्तुवत्सनागःसमोमतः ॥ २२ ॥
तैलप्रस्थंपचेद्युक्त्यावातरोगेषुशस्यते ॥
हेमंतेहरिणाक्षीणांगाढमालिंगनंयथा ॥ २३ ॥

એક શેર નગડનો રસ, એક શેર ભાંગરાનો રસ, એક શેર ધંતુરાનો રસ, એક શેર ગોમૂત્ર, બે તોલાં વજ, બે તોલાં કઠ, બે તોલાં ધંતુરાનાં બીજ, બે તોલાં માલકાંકણી, બે તોલાં કાયફળ અને એ સઘળાં ઔષધો મળીને જેટલું વજન થાય તેટલો વછનાગ લઇ એ સર્વને એક શેર તેલમાં યુક્તિથી પકાવવાં એ તેલ અંગોપર ચોપડવાથી સઘલા પ્રકારના વાયુ સંબંધી રોગો મટે છે. જેમ શીયાળામાં સ્ત્રીઓનું ગાઢ આલિંગન હિતકારી છે તેમ આ તેલ વાયુનાં દરદો ઉપર હિતકારી છે. (આ પ્રકરણમાં શેર ચોસઠ રૂપીઆ ભારજ સમજવો.)

---

૧ ચોસઠ રૂપીઆભારનો સમજવો.

વાતરકત એટલે જેને હમણાં લોકો રકતપિત્ત કેહે છે તેના ઉપાયો. (विषय १९ मो.)

एरंडतैलेनगुडूचिकाया: क्काथोथवावर्द्धितापिप्पलीवा ॥
गुडेनपथ्याखिलवातरक्तंविनाशयेत्पथ्यायुतस्यपुंसः ॥३४॥

એરંડીયા તેલમાં ગળોનો કવાથ કરી પીવામાં આવે અથવા રોજે રોજ વધતી પીપળ ખાવામાં આવે અથવા હરડેનું ચૂર્ણ ગોળમાં કાલવીને ખાવામાં આવે તો પથ્ય કરનારા માણસનો સઘળો ઉપર કહેલો રોગ મટી જાય છે.

तालंरसंतुवरिकांनयनेंदुबाण
भागैर्विशुद्धवसुजातरसेविमर्द्ध ॥
दत्वाशरावयुगुलेप्रविधायमुद्रां
दद्याद्गजाव्हपुटमस्यभवेत्सुभस्म ॥ ३५ ॥
दृष्ट्वाकृतिंप्रकृतिमप्यखिलामवस्थां
दृष्टापुनश्चबहुधाबहुधाविचार्य ॥
दद्याच्चतंदुलमितांहरितालमात्रां
विद्यामयायतिवरादियमापियत्नात् ॥ ३६ ॥

બે ભાગ હરતાલ, એક ભાગ પારો અને પાંચ ભાગ ફટકડી એઓને એકઠાં કરી ધોળી સાટોડીના રસમાં ખરલ કરી સુકાઇ ગયા પછી તેને એક માટીના પાત્રમાં નાખી તેના પર બીજું માટીનું પાત્ર ઢાંકી તેઓના સાંધાને છાણા માટીથી લીપી લઈ ગજપુટ દેવો એટલે હરતાળની સુંદર ભસ્મ થાય છે. રોગીની આકૃતી, પ્રકૃતિ, તથા સઘળી સ્થિતિ જોઇ વારંવાર ઘણી રીતે વિચાર કરીને એ હરતાલની ભસ્મમાંથી ચોખા જેટલી માત્રા તે રોગીને દેવી આમ કરવાથી વાતરકતનો રોગ મટે છે આ વિદ્યા મેં પ્રયત્ન કરીને એક મોટા સંન્યાસીની પાસેથી મેળવી છે.

સાથળ ઝલાઇ ગયા હોય તેનો ઉપાય. (विषय २० मो)

भल्लातकुल्यामगधाजटानांकृतःकषायोमधुसंप्रयुक्तः ॥
ऊरुग्रहंघोरमपिप्रवृद्धंहंतिगोमूत्रयुताकणावा ॥ ३७ ॥

ભીલામા, પીપળ અને પીપળીમૂળ એઓનો ક્વાથ કરી મધની સાથે પીવામાં આવે તો સાથળ ઝલાવાનો રોગ બહુ વધીને ભયંકર થએલો છતાં પણ મટી જાય છે. ગોમૂત્રની સાથે પીપળનું ચૂર્ણ ખાવામાં આવે તો સાથળ ઝલાવાનો રોગ મટે છે.

આમવાતના[1] ઉપાય (विषय २१ मो.)

रास्नारग्वधदेवदारुऋतुभूच्छिनोद्भवागोक्षुरै-
रेरंडेनयुतैःकषायकवरोविश्वारजोमिश्रितः ॥
नानासंधिरुजान्वितंविजयतेघोरामवातामयं
स्वर्णांगीकुचपद्मकुड्मलरुचार्दिपोंधकारंयथा ॥३८॥

રાસ્ના, ગરમાળાનો ગોળ, દેવદાર, સાટોડી, ગળો, ગોખરૂ અને એરડાનાં મૂળ, એઓનો ક્વાથ કરી તેમાં સુંઠનું ચૂર્ણ નાખી પીવામાં આવે તો તેથી, જેમ સ્ત્રીના સ્તન કમળની પેઠે શોભતા દીવાથી અંધારૂં મટે છે તેમ અંગોમાં સાંધાઓની પીડાવાળો ભયંકર આમવાત મટે છે.

शरावनिहितंनिस्तृतंद्विघ्नवंगंमुहुर्मुहुः ॥
दत्वाग्निंसूर्ययामांतंनिवकाष्ठेनघट्टयेत् ॥ ३९ ॥
एवंभवेत्पीतवर्णारसराजस्यभूतिका ॥
यथानुपानंरोगेषुप्रदद्यात्भिषगुत्तमः ॥ ४० ॥
अर्जितंविविधोपायैर्जगमाद्भिषजन्मया ॥
इदंतत्वंमलब्धंतुपालनीयंचिकित्सकैः ॥ ४१ ॥

---

૧ અન્નનો રસ નહી પાકતાં કાચોને કાચો શરીરમાં વ્યાપ્ત થવાથી સઘળા ગાત્રમાં પીડા થાય અને ગાત્ર સજડ થઇ જાય તે આમવાત કેહેવાય છે. એ રોગમાં જ્વર, અરૂચિ, આલસ્ય અને જડપણું આદિ થાય છે.

એક ભાગ પારાને અને બે ભાગ કળથીને પાતળા કોડીઆમાં નાખી લીંબડાની સોટીથી વારંવાર ઘુંટવાં અને બાર પોહોર સુધી અગ્નિ દેવો. આ પ્રમાણે કરવાથી પારાની પીળા વર્ણવાળી ભસ્મ થાય છે. ઉત્તમ વૈદ્યે આ ભસ્મ રોગો ઉપર યોગ્ય અનુપાનની સાથે દેવી. આ ઔષધ મેં અનેક ઉપાયો કરી એક જંગમ વૈદ્ય પાસેથી મેળવ્યું છે માટે વૈદ્યોએ તેને પોતાના સંગ્રહમાં રાખવું.

શૂળના ઉપાય. (विषय २२ मो.)

तुरंगीपुरीषोदकंहिंगुयुक्तंमहाशूलहारिप्रदिष्टंभिषग्भिः ॥
यथाहिंगुविश्वाविडैर्वापितोसौकुलित्थोद्भवोवाकषायप्रदिष्टः

ઘોડીના લીંડાનો રસ કાહાડી હીંગની સાથે પીવામાં આવે તો તેથી શૂળ નામનો ભારે રોગ મટે છે એમ વૈદ્યો કેહે છે. તેમજ કળથીનો ક્વાથ કરી તેમાં હીંગ, સુંઠ અને બીડલૂણ નાખીને પીવામાં આવે તો તેથી શૂળ મટે છે.

विश्वावचाहिंगुमरीचजीराम‍ृतानलैर्मार्कवतोयपिष्टैः ॥
कृतावटीयंचणकप्रमाणशूलाग्निमांद्यानिलरोगहंत्री ॥ ४३ ॥

સુંઠ, વજ, હીંગ, જીરૂં, મરી, વછનાગ, અને ચિત્રો એટલાં ઔષધોને પ્રથમ લુગડાથી ચાળી ભાંગરાના રસમાં ખરલ કરીને તેની ચણ્યા જેવડી ગોળીઓ બનાવવી. આ ગોળી યોગ્ય અનુપાન સહિત નિત્ય એક એક ખાવામાં આવે તો તેથી શૂળ, અગ્નિનું મંદપણું અને વાયુ સંબંધી રોગો મટે છે.

चिंचावल्कलभूतिकामलमितातत्तुल्यभागःपटु
र्न्युहोर्नैंबुरसेनकल्कितमिदंशंखोपिभूत्वासमः ॥
यावद्धस्तविचुर्णितोभवतितंसंताप्यनिर्वापयेत्
पश्चाद्धिंगुमरीचनागरकणाःकर्षप्रमाणाःक्षिपेत् ॥ ४४ ॥

निष्कांशौविषगंधकौरसयुतौदत्वाविमर्द्यौतत्
कोलास्थिप्रमिताग्निमांद्यजनितान्रोगान्निहंतिक्षणात् ॥
शूलंसंग्रहणीमजीर्णमरुचिंसंपक्तिशूलंक्षयं
त्वेषाशंखवटीनिजोपकृतिभिर्विश्वंसदारक्षति ॥ ४५ ॥

આંબલીની છાલની રાખ ચાર તોલાં અને પંચલવણ ચાર તોલાં ભેળવી ખરલની અંદર લીંબુના રસમાં ભીજવી રાખવાં. પછી ચાર તોલાં શંખના કટકા લઇ હાથથી ઝીણો ભુક્કો થાય ત્યાં સુધી અગ્નિમાં તપાવી લીંબુના રસમાં તેઓને નાખી દેવા. તે પછી સર્વનું મર્દન કરી તેમાં હીંગ, મરી, સુંઠ અને પીપળ એક એક તોલું નાખવાં. તે પછી ત્રણ માસા વછનાગ, ત્રણ માસા ગંધક અને ત્રણ માસા પારો નાખીને ખરલમાં મર્દન કરવું. આ પ્રમાણે કરી બોરના ઠળીઆ જેવડી ગોળીઓ વાળવી. આ ગોળીઓનું સેવન કરવામાં આવે તો અગ્નિના મંદપણાથી થએલા રોગોનો તુરત નાશ થાય છે. શૂળ, સંગ્રહણી, અરૂચિ, આહારનું પાચન ન થવાથી નીકળતાં શૂળ અને ક્ષય એ રોગો પણ મટે છે. આ શંખવટી નામની ગોળી પોતાના ગુણોથી સર્વદા જગતનું રક્ષણ કરે છે.

ઉદા[1]વર્ત્તનો ઉપાય (विषय २२ मो.)

क्षारत्रयंलवणपंचकमग्निदीप्य
व्योषाभयाकृमिरिपुत्रिवृदुग्रगंधा ॥
चूर्णःस्नुहीजपयसाबहुधाविभाव्यो
दावर्तगुल्मजठरप्रभृतीन्निहंति ॥ ४६ ॥

સાજીખાર, જવખાર, પાપડીઓ ખારો, પંચ લવણ, ચિત્રક, અજમા, સુંઠ, મરી, પીપળ, હરડે, વાવડીંગ, નસો-

---

૧ ક્ષુધા, તૃષા, નિદ્રા, મળ અને મૂત્ર ઇત્યાદિકના વેગને રોકવાથી વાયુ ઊંચો ચડીને જે અનેક પ્રકારની પીડા કરે છે તે ઉદાવર્ત્ત કહેવાય છે.

તર, અને વજ એઓનું ચૂર્ણ કરી તેને થોરના છીરની ચાર પાંચ ભાવનાઓ દેવી. એ ચૂર્ણનો યોગ્ય અનુપાનથી ઉપયોગ કરવામાં આવે તો તેથી ઊદાવર્ત્ત, ગોટા, અને ઊદરના રોગ ઇત્યાદિ દરદોનો નાશ થાય છે.

ગોટા તથા બરલ આદિના ઉપાયો. (विषय २४ मो.)

यवक्षारोयवानीचसैंधवंचाम्लवेतसम् ॥
हरीतकीवचाहिंगुचूर्णमुष्णेनवारिणा ॥ ४७ ॥
सप्ताहाद्गुल्मनिचयंसशूलंसपरिग्रहं ॥
भिनत्तिनात्रसंदेहोवन्हेर्वृद्धिंकरोतिच ॥ ४८ ॥

જવખાર, અજમા, સીંધાલૂણ, અમ્લવેતસ નામનું લીંબુ, હરડે, વજ અને હીંગ એઓનું ચૂર્ણ કરી ઉના પાણીથી લેવામાં આવે તો સાત દિવસની અંદર વાયુના ગોટા, શૂળ અને તેથી સઘળા પેટનું વ્યાપ્ત થવું એ દરદોનો નાશ થાય છે અને અગ્નિની વૃદ્ધિ થાય છે એમાં કાંઇ સંદેહ નથી.

कंपिल्लत्रिवृतोःसमंस्नुहिपयःसर्वैःसमानोरसो
धात्र्याःसर्वसमानकंघृतमदस्तुल्यंपयःसैंधवम् ॥
स्वल्पांशंविपचेदिदंविकयतेकर्षप्रमाणंघृतं ॥
गुल्मान्शूलपरिग्रहादिसहितान्प्लीहोदरंकच्छपम् ॥४९

એક ભાગ કપીલો, એક ભાગ નસોતર, બે ભાગ થોરનું છીર, ચાર ભાગ આંમળાંનો રસ, આઠ ભાગ ઘી આઠ ભાગ મધ અને આઠ ભાગ દુધ એઓમાં છ માસા સીંધાલૂણ નાખીને તેઓને પકાવવાં પછી એ ઘી નિત્ય એક તોલા ભાર ખાવામાં આવે તો તેથી ગોટા, શૂળની પીડા બરલનું દરદ અને પેટ કાચબાની પીઠ જેવું થઇ ગયું હોય તે દરદ ઇત્યાદિનો નાશ થાય છે.

अर्कस्नुक्सातलाचिंचापलाशकदलीतिलाः ॥
अपामार्गोमुष्ककश्चकपर्दःशंखएवच ॥ ५० ॥

एतेषांभूतिजःक्षारः पारदःपटूपंचकम् ॥
पंचक्षाराःसमंसर्वंत्रिभागोगंधकःस्मृत ॥ ९१ ॥
भूरसाचैवसोराचकासीसन्नवसादरः ॥
एतच्चतुष्टयंसर्वैरोषधैस्तुल्यभागिकम् ॥ ९२ ॥
सर्वेषांकज्जलिंकृत्वानिंबुनीरेणमर्दयेत् ॥
प्रदद्यान्नलिकायंत्रेवह्नियामचतुष्टयम् ॥ ९३ ॥
दत्वाद्रवंतुगृण्हीयात्सूतिकाद्रवकारकम् ॥
एकवल्लंद्विवल्लंवादद्यान्नलिकयारसम् ॥ ९४ ॥
गुल्मार्शःप्लीहमुख्यानांरोगाणामंतकःपरम् ॥
शंखद्रवरसोह्येषःकृतकर्मानसंशयः ॥ ९५ ॥

આકડો, થોર, ભુંગળીઓ કંટારો, કેળનાં છોતરાં, આંબલી, ખાખરો, તલના લાકડાં, અઘેડો, જધરીયો ખાખરો, કોડી અને શંખ એઓની ભસ્મનો ક્ષાર કાહાડવો. પછી એ ક્ષાર, પારો, પંચલવણ, સાજીખાર, જવખાર, બાંગડખાર, પાપડીઓ ખારો તથા મીઠું એ સઘળા પદાર્થો એક એક તોલું લેવા. એઓમાં ત્રણ તોલાં ગંધક, છ તોલાં ફટકડી, છ તોલાં સુરોખાર, છ તોલાં હીરાકસી અને છ તોલાં નવસાર નાખી સઘળાંને ઝીણાં વાટી નાખી, તેઓને લીંબુના રસમાં ખૂબ ખરલ કરવાં. પછી એઓને નલિકાયંત્રમાં (રિટોર્ડમાં) નાખી ચાર પોહોર સુધી અગ્નિ દેવો. જેમાં નાખતાં કોડી પીગળી જાય એવો તેઓનો અરક નીકળે ત્યારે તે લઈને એક સીસામાં રાખવો અને તે જેને દેવો હોય તેને કાચની નળીથી દેવો. એક વાલ અથવા બે વાલ આ અરક પાણીની સાથે અથવા સુંઠનું ચૂર્ણ મિશ્રિત કરીને નિત્ય પીવામાં આવે તો તેથી ગોટો, અરશ, અને બરલ આદિ રોગોનો અત્યંત નાશ થાય છે. આ શંખદ્રવ નામનો રસ પોતાનું કામ અવશ્ય કરે છે એમાં સંશય નથી.

पिप्पलीसहितबीजपूरकंद्राक्निहंतिनवनीतसंयुतम् ॥
शूलहृत्क्षतयुतंहृदामयंविघ्नसंगमिवसाधुमंडलम् ॥ ५६॥

પીપળ તથા બીજોરાના ગર્ભને ભેળાં કરી માંખણની સાથે નિત્ય સેવવામાં આવે તો તેથી જેમ સજ્જનના સંગથી વિઘ્નના સંગનું નિવારણ થાય છે તેમ શૂળ, હૃદયના રોગ અને છાતીનો ક્ષત એ રોગોનું તુરત નિવારણ થાય છે.

इतिश्रीमदहंमदनगरस्थितमाणिकभट्टवैद्यात्मजमोरेश्वर विरचितेवैद्यामृतेद्वितीयालंकारः ॥ २ ॥

इतिश्री અહમદનગરના રેહેવાશી માણિકભટ્ટ વૈધના પુત્ર મોરેશ્વરે રચેલા વૈદ્યામૃતનો બીજો અલંકાર સંપૂર્ણ.

અલંકાર ત્રીજો.

મુત્રકૃચ્છ્રના ઉપાય. (विषय २९ मो.)

पाषाणभेदकृतमालकधन्वयास
पथ्यात्रिकंटककषायनिषेवणेन ॥
मध्वन्वितेनसहसाविरहंप्रयाति
रुक्दाहबंधसहितंकिलमूत्रकृच्छ्रम् ॥ १ ॥

પાષાણભેદ, ગરમાળાનો ગોળ, ધમાસો, હરડે અને ગોખરૂ એઓનો કાઢો કરી મધની સાથે નિત્ય પીવામાં આવે તો તેથી પીડા, બળતરા અને બંધ સહિત મૂત્રકૃચ્છ્ર તુરત મટી જાય છે.

दुग्धमाक्षिकयुतासखेयदासेवितातुतिलकोलभूतिका ॥
मूत्रघातजनितव्यथांतदादाहवत्यपिनृणांनतिष्ठति ॥ २॥

હે મિત્ર ! તલના લાકડાની રાખનું નિત્ય દુધ તથા મધની સાથે સેવન કરવામાં આવે તો તેથી લોકોને મૂત્ર રોકાઇ જવાની પીડા અને તેથી થતી બળતરા પણ રેહેતી નથી.

પાણવીના ઉપાય (विषय २६ मो.)

आकल्लगोक्षुरजटातुलसीशिलाभि
रेरंडमुलमगधामधुकैःप्रयुक्तः ॥
तक्राव्हमूलसुरसासुरपुष्पशुंठी
क्काथोनिहंतिवहुलाप्रतिवापितोयम् ॥ ३ ॥
सप्ताहमेवपिबतांनियमेनपुंसांघो
राश्मरीमतिरुजंसहशर्करांच ॥
आवीपयोमधुविमिश्रितमाशुतद्वत्
चूर्णत्रिवृत्कुटजबीजभवंवदंति ॥ ४ ॥

અક્લકરો, ગોખરૂનાં મૂળ, તુલસીનાં પાનડાં, પાષાણભેદ, એરડાનાં મૂળ, પીપળ, જેઠીમધ, કાંસડાનાં મૂળ, નગડ, લવીંગ અને સુંઠ એઓનો ક્વાથ કરી એળચીના દાણાનું ચૂર્ણ નાખીને સાત દિવસ સુધી નિયમસર પીવામાં આવે તો તેથી, ભારે પીડા કરનારી અને જેમાંથી વેકર જેવી કણીઓ પડતી હોય એવી ભયંકર પાણવી મટી જાય છે. તેમજ ગાડરનું દૂધ મધ સહિત પીવામાં આવે અથવા નસોતર અને ઇંદ્રજવનું ચુર્ણ દુધની સાથે કે ચોખાના ધોણની સાથે પીવામાં આવે તોપણ પાણવી તુરત મટે છે.

પ્રમેહ (પરમા) ના ઉપાય. (विषय २७ मो.)

धात्र्याःकषायंमधुरात्रियुक्तंवटांकुराणांसमधुंकषायम् ॥
पाषाणभेदंमधुमिश्रमेतत्त्रयंप्रमेहापहमामनंति ॥ ५ ॥

આમળાનો કાઢો કરી તેમાં મધ તથા હળદર નાખીને પીવામાં આવે અથવા વડના અંકુરોનો કાઢો કરી તેમાં

મધ નાખીને પીવામાં આવે અથવા પાષાણભેદનું ચૂર્ણ મધમાં કાળવીને ખાવામાં આવે તો તેથી પ્રમેહ મટી જાય એમ વૈદ્યશાસ્ત્રીઓ કહેછે.

त्रिकंटकानांक्वथितेष्टनिघ्नेपुरुंपचेत्पाकविधानयुक्त्या ॥
फलत्रिकव्योषपयोधराणांचूर्णंपुरेणप्रमितंप्रदद्यात् ॥ ६ ॥
वटीप्रमेहंप्रदरंचमूत्रघातंचकृच्छ्रंचतथाश्मरींच ॥
शुक्रस्यदोषंसकलांश्चवातान्निहंतिमेघानिववायुवेगः ॥७॥

ગોખરૂનો આઠ ગણા પાણીમાં કવાથ કરતાં અષ્ટમાંશ બાકી રહે ત્યારે તેમાં ગુગળ નાખીને તેનો યુક્તિથી પાક કરવો. પછી તેમાં ગુગળના પ્રમાણ જેટલું હરડાં, બેહેડાં, આંમળા, સુંઠ, મરી, પીપળ અને નાગરમોથનું ચૂર્ણ નાખી સુકાયા પછી તેની ગોળીઓ કરવી. જેમ વાયુના વેગથી વાદળાં દૂર થઇ જાયછે તેમ એ ગોળીથી પ્રમેહ, પ્રદર[1], મુત્રની રોકત, મૂત્રકૃચ્છ્ર, પાણવી, વીર્યના દોષ તથા સઘળા વાયુ દૂર થઇ જાય છે.

समानभागेशुचिताम्रवंगेतयोःसमानंलवणंप्रसिद्धम् ॥
शरावयोःस्थाप्यविधायमुद्रांददेत्पुटंतस्यगजाभिधेयं ॥८ ॥
ततोभवेद्भस्मविशेषसौम्यंयथानुपानंननुसेवनीयम् ।
समस्तमेहांतकमग्निदायिकासापहारिश्वसनापहारि ॥ ९ ॥
शुक्रस्यदार्ढ्यप्रविधानदक्षंप्रमत्तनारीसुखदानबीजम् ।
इदंहितत्वंजटिलस्यसेवांविधायवैद्येनमयाप्रलब्धम् ॥ १०॥

શુદ્ધ કરેલું ત્રાંબું તથા શુદ્ધ કરેલું કથીલ લઇ તેમાં તે જેટલુંજ મીઠું નાખવું. પછી તેઓને માટીના પાત્રમાં નાખી તે પાત્ર ઉપર બીજું માટીનું પાત્ર મુકી પાત્રોનું મોહોડું બંધ કરીને તેને ગજપુટ દેવો. આમ કરવાથી અત્યંત સુંદર ભસ્મ થાય છે. આ ભસ્મનું યોગ્ય અનુપાનથી સેવન કર-

---

૧ યોનિમાંથી પાણી ઝરયા કરતું હોય તે

વામાં આવે તો તેથી સર્વ પ્રકારના પ્રમેહ, ઉધરસ તથા શ્વાસ દૂર થાય છે, અગ્નિ પ્રદીપ્ત થાય છે, વીર્યની દૃઢતા થાય છે અને તેનો ઉપયોગ કરનાર પુરૂષથી મદોન્મત સ્ત્રીને પણ સુખ મળે છે. હું કે જે વૈદ્યપણું કરૂં છું તેણે કોઇ જટાધારી બાવાની સેવા કરીને આ તત્વ મેળવ્યું છે.

પુષ્ટિના ઉપાય (विषय २८ मो)

शतावरीनागबलात्मगुप्तेक्षुरश्वदंष्ट्रातिलमाषचूर्णम् ।
पय:सिताढ्यंनिशिवेनपेयंकांताशतंयस्यगृहेविभाति॥११॥

જેના ઘરમાં સો સ્ત્રીઓ હોય તેણે શતાવરી બલદાણા, કૌચાંનાં બીજ, એખરો, આસોંદ, તલ અને અડદનું ચૂર્ણ કરી રાતે દુધ અને સાકર ની સાથે પીવું એટલે સો સ્ત્રીઓને ભોગવવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

द्राक्षाचंदनकुष्ठकेसरतुगाक्षीरंचजातीफलं
कंकोलंचपुनर्नवामुशलयाधात्र्याश्वगंधान्वितम् ॥
एतेषांसमभागिकंसमसितंसर्पिर्युतंखादये-
द्धातुक्षैण्यबलक्षयाश्मरिरुज:पित्तास्रजंभ्रामकम् ॥ १२॥

ધ્રાખ, રતાંજલી, કઠ, કેસર, વંશલોચન, જાયફળ, મરીચકંકોલ, સાટોડી, ધોળી મુસલી, આમળાં અને આસોંદ-એઓનું સમ ભાગે ચૂર્ણ કરી સઘળા બરાબર સાકર નાખી-ઘીમાં કાલવીને ખાવામાં આવે તો તેથી ધાતુની ક્ષીણતા બળની ક્ષીણતા, પાણવી, પિત્ત, લોહીનાં દરદ અને ચકરી બંધ પડી જાય છે.

एलामांसिलवंगनागरकणामुस्ताहिमंधान्यकं
खर्जुरंचतमालपत्रमधुकोशीरद्वयंदाडिमम् ॥
हिक्काकामलपांडुरोगनिचयंमूत्रेचदाहोष्मतां
मेहान्विंशतिनाशयेच्चसततंप्रीतिप्रदंबृंहणम् ॥ १३॥

એળચી, જટામાંસી, લવીંગ, સુંઠ, પીપળ, નાગરમોથ ચંદન, ધાણા, ખારેક, તમાલપત્ર, જેઠીમધ, કાળો વાળો, ધોળોવાળો અને દાડિમની છાલ એઓનું ચૂર્ણ કરી યોગ્ય અનુપાનથી તેનું સેવન કરવામાં આવે તો તેથી હેડકી, કમળો, પાંડુરોગ, મૂત્રમાં બળતરા અને વીશે પ્રકારના પ્રમેહોનો નાશ થાય છે અને તે ઉપરાંત ધાતુની પુષ્ટિ થવાથી સર્વદા મનને આનંદ પ્રાપ્ત થાય છે.

मदांमंत्रितभास्कराहृतरवेःकार्पासवर्त्याकृत
स्यैरंडोद्भवतैलदीपितरुचेर्दीपस्ययावत्स्थितिः ॥
तावत्तेमनुजाःसुखेनसुरतंकुर्वंतुवृष्यैर्भृता;
कांताभिर्मदमत्तदंतिगतिभिःकामाधिकप्रौढिभिः ॥ १४ ॥

(આ શ્લોકનો અર્થ સભ્યતા રહિત તથા અતિશયોક્તિથી પૂર્ણ હોવાથી દાખલ કર્યો નથી.

દ્રાવણનો ઉપાય. (विषय २९ मो.)

रसेनसम्यक्मरहट्टिकायाघृष्टेनसूतेनसमाक्षिकेण ॥
विलिप्तलिंगोरमतेययासामदोद्धतापिद्रवतामुपैति ॥ १५ ॥

આ શ્લોકનો અર્થ પણ સભ્યતા રહિત છે માટે જેમને ઇચ્છા હોય તેમણે શાસ્ત્રી પાસેથી સમજી લેવો.

મેદ સંબંધી રોગનો [1]ઉપાય. (विषय ३० मो.)

व्योषाग्निमंथत्रिफलविडंगैःसमंपुरंयोभजतेमनुष्यः ॥
मेदोमरुत्श्लेष्मजघोररोगास्तस्याशुसर्वेविलयंप्रयांति॥१६॥

જે માણસ સુંઠ, મરી, પીપળ, અરણી, હરડાં, બેહેડાં આમળાં અને વાવડીંગ એઓમાં એ સઘળાં બરાબર શુદ્ધ કરેલો ગુગળ નાખી ત્રણ માસા વજનની ગોળીઓ બનાવીને ખાય તેના મેદ સંબંધી, વાયુ સંબંધી અને કફ સંબંધી સઘળા ભયંકર રોગો તુરત નાશ પામી જાય છે.

---

૧ શરીરમાં મેદ વધી જવાથી અશકિત આદિ થવું.

પેટના[1] રોગનો ઉપાય. (विषय२१ मो.)

चुर्णसखेलवणरामठयोःसमानं
गोमुत्रमिश्रितमिदंपिबतांनराणाम् ॥
नानाविधानिजठराणिलयंप्रयांति
गंगोदकंप्रणिबतामिवपातकानि ॥ १७ ॥

હે મીત્ર ! જેમાણસો મીઠું અને હીંગ સમભાગે લઇ તેઓનું ચૂર્ણ કરી ગૌમૂત્રની સાથે પીએ તે માણસોના અનેક પ્રકારના પેટ સંબંધી રોગો, જેમ ગંગાજળ પીવાથી પાપો ટળી જાય તેમ ટળી જાય છે.

પેટના સોજાનો ઉપાય. (विषय ३२ मो.)

पुनर्नवादारुमहौषधांबुगोमूत्रसिद्धंश्वयथुंनिहंति ॥
तथाकणाशुंठिगुडोत्थचूर्णशोफामशूलघ्नमजीर्णहारि॥१८ ॥
गवांक्षीरंवरामिश्रंशोफोदरविनाशनम् ॥
गोमुत्रेणसमायुक्तंमहिषीणांपयोथवा ॥ १९ ॥

ધોળીસાટોડી, દેવદાર અને સુંઠ એ ઐાષધોને કચરી ગોમુત્રમાં કાઢો કરીને પીવામાં અવે તો તેથી સોજો મટે છે. પીપળ તથા સુંઠના ચુર્ણને ગોળમાં કાલવીને ખાવામાં આવે તો તેથી સોજો, આમશૂલ તથા અજીર્ણ મટે છે. હરડાં, બેહેડાં તથા આમળાનું ચૂર્ણ ગાયના દુધમાં મેળવીને પીવામાં આવે તો તેથી પેટનો સોજો મટે છે. ભેંશના દુધમાં ગૌમૂત્ર ભેળવીને નિત્ય પીવામાં આવે તો તેથી પણ એ સોજો મટે છે.

વધરાલનો ઉપાય. (विषय ३३ मो.)

हरतिरबुकतैलंदुग्धयुक्तंनिपीतं
वृषणजनितपीडांनात्रशंकाविधेया ॥

---

[1] પેટની વૃદ્ધિ,અગ્નિનું મંદપણું વગેરે એ રોગના લક્ષણ છે.

यवतिलकृतुजन्मैरंडबीजैःसुखोष्णै
हरतिकृतविलेपःकांजिकेनप्रपिष्टैः ॥ २० ॥

એરંડીયું તેલ દુધની સાથે પીવામાં આવે તો તેથી વૃષણની પીડા મટે છે એમાં કાંઈ શક નથી. જવ, તલ, સાટોડી અને એરંડી એઓને કાંજીમાં વાટી ઊનાં કરી વૃષણ ઉપર ચોપડવામાં આવે તો તેથી પણ વધરાલ મટેછે.

ગંડમાલાના[1] ઉપાય. (विषय ३४ मो.)

सविश्वचुर्णस्यतुकांचनारत्वचःकषायस्यनिषेवणेन ॥
पलायतेसाकिलगंडमालायथामृगीव्याधविलोकनेन ॥२१॥

કંચનારની છાલનો કવાથ કરી તેમાં સુંઠનું ચૂર્ણ નાખી સેવન કરવામાં આવે તો, જેમ વાઘને જોવાથી હરણી ભાગે તેમ તેથી ગંડમાલા ભાગી જાય છે.

मूलंसितायागिरिकर्णिकायामूलंविशालाभवमुग्रगंधा ॥
गोमूत्रपिष्टत्रितयस्यलेपात्सोपद्रवागच्छतिगंडमाला ॥२२ ॥

ધોળી ગરણીનાં મૂળ, ઈંદ્રવારણાનાં મૂળ અને વજ એ ત્રણ ઔષધોને ગૌમૂત્રમાં વાટી ચોપડવામાં આવે તો તેથી ઉપદ્રવસહિત ગંડમાલા જતી રેહે છે.

શ્લીપદ (રાફા)નો ઉપાય. (विषय ३५ मो.-)

गोमूत्रेणनिशाचूर्णसगुडंयःपिबेत्सखे ॥
वर्षोत्थंश्लीपदंतस्यदद्रुकुष्ठंचनश्यति ॥ २३ ॥

હે મિત્ર ! જે માણસ હળદરના ચૂર્ણને અને ગોળને ગૌમૂત્રમાં કાળવીને પીએ તેનાં એક વર્ષનો રાફો, દાદર અને કોઢ મટી જાય છે.

વિદ્રધિ (અંદરનાં ગુમડાં)નો ઉપાય. (वियष ३६ मो.)

विद्रधौरुधिरमोक्षणंहितंपंचवल्कलघृतैश्चलेपनम् ॥
शिग्रुमूलजरजोंतरुत्थितेविद्रधौमधुयुतंप्रशस्यते ॥ २४ ॥

---

1 ગળા આદિ ભાગો ઉપર થએલા ગાંઠા.

શરીરના અંદરના ભાગમાં ગુમડું થયું હોય તો પ્રથમ લોહી કાહાડી નાખી તે ઉપર વડ, ઉંબરો, પીપળો પારશપીપળો અને જાંબુ એઓની છાલ વાટી ઘીમાં કાલવીને ચોપડવી એટલે તે મટી જાય છે. સરગવાના મૂળની અંતર છાલનો રસ કાહાડી મધની સાથે ચોપડવામાં આવે તોપણ તે ગુમડું મટે છે.

વ્રણ તથા ભાંગેલા ભાગના ઉપાય. (विषय २७ मो.)

पुरप्रयुक्तस्त्रिफलाकषायोहितोनराणांव्रणपीडितानाम् ॥
आभावचाव्योषसमःपुरस्तुभग्नस्यसंधानकरःप्रदिष्टः॥ २५ ॥

હરડાં, બેહેડાં અને આમળાંનો કવાથ કરી તેમાં ગુગળ નાખીને પીવામાં આવે તો તેથી વ્રણની પીડા મટે છે. બાવળની છાલ, હરડાં, બેહેડાં, આંમળાં, સુંઠ, મરી પીપળ અને તે સર્વ બરાબર ગુગળ એઓની ગોળી બનાવી અનુપાનસહિત ખાવામાં આવે તો તેથી ભાંગેલો ભાગ સંધાઈ જાય છે.

નાડીવ્રણ[1] અને ભગંદરના ઉપાય. (विषय २८ मो.)

फलत्रिकव्योषसमःपुरस्तुघृतेननाडीव्रणरोगहारी ॥
भगंदरेप्राकूरुधिरस्यमोक्षस्ततोव्रणोक्तोविधिरेषयुक्तः॥२६॥

હરડાં, બેહેડાં, આમળાં, સુંઠ, મરી, પીપળ અને એ સઘળાં બરાબર ગુગળ એઓને એકઠાં કરી ઘીની સાથે ખાવામાં આવે તો નાડીવ્રણ મટી જાય છે. ભગંદર થયું હોય તો પ્રથમ લોહી કાહાડી નાખી પછી તેના ઉપર, વ્રણની ચિકિત્સા કરવી એટલે ભગંદર મટી જાય છે.

ચાંદી અને લિંગ ઉપર પડીગએલા ચીરાના ઉપાય.
(विषय २९ मो.)

मोचारसंपूगविभूतिकांचकोलत्वचंनिमलशंखजीरम् ॥
पिष्ठोपदंशेखलुनिक्षिपेतत्र्यहेणरोगंसकलंनिहंति ॥ २७ ॥

---

૧ નાડી સુધી પહોંચેલો વ્રણ, કે જેથી નાળવું થઇ જાય છે.

મોચરસ, સોપારીની રાખ, બોરડીની છાલ અને ધોળું શંખજીરૂં એઓનું ચૂર્ણ કરી ચાંદી ઉપર ભરભરાવવામાં આવે તો તેથી ત્રણ દીવસમાં સઘળો રોગ ટળી જાયછે,

आदित्यमूलदरदाल्लकधूमदानात्
स्यातुंबिभेतिसकलाप्युपदंशपीडा ॥
श्वश्रूजनैर्बहुतरंपरिबोधितापि
लघ्वीयथाप्रियतमारमणेनरंतुम् ॥ २८ ॥

આકડાનાં મૂળ, હીંગળો અને અકલકરો એઓનો ધુમાડો પીવામાં આવે તો તેથી ચાંદી સંબંધી સઘળી પીડા મટી જાય છે. જેમ * * * તેમ ચાંદીની પીડા એ ધુમાડાની સામે ઉભવામાં બીએ છે.

हयमारजटालेपादुपदंशोविनश्यति ॥
शुकदोषेप्यसृङ्मोक्षोजलौकोभिःप्रशस्यते ॥ २९ ॥

કણેરનાં મૂળીઆનું લેપન કરવામાં આવે તો તેથી પણ ચાંદી મટે છે. લિંગ ઉપર ચીરા પડી ગયા હોય તો જળો લગાવીને લોહી કાહાડવું એટલે તે દરદ મટી જાય છે.

કોઢનો ઉપાય. (विषय ४० मो.)

पीत्वासदुग्धंशुचिगंधचुर्णंकुष्ठावलीचंचलतांबिभर्ति ॥
चकोरनेत्राकुचपद्मकोशंदृष्ट्वानराणामिवचित्तवृत्तिः ॥३० ॥

શુદ્ધ કરેલા ગંધકનું ચૂર્ણ દુધનીસાથે પીવામાં આવે તો તેથી અનેક પ્રકારના કોઢ ટળી જાય છે. જેમ સ્ત્રીના સ્તનરૂપી કમળકોશને જોવાથી કામી પુરૂષોની ચિત્તવૃત્તિ ચંચલ થઇ જાય છે તેમ ઉપર કહેલા ઔષધથી કોઢની પંક્તિ ચંચલ થઇ જાય છે.

गंधंसुतंशिलालौमरिचमपिनिशायुग्मासिंदूरतुत्था
दद्रुघ्नोबाकुचीतज्जरणयुगमिदंनिंबुतोयाज्यायुक्तम् ॥

लौहेलौहेनमर्द्यंप्रहरमितमथोहंतिमाहेश्वराख्यं
दद्रुंकंडूंचपामांहरइवपटलींसंस्मृतःपातकानाम् ॥ ३१ ॥

ગંધક, પારો, મણશીલ, હરતાલ, મરી, હળદર, દારૂ-હળદર, સિંદૂર, મોરથુથુ, કુવાડીઆનાં બીજ, બાવચી, જીરૂં અને કાલીજીરી એઓનું ચૂર્ણ કરી લીંબુના રસમાં ખરલ કરી ઘી નાખીને લોઢાના પાત્રમાં લોઢાના દસ્તાથી એક પોહોર સુધી તેનું મર્દન કરવું. પછી એ ઔષધ અંગપર ચોપડવામાં આવે તો, જેમ સદાશિવના સ્મરણથી પાપના ઓઘ ટળે છે તેમ તેથી દાદર, ખરજ અને ખસ ટળી જાય છે. આ રસનું નામ 'માહેશ્વર' છે.

मूलंसितायागिरिकर्णिकायाजलेनपिष्टाकुरुतेप्रलेपम् ॥
सुश्वेतकुष्टंकिलतस्यगंतुंमासात्प्रयत्नंकुरुतेनितांतम् ॥ ३२ ॥

ધોળી ગરણીનાં બીજ પાણીમાં વાટીને તેનો લેપ કરવામાં આવે તો એક મહીનાની અંદર માણસનો ધોળો કોઢ ટળી જાય છે.

ઉદર્દકોટનો[1] ઉપાય. (विषय ४१ मो.)

गुडेनदीप्यंभजतेनरोयःपथ्येनयुक्तःकिलसप्तरात्रम् ॥
उदर्दकोठोविलयंप्रयातिनरस्यतस्यापिनकापिशंका ॥ ३३

જે માણસ યોગ્ય રીતે પથ્ય પાળીને સાત રાત સુધી ગોળમાં ભેળવીને અજમા ખાય તે માણસનો ઉદ-ર્દકોટ નાશ પામી જાય છે એમાં કશી શંકા નથી.

અમ્લપિત્ત (ખાટી ઉલટી) નો ઉપાય. (विषय ४२ मो.

भूनिंबनिंबत्रिफलापटोलवासामृतापर्पटमार्कवाणाम् ॥
कषायकोमाक्षिकसंप्रयुक्तोनिहंतिसोपद्रवमाम्लपित्तम् ॥३४

કરીઆતું, લીંબડાની છાલ, હરડાં, બેહેડાં, આમળાં, પરવલ, અરડૂસો, ગળો, ખડસલીયો અને ભાંગરો

---

૧ મોટાં ઘ્રાંમઠાં.

એઓનો કવાથ કરી મધની સાથે પીવામાં આવે તો તેથી ઉપદ્રવો સહિત અમ્લપિત્ત મટે છે.

રતવાનો ઉપાય.(विषय. ४३ मो.)

पिचुमंदपटोलतोयदानांकथितंसप्तदिनंसखेपिबत्वम्॥
अलसंकुमात्रमंदबुद्धेयदितेसर्वविसर्पनाशनेच्छा ॥ ३५ ॥

હે મિત્ર ! લીંબડાની છાલ, કડવા પરવલ અને નાગરમોથ એઓનો કવાથ સાત દિવસ સુધી પીવામાં આવે તો તેથી રતવા જેવા સર્વ પ્રકારના રોગોનો નાશ થાય છે. માટે જો તારે એવા રોગોનો નાશ કરવાની ઇચ્છા હોય તો એ ઔષધ કરવામાં મૂર્ખતાથી આળસ કરીશ માં.

निशाद्वयंव्याघ्रिशिरीषमांसीयष्टीनतैलाजलचंदनाद्यैः ॥
दशांगलेपोज्वरशोफकुष्टविसर्पशुष्केंधनजातवेदाः ॥३६ ॥

આંબાહળદર, દારૂહળદર, ભોરીંગણી, સરસડીયો, જટામાંસી, જેઠીમધ, તગર, એળચીનાદાણા, વાળો અને ચંદન એઓનું ચુર્ણ કરી લેપન કરવામાં આવે તો તેથી તાવ, સોજા, કોઢ અને રતવાની જાતના રોગ મટે છે. આ દશાંગ નામનો લેપ ઉપર કહેલા રોગોરૂપી સુકાં લાકડાંઓમાં અગ્નિરૂપ છે.

વિસ્ફોટકનો ઉપાય. (विषय ४४ मो.)

कीर्त्तनंशीतलादेवीस्तोत्रमंत्रस्यत्कृतम् ॥
इदमेवौषधंमुख्यंविस्फोटकविनाशनम् ॥ ३७ ॥

શીતલાદેવીના સ્તોત્રરૂપ મંત્રનો જપ કરવો એજ વિસ્ફોટકનો નાશ કરવાનું મુખ્ય ઔષધ છે.

ઓરીનો ઉપાય. (विषय ४५ मो.)

पटोलतिक्तावृषनिंबमुस्ताछिन्नारजोयासकिरातकानाम् ॥
आमांमसूरींशमयेच्चपक्कांविशोधयेत्सत्यमयंकषायः ॥ ३८ ॥

પરવળ, કડુ, અરડુસો, લીંબડો, નાગરમોથ, ગળો ખડસલીયો, ધમાસો અને કરીયાતું એઓનો કવાથ પીવામાં આવે તો તેથી કાચી અને પાકી બન્ને પ્રકારની ઓરી અને તેની જાતના રોગ શાંત થાય છે. એમાં સંશય નથી.

ક્ષુદ્રરોગોના ઉપાય. (विषय ४६ मो.)

क्षुद्ररोगेषुसर्वेषुक्षुद्रोपायैश्चिकित्सनम् ॥
चिकित्सकाःप्रकुर्वंतुसुगमत्वादुपेक्षितम् ॥ ३९ ॥

વૈદ્યોએ સઘળા ક્ષુદ્રરોગોના ઉપાયો ક્ષુદ્રપ્રકારોથીજ કરવા જોઇએ. એ ઉપાયો સુગમ હોવાથી અહીં લખવાનું માંડી વાળીયે છીએ.

મોહોડાના રોગનો ઉપાય. (विषय ४७ मो.)

द्राक्षादार्वीयासपथ्यऽक्षधात्रीछिन्नाजातीपल्लवानांकषायः॥
क्षौद्रोद्रिक्तोहंतिगंडूषयुच्च्यापाकंवक्त्रांभोजसंस्थंमहांतम् ॥४०

કાળી ધ્રાખ, દારૂહલદર, ધમાસો, હરડે, બેહડાં, આંમળાં, ગળો, અને જુઇનાં પાનડાં એઓનો કવાથ કરી મધ નાખીને તેના કોગળા કરવામાં આવે તો તેથી ગમે તેવું મોહોડું પાકી ગયું હોય તે શાંત થાય છે.

ગળાના રોગનો ઉપાય. (विषय ४८ मो.)

पाठाविषादारुकलिंगमुस्तातिक्ताकषायंमधुसंप्रयुक्तम्॥
गोमुत्रसिद्धंमनुजाःपिबंतुगलोद्भवव्याधिषुसर्वजेषु ॥४१ ॥

કાળીપાડ, અતિવિષ, દારૂહળદર, ઇંદ્રજવ, નાગરમોથ અને કડુ એઓનો ગોમુત્રમાં કવાથ કરી મધ નાખીને પીવામાં આવે તો તેથી ગળાની અંદરના સઘળા પ્રકારના વ્યાધિઓ દૂર થાય છે

દાંતના રોગનો ઉપાય. (विषय ४९ मो.)

आढक्यादलमध्यगान्सुमतिमान्भल्लातकान्मृन्मये
पात्रेस्थाप्यविधायपावकमधःप्रज्वालयेदुक्तितः ॥
तद्भूत्यखिलदंतघर्षणमिदंकुर्वंतुलोकाःसदा
योगोयंकिलदंतरोगमदभृन्मत्तेभकंठीरवः ॥ ४२ ॥

માટીના પાત્રમાં તુવરની દાળ પાથરી તે ઉપર ભીલામાં મુકી નીચે અગ્નિ સળગાવી યુક્તિથી તેઓને શેકીને રાખ કરવી. એ રાખથી જો સઘળા દાંતોને નિત્ય ઘસવામાં આવે તો તેથી દાંત સંબંધી સઘળા રોગ મટે છે. જેમ સિંહ મદોન્મત્ત હાથીઓને તોડે છે તેમ આ ઉપાય દાંતના પ્રબલ રોગોને પણ તોડે છે.

કાનના રોગનો ઉપાય. (विषय ५० मो.)

पक्वोयस्मिन्वृश्चिकःप्राणहीनःकर्णेतैलंतत्सखेपूरयत्वम्
एतत्तैलस्पर्शमात्रेणसत्यंसद्योनाशंकर्णरोगाःप्रयांति ॥४३ ॥

હે મિત્ર ! જેમાં મરેલો વીછી પકાવેલો હોય એવું તેલ કાનમાં નાખવામાં આવે તો તેલનો સ્પર્શ થતાંજ કાનના સઘળા રોગો તુરત નાશ પામે છે.

નાકના રોગના ઉપાય. (विषय ५१ मो.)

विडंगयष्टीसुरदारुसिंधुकदुत्रिकैःसाधितमाशुतैलम् ॥
नासामयघ्नंकथितंमुनींद्रैःसखेत्वमेतत्कुरुशीघ्रमेव ॥ ४४ ॥

વાવડીંગ, જેઠીમધ, દેવદાર, સિંધાલૂણ, સુંઠ, મરી અને પીપળ એઓનું તેલ કરી નાકમાં ટીપું નાખવામાં આવે તો તેથી તુરત નાકના રોગ મટે છે એમ મુનિઓએ કહેલું છે માટે હે મિત્ર ! તું એ પ્રમાણે તુરતજ કરજે.

दाडिमीकुसुमतोयनावनमिस्यादि ॥ ४५ ॥

દાડિમના ફૂલનો રસ કાહાડી નાકમાં નાખવામાં આવે તો તેથી નાકમાંથી લોહી પડતું બંધ પડે છે. તેમજ

અડદનો લોટ અને પીતામરની રાખ પાણીમાં કાલવીને માથાપર ચોપડવામાં આવે તો તે પણ હિતકારી થાય છે.

નેત્રના રોગના ઉપાય. (विषय ५२ मो.)

शिग्रुपल्लवरसःसमाक्षिकोहंतिसर्वनयनामयांस्तथा ॥
द्वारिकांजनहरीतकीपटुदार्विकाभववलेपनंबहिः ॥ ४६ ॥

મધની સાથે સરગવાનાં પાનડાનો રસ નેત્રમાં નાખવામાં આવે તો તેથી નેત્રના સઘળા રોગ મટે છે. ગેરૂ, સુરમો, હરડે, સિંધાલૂણ અને દારૂહળદર પાણીમાં વાટીને તેનું નેત્રથી બાહાર લેપન કરવામાં આવે તો તેથી પણ નેત્રના રોગ ટળે છે.

पथ्याबिभीतधात्रीणांबीजैस्त्रिद्व्येकभागिकैः ॥
वर्तिर्नेत्रांजिताहंतिप्रकोपंदारुणंदृशोः ॥ ४७ ॥

ત્રણ ભાગ હરડે, બે ભાગ બેહેડાં અને એક ભાગ આમળાંનું ચૂર્ણ કરી તેની ગોળી નેત્રમાં આંજવામાં આવે તો આંખો બહુ દુખતી હોય તે પણ મટી જાય છે.

रसकंसैंधवंतुत्थंटंकणंकटुकत्रयम् ॥
मर्दयेन्निंबुनीरेणवटीछायावशोषिता ॥ ४८ ॥
अंजितामधुनानेत्रेनेत्ररोगविनाशिनी ॥
रूक्षत्वमर्बुदंपुष्पंदुर्मांसंतिमिरार्जुने ॥ ४९ ॥
पटलंनेत्रवातंचकाचबिंदूदकानिच ॥
अन्यानपिमहारोगान्नाशयेद्रसकेश्वरः ॥ ५० ॥

ખાપરીયો, સિંધાલૂણ, શેકેલું મોરથુથુ, ટંકણખાર, સુંઠ, મરી અને પીપળ એઓને લીંબુના રસમાં વાટી ગોળી કરવી અને તે ગોળી છાયામાં સુકાવવી. આ ગોળી મધમાં ઘસીને નેત્રમાં આંજવામાં આવે તો તેથી નેત્રના રોગ મટે છે. આ 'રસકેશ્વર' નામની ગોળી નેત્રના રૂક્ષપણાને, ઉફસેલપણાને, માંસ વધતું હોય તેને, ફુલાંને, તિમિરને, કાળા ડોળામાં ધોળાશ વધતી જતી હોય તેને,

પડળને, નેત્ર વાયુને, પાણી આડું આવી ગયું હોય તેને, પાણીનાં ટીપાં પડતાં હોય તેને અને બીજા પણ મોટા રોગોને મટાડે છે.

માથાના રોગના ઉપાય. (विषय ८३ मो.)

छिन्नाकिरातत्रिफलात्रियामातिक्ताकषायोगुडसंप्रयुक्तः ॥
शिरःशिरोर्द्धश्रवणाक्षिदंतभ्रुशंखशूलानिनिहंतिसद्यः॥८१॥
सुर्याधिवर्तद्विजपातशुक्रनक्तांध्यचक्षुःपटलानिचैव ॥
नस्यंतुगुंजाभवमूलकस्यार्शिरोर्द्धशूलेकिलरामबाणः ॥८२ ॥
एरंडमूलौषधशि ग्रुमूलपटोलपाठामयदद्रुनिघ्नैः ॥
धान्याम्लपिष्टैर्विहितःप्रलेपःसंपूर्णमूर्द्धामयकालरात्रिः॥८३॥

ગળો, કરીયાતું, હરડાં, બેહેડાં, આમળાં, હળદર અને કડુ એઓનો કવાથ કરી ગોળ નાખીને પીવામાં આવે તો તેથી માથાના શૂળ, આધાશીશી, કાનનાં શૂળ, નેત્રનાં શૂળ, દાંતનાં શૂળ, ભમરનાં શૂળ, ભમર તથા કાનના મધ્ય ભાગનાં શૂળ, શૂર્યાવત્ત,[1] દાંતનું પડવું, ફુલું, રાત અંધાપણું અને પડળ એઓનો તુરત નાશ થાય છે. ચણોઠીના ઝાડનાં મૂળ પાણીમાં ધસીને તેનું નાકમાં ટીપું નાખવું એ આધાશીશી ઉપર રામબાણ જેવો ઉપાય છે. એરંડાનાં મૂળ, સુંઠ, સરગવાનાં મૂળ, પરવલ, કાળીપાડ, કઠ અને કુવાડીઆનાં મૂળ, એઓને કાંજીમાં વાટી માથાપર ચોપડવામાં આવે તો તેથી માથાના સઘળા રોગ મટે છે. આ ઉપાય માથાના રોગોને કાલરાત્રિ સમાન છે.

इति अहंमदनगरस्थितमाणिकभट्टवैद्यपुत्रमोरेश्वरकृते वैद्यामृते तृतीयालंकारः ॥ ३ ॥

ઇતિશ્રી અહમદનગરના રેહેવાશી માણિકભટ્ટવૈદ્યના પુત્ર મોરેશ્વરે રચેલા વૈદ્યામૃતનો ત્રીજોઅલંકાર સંપૂર્ણ.

---

૧ બપોર સુધી માથું વધારે વધારે દુખે અને બપોર પછી તે દુઃખ ઓછું પડતું જાય એ રોગ.

અલંકાર ચોથો.

સ્ત્રીના રોગોનો ઉપાય. (विषय ५४ मो)

वृषदारुनिशाकिरातभल्लीरसजांभोधरबिल्वजःकषायः ॥
मधुनामधुरीकृतोनिहंतिविविधानिप्रदराणिकामिनीनाम्॥१

અરડુસાનાં પાનડાં, દારૂહળદર, કરીયાતું, ભીલામાં રસાંજન, નાગરમોથ અને બીલાં એઓનો ક્વાથ કરી મધથી મીઠો કરીને તે પીવામાં આવે તો સ્ત્રીઓના અનેક પ્રકારના પ્રદર રોગ મટી જાય છે.

दुग्धप्रयुक्ताखुपुरीषपानादसृग्दरंतिष्ठतिनैवसत्यम्
कंदर्परूपेपिनितांतषंढेकांतेयथामानसमंगनामाम् ॥ २ ॥

ઉંદરની લીંડીઓ દુધમાં ઘોળીને પીવામાં આવે તો તેથી જેમ * * * * * * તેમ સ્ત્રીઓનો પ્રદર રહેતો નથી એ સત્ય વાત છે.

विपुषाघृतसंयुतामृगाक्षीप्रदरंशूलयुतंनिराकरोति ॥
प्रथमेसुरतेयथानवोढाप्रियहस्तंबतनीविपुप्रयुक्तम् ॥३ ॥

જેમ * * * * * * તેમ ઘીની સાથે ખાવામાં આવેલું વીપુષાનું [1] ચૂર્ણ સ્ત્રીઓના શૂળવાળા પ્રદર રોગને દૂર કરી નાખે છે.

वंध्याःप्रियानैवसुखाययस्माद्ददामितासांक्रमपिप्रयोगम् ॥
पलाशबीजस्यमर्षीजलेनपीत्वासगर्भाललनाभवंति ॥ ४ ॥

(આ શ્લોકનો અર્થ વાંચનારા સજ્જનોને પસંદ ન પડે તેવો હોવાને લીધે દાખલ કરેલ નથી.)

पीत्वातंदुलतोयेनतंदुलीयजटांकृतो ॥
पतद्गर्भाचयानारीस्थिरगर्भाप्रजायते ॥ ५ ॥

---

૧ વિપુષા એટલે પલાશી એમ કેટલાએક વૈદ્યોનો મત છે.

જે સ્ત્રીનો ગર્ભ પડી જતો હોય તેણે તાંદળજાની ભાજીના મૂળને ચોખાના ધોણમાં વાટીને પીવું એટલે તેનો ગર્ભ સ્થિર રહેશે.

मनोरमायाःकिलगर्भवसारक्तंस्रवेच्चेद्बहुलंतुयस्याः ॥
पारावतीयंसहसापुरीषंतांपाययेत्तंदुलत्तोयमिश्रम् ॥ ६ ॥

જે ગર્ભવાળી સ્ત્રીને વારંવાર લોહી સ્રવતું હોય તેને જો તુરત પારેવાની ચરક ચોખાના ધોણમાં ઘોળીને પાવામાં આવે તો એ પીડા મટી જાય છે.

शर्करायवतिलैः समांशकैर्माक्षिकेणसहभक्षितंस्त्रियः ॥
नास्तिगर्भपतनोद्भवंभयंपापभीतिरिवतीर्थसेवनैः ॥ ७ ॥

સાકર, જવનો સાતુ અને તલ એઓને સમભાગે લઇ મધની સાથે ખાવામાં આવે તો, જેમ તીર્થના સેવનથી પાપનો ભય રહેતો નથી તેમ સ્ત્રીને ગર્ભ પડી જવાનો ભય રહેતો નથી.

वृषस्यमूलंयदिनाभियोनौप्रलेपितंस्त्रीझटितिप्रसूते ॥
तथाकटिस्थःकदलीसुकंदोवेगात्प्रसूतिंकुरुतेंगनानाम् ॥ ८ ॥

અરડૂસાના મૂળને વાટીને જો નાભી તથા યોનિ ઉપર ચોપડવામાં આવે તો સ્ત્રી તુરત જણે છે. તેમજ કેળના કંદને કેડમાં રાખવામાં આવે તો પણ સ્ત્રી તુરત જણે છે.

विडोपकुंचीवृषकोपकुल्यावचोषणग्रंथिकनागराणाम् ॥
कल्कःसुखोष्णेनजलेनपीत्तःशूलानियोनिप्रभसानिहंति ॥ ९ ॥

બીડલૂણ, બાબચી, અરડૂસાનાં મૂળ, પીપળ, વજ મરી, પીપળીમૂળ અને સુંઠ, એઓનો કલ્ક (ચટણી) કરી જરા ઉના પાણીથી પીવામાં આવે તો યોનિનાં શૂળ મટી જાય છે.

शुंठीरुबुकमूलाभ्यांप्रलेपोभगशूलनुत् ॥
तथासंकोचनंचूर्णंमृत्स्नामायफलोद्भवम् ॥ १० ॥

સુંઠ તથા એરંડાના મૂળ વાટીને યોની ઉપર ચોપડવામાં આવે તો યોનીનાં શૂળ મટે છે. * *

मृतप्रियाप्रोषितभर्तृकावासुखेनसर्वैःसुरतंकरोतु ॥
पश्चाद्भगेसैंधवदीप्यतैलैरगर्भदांपोटलिकांदधातु ॥ ११ ॥

(અસભ્યતાના ડરથી આ શ્લોકનો અર્થ
છાપવો દુરસ્ત ધાર્યો નથી.)

जातासगर्भैवयदातदासागर्भस्यपातंसहसाकरोतु ॥
सदुग्धहिंगुंसुफलाशबीजमर्षींप्रपीत्वाननुगोप्यमेतत् ॥ १२॥

આ શ્લોકનો અર્થ પણ અસભ્યતાના ડરથી
પ્રસિદ્ધ કર્યો નથી.

સ્તનના રોગનો ઉપાય. (विषय ५५ मो.)

इंद्रवारुणिकामूललेपोद्याप्तिकुचव्यथा ॥
तथाकुमारिकाकंदहरिद्रालेपनादपि ॥ १३ ॥

ઈંદ્રવારણાંનાં મૂળ પાણીમાં વાટીને સ્તન ઉપર ચોપડવામાં આવે તો સ્તનની પીડા શાંત થાય છે. કુંવારનો કંદ અને હળદર વાટીને ચોપડવામાં આવે તો તેથી પણ સ્તનની પીડા દુર થાય છે.

विदारकाकंदरसःसदुग्धःशतावरीवाकुरुतेगनानाम् ॥
सदुग्धभक्ताशनतत्पराणांपयोधरौप्राज्यपयःसमुद्रौ ॥१४ ॥

વિદારીકંદનો રસ દુધની સાથે પીવામાં આવે અથવા શતાવરીનું ચૂર્ણ દુધમાં નાખીને પીવામાં આવે અને દુધભાતનું પથ્ય કરવામાં આવે તો સ્ત્રીઓના સ્તનમાં દુધની બહુ વૃદ્ધિ થાય છે.

બાળકના રોગનો ઉપાય (विषय ५६ मो)

बालकंधातकीरोध्रंबिल्वंचगजपिप्पली ॥
मधुमिस्त्रौक्काथलेहौबालातीसारनाशनौ ॥ १५ ॥

વાળો, ધાવણીનાં ફુલ, લોદર, બીલું અને ગજપી-પળ એઓનો કવાથ અથવા ચૂર્ણ કરી મધ નાખીને બાળકને દેવામાં આવે તો તેથી બાળકનો પાણી જેવો ઝાડો બંધ પડે છે.

कृष्णारुणाश्रृंगिपयोधराणांसचूर्णितंमाक्षिकसंप्रयुक्तम् ॥
शिशोर्ज्वरछर्द्यतिसारकासश्वासघ्नमेतत्समुदाहरंति ॥१६ ॥

પીપળ, મજીઠ, કાકડાશીંગી અને નાગરમોથ એઓનું ચૂર્ણ કરી મધમાં કાલવીને ખવરાવવામાં આવે તો તેથી બાળકના જ્વર, ઉલટી અતિસાર, ઉધરસ અને શ્વાસ મટે એમ વૈદ્ય લોકો કેહે છે.

ઝેરના ઉપાય (विषय ५७ मो)

तुत्थगंधरसरात्रिटंकणैर्वेणितोयपरिमर्दयेद्दृढे ॥
हंत्ययंविषहरोनरांबुनास्थावरंतदनुजंगमंविषम् ॥ १७ ॥

મોરથુથુ, ગંધક, પારો, હળદર અને ફુલવેલો ટંકણખાર એઓને ખરલમાં વાટી કુકડવેલના રસની ખુબ ભાવના દઇ જાર જેવડી ગોળીઓ કરી રાખવી. એ ગોળી માણસના મુત્રમાં ચોળીને ખવરાવવામાં આવે તો તેથી સોમલ તથા અફીણ આદિ સ્થાવર ઝેર અને સર્પ આદિ જંગમનું ઝેર પણ અવશ્ય મટે છે.

વિરેચન (विषय ५८ मो.)

हिंगूलटंकणवरात्रिकटूग्रगंधा
वाल्कीकदीप्ययुगसैंधववेल्लदंत्याः ॥
सर्वैःसमोनिगदितोजयपालभागः
सर्वंतुनिंबुसलिलेनविमर्द्यमेतत् ॥ १८ ॥
गुंजाप्रमाणवटिकोष्णजलेनगुल्म-
पांडुक्षयश्वसनकासबलासमेहान् ॥
आध्मानशूलगुदजोदरवन्हिमांद्य-
विष्टंभकुष्टकृमिरुक्प्रभृतीन्निहंति ॥ १९ ॥

હિંગળો, શેકેલો ટંકણખાર, હરડાં, બેહેડાં, આમળાં સુંઠ, મરી, પીપળ, વજ, હિંગ, અજમા, અજમોદ, સિંધાલુણ, વાવડીંગ, નેપાળાનાં મૂળ અને તે સર્વ બરાબર નેપાળો[1] લઇ એઓને લિંબુના રસમાં વાટીને ચણોઠી જેવડી ગોળીઓ કરવી. એ ગોળી જો ઉના પાણીની સાથે ખાવામાં આવે તો તેથી ગોટો, પાંડુરોગ, ક્ષય, શ્વાસ, ઉધરસ, કફ, પ્રમેહ, આફરો, શૂળ, ગુદના રોગ, અગ્નિની મંદતા, દસ્તની કબજીયત, કોઢ અને કૃમિનો રોગ ઇત્યાદિ મટી જાય છે.

ઉપસંહાર

मोरेश्वरेणभिषजानगरस्थितेन
वैद्यामृतंकृतमिदंबहुधाविचार्य ॥
वैद्यास्तएवकृपयापरिपालयंतु
सम्यक्सनातनविचारविशारदाये ॥ २० ॥

અહમદનગરના રેહેવાશી મોરેશ્વર વૈદ્યે બહુ બહુ વિચાર કરીને આ વૈદ્યામૃત નામનો ગ્રંથ રચ્યો છે માટે જુના વિચારોમાં ચતુરતા ધરાવનારા વૈદ્ય લોકોએ કૃપા કરી આ ગ્રંથનો સંગ્રહ કરવો.

अनुभवात्कतिचित्कतिचिद्गुरोः
कतिचशास्त्रभवान्नवमार्जिताः ॥
इहमयाभिषजांहितमिच्छता
निगदिताःशुचियोगगणाइमे ॥ २१ ॥

મેં વૈદ્ય લોકોનું હિત કરવાની ઇચ્છા રાખી આ ગ્રંથમાં પવિત્ર યોગના સમૂહ જેવા કેટલાએક ઉપાયો અનુભવથી લખ્યા છે, કેટલાએક ગુરૂની પરંપરા પ્રમાણે લખ્યા છે અને કેટલાએક શાસ્ત્ર ઉપરથી લખ્યા છે.

---

૧ નેપાળાને ભેંસના છાણમાં પ્રથમ શુદ્ધ કરી લેવો જોઇએ.

भ्रमादशुद्धंगदितंयदिस्याद्दो-
षोनकश्चिन्ममभावनीयः ॥
भूलोकजन्माखिललोकधर्मे-
भ्रांतेःपरंदूषणमेतदस्तु ॥ २२ ॥

જો કાંઇ ભ્રાંતિને લીધે મારાથી અશુદ્ધ લખાઇ ગયું હોય તો તેમાં કોઇ રીતે મારો દોષ નહી ગણવો પણ પૃથ્વી પર જન્મેલા સર્વ લોકોમાં ભ્રાંતિ નામનો જે એક ધર્મજ રહ્યો છે તેનોજ એ દોષ ગણવો.

भोभोवैद्यसुताःशृणुध्वमधुनासौभाग्यदंकीर्तिदं
पापक्षालनमंत्रतंत्रविहितंमान्यंमदीयंवचः ॥
यूयंसन्मनसाचिकित्सितविधौहित्वाकुराशांपरां
शंभोविश्वपतेत्वर्पणमिदंभूयादितिध्यायत ॥ २३ ॥

હે વૈદ્યોના પુત્રો ! હવે એક મારૂં માનવા યોગ્ય, સૌભાગ્ય આપનાર કીર્ત્તિ આપનાર અને પાપોનો નાશ કરવામાં મંત્ર તંત્ર જેવું વચન સાંભળો કે તમો મનમાં પ્રૌઢપણું રાખી વૈદ્યપણું કરતાં તમામ નીચ આશા છોડી દઇને "હે શંભો ! હે વિશ્વનાથ ! આ સઘળું આપને અર્પણ હોજો" એમજ ચિંતન કર્યા કરજો.

हुताशनाकाशरसेंदुयुक्तेसंवत्सरेदुर्मतिनामभाजि ॥
वैद्यामृतंनामदधानएषग्रंथःस्मरारेःकृपयासमाप ॥ २४ ॥

આ વૈદ્યામૃત નામનો ગ્રંથ શાકે ૧૬૦૩ દુર્મતિ નામના સંવત્સરમાં સદાશિવની કૃપાથી સમાપ્ત થયો છે.

॥ इति श्रीमदहंमदनगरस्थितमाणिकभट्टात्मजमोरेश्वरविरचितेवैद्यामृतेचतुर्थोऽलंकारःसमाप्तिमगमत् ॥ छ ॥ ॥ छ ॥

ઇતિ શ્રી અહમદનગરના રેહેવાશી માણકભટ્ટ વૈદ્યના પુત્ર મોરેશ્વરે રચેલા વૈદ્યામૃતનો ચોથો અલંકાર સંપૂર્ણ.

વૈદ્યામૃતનું ગુજરાતી ભાષાંતર સમાપ્ત.

વ્યાધિ રોધ વિદ્યા.

બનાવનાર

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

જામનગર

આવૃત્તિ ચોથી.

મુંબઈ

ફોર્ટ પ્રીંટીંગ પ્રેસમાં

સેમ્યુએલ હાઈગ પ્રીંટરે છાપ્યું છે.

સંવત ૧૯૪૫—સને ૧૮૮૯.

પ્રસ્તાવના.

હમણાં આપણી આર્યપ્રજા શાસ્ત્રમાં બતાવેલા શરીર સંરક્ષણના નિયમોને વિસારી મૂકી સ્વચ્છંદપણે વરતે છે તેથી પ્રજાનો ઘણો ભાગ નબળા બાંધાનો રોગથી પીડિત અને અવ્યસ્થિત આચારવાળો જોવામાં આવે છે; તેટલામાટે શરીર સાચવવાના નિયમોનું જ્ઞાન થાય ને તે પ્રમાણે વરતી આપણી આર્યપ્રજા પ્રાચિન શૌર્ય, બળ તથાં નીતિ પુનઃપ્રાપ્ત કરે એવા હેતુથી પ્રતિદિન પાઠ કરવા જેવું આ નાનું પુસ્તક બહાર પાડયું છે.

ધાતુ અને રસાયણ પ્રયોગથી ઔષધો બનાવવાં એ કામ કઠણ છે, અને તે હુશીઆર વૈદ્યશાસ્ત્રીઓથીજ માત્ર બની શકે છે. પણ નાના ગામડામાં સારા વૈદ્યની સહાયતા મળી શકતી નથી અને લોકોને ઘણી મુસીબત વેઠવી પડે છે તેથી ગામડાના સાધારણ લોકો પણ ગાંધીને ત્યાંથી મળતાં ઓસડીઆંથી દવા હાથે બનાવી દરદ શાંત કરવાને શક્તિમાન થાય એવા હેતુથી આ નાનાં પુસ્તકની અંદર ઘણાં સાધારણ પણ ચમત્કારિ ઔષધો દાખલ કરવામાં આવેલ છે. આ પુસ્તકની અંદર જે જે નિયમો તથા ઔષધો દાખલ કરવામાં આવેલ છે તે સઘળા આપણા પ્રાચિન વૈદ્યક ગ્રંથો તથા અંગ્રેજી વૈદ્યક ગ્રંથોના આધારથી દાખલ કરવામાં આવ્યાં છે.

કર્ત્તા.

વ્યાધિ રોધ વિદ્યા.

શરીર અને જીવ એ બન્નેનો સંબંધ એ જીવન, અને જીવન તથા કાળ એ બન્નેનું એકત્વ એ આયુષ્ય એ આયુષ્યને વૃદ્ધિ તથા નાશ કરનારા પદાર્થ, ગુણ અને કર્મ એઓનું યથાસ્થિત જ્ઞાન મેળવી તે પદાર્થ, ગુણ અને કર્મના સેવન તથા ત્યાગથી નિરોગી થઇ લાંબું આયુષ્ય પ્રાપ્ત કરવું એજ મનુષ્ય માત્રનું કર્ત્તવ્ય કર્મ છે; કારણ કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ સંપાદન કરવાને આયુષ્યની જરૂર છે. ઘણાં મનુષ્યો એમજ માને છે કે આયુષ્યમાં વધારો અથવા ઘટાડો કરવા કોઇ સમર્થ નથી, પણ આ વિષય ઉપર જરા બારીકીથી વિચાર કરતાં એમ નિઃસંદેહ જણાય છે કે જો શરીરને બરોબર સાચવવામાં આવે તો તે વધારે વખત ટકે. તત્વવેત્તાઓ પદાર્થના ૭ ધર્મ કહે છે. (હયાતીમાં છે, જન્મ પામે છે, વૃદ્ધિ પામે છે, ફેરફાર થાય છે, ક્ષીણ થાય છે અને નાશ પામે છે.) જોકે ૭ ધર્મમાંથી કોઇપણ પદાર્થ બહાર નથી પણ એટલું તો સિદ્ધ છે કે જો કોઇપણ પદાર્થ વધારે સંભાળથી સચવાય તો તે વધારે વખત ટકે. ત્યારે આ દેહ જેવો અમૂલ્ય પદાર્થ વધારે ટકાવવાને આપણે યત્ન ન કરીએ એ કેવી ગાંડાઇ !

પરમકૃપાળુ ઇશ્વરની ઇચ્છા પણ આપણું શરીર લાંબો વખત ટકે અને આપણે દીર્ઘાયુવાળા થઇએ એવીજ છે. અને જો એમ ન હતે તો આપણા જન્મને વખત આપણી માતાઓના સ્તનમાં દૂધ શા માટે પેદા કરે? વળી આપણુને માટે સઘળાં સુખનાં સાધનો પેદા કરવાની તેને શી જરૂર હતી? આપણા જન્મ પહેલાં આપણા સુખને માટે ગર્ભાશયની પણ કેવી સુંદર રચના કરી છે! લોકોના માનવા પ્રમાણે ગર્ભની અંદર બાળકને ઘણું દુઃખ વેઠવું પડે છે, પરંતુ વૈદ્યવિદ્યાને જાણનાર કબુલ કરશે કે ગર્ભાશયની રચના કેવા

પ્રકારની છે. કોઇ એક શેઠઆના બંગલા પાસે ગલીચી હોય તેથી શું તેનો આખો બંગલો ગલીચીમયજ સમજવો ? પણ જરા આગળ જઇને તપાસીએ તો તેની અંદર સુંદર બાગ બગીચાઓ તથા શણગારેલાં દિવાનખાનાંઓ હોય છે. તેમજ ગર્ભાશયના નજીકના ભાગો મળમૂત્રવાળા હોય તેથી શું ગર્ભાશય પણ તેવોજ હોવો જોઇએ ? ના.

ગર્ભાશયની અંદર એક બારીક રબ્બર જેવું ચામડીનું પડ બાળકને સુવા માટે હોય છે. બાળક ગર્ભમાં હોય તે વખતે માતાની ભૂલથી બાળકને કાંઇ હરકત ન પડે તેટલા માટે તે પડ નીચે પાણી ભરેલું હોય છે, જે કમાનનું કામ કરે છે; તેથી બાળકને કોઇ પણ જાતનો થડકો લાગતો નથી. આ સઘળું સુખ શું બાળકના બચાવને માટે કે તેને મારી નાખવા માટે ? ભાઇઓ ! જરા વિચાર કરો કે શરીરને કોઇ પણ જાતનું દુઃખ દેવું અને કેવળ પ્રારબ્ધ ઉપર હાથ દઇ બેસી રહેવું એજ પાપ છે. સઘળા સુખનું સાધન તથા સઘળા પુરૂષાર્થ સંપાદન કરવાને હથીઆર શરીરજ છે, અને તે જો સ્વસ્થ ન હોય તો કંઈ પણ બની શકશેજ નહિં. જો કે કોઈ ગાંડો માણસ પથ્થર ફેંકતો હોય અથવા તો કોઇ ભયંકર પ્રાણી જતું હોય તે ભયના પંજામાં ફસાતાં બચાવને માટે નિઃસંદેહ એક તમામ કમબુદ્ધિનો માણસ બલકે પશ્વાદિમાનું કોઈ પણ પ્રયાસ કરવાને ચૂકતું નથીજ. અને એમ છે ત્યારે શરીરની સાચવણ તો સહજ થાય છે. છતાં આ વિષે બોલવાને શી જરૂર છે, એ એક સાધારણ સવાલ ઉઠશે. જોકે ગ્રંથકર્ત્તાઓએ તો ખરા કારણોને લઇનેજ કહેલું હશે, કેમકે ઉપર જે સવાલ કરવાનું કારણ આપણ જેવા સામાન્ય અને સાધારણ બુદ્ધિના માણસને પણ સહજ સમજવામાં આવે છે, તો મહદ્વિજ્જનો એવી મોટી ભૂલ કરે એ તો દેખીતુંજ અક્કલથી ઉલટું છે, તથાપિ કેટલાંએક કારણે જે ખરાં કારણોને લીધે વિદ્વાનોએ વિવેચનમાં જણાવેલું છે તે કારણો ઢંકાઈ જવાથી શરીર સાચવવાનો ત્યાગ અથવા તો ઉપેક્ષાજ માત્ર દેખવામાં નજીક રહેલી છે, અને તેથીજ કરીને ભાઈઓ, આપ કબુલ કરશો કે શરીર સાચવવાની આવશ્યકતા વિષે ખસુસ કરીને બોલવું જરૂરનું છે. વેદાંતીની ઉપેક્ષા, જૈનમતવાદી તથા તપેક્ષીઓનું દમવું વિગેરે સર્વ શાને માટે છે એમ તેઓનેજ પૂછીએ અથવા તો

પોતાની મેળે વિચારીએ તોપણુ નિ:સંદેહ, નિર્વીવાદ અને સિદ્ધાંત પૂર્વક માલમ પડશે કે સર્વનું ફળ એ છે કે એમ કરવાથી ઈશ્વર ઘણાજ પ્રસન્ન થાય છે, અને પરીણામે સુખ મળે છે. સુખ કઈ ઈંદ્રિયે તથા કયા ઓજાર વડે લેવાય એમ પૂછતાં 'શરીર' એમ કહ્યા વિના કોઇને છૂટકોજ નથી.

વેદાંતમાં પણ શરીર રક્ષણનીજ વાત છે. પણ હાલમાં તેનો અર્થ કેવળ બીજી રીતે સમજાઇ ગયો છે. વેદાંતીઓ કહે છે કે **ब्रह्मसत्यं 'जगत्मिथ्या'** આમાં જોકે બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એમ સ્પષ્ટ અર્થ જણાય છે પણ તેની ખરી મતલબ શું છે, તે નીચેના દાખલા ઉપરથી જણાશે. જેમકે એક માણસે આપણને બે ચીજ સાચવવા આપી એક ઘડીઆળ અને એક લોઢાનો ગોળો. હવે ઘડીઆળ આપ્યું ત્યારે કહ્યું કે આને વધારે સાચવવાની જરૂર છે કારણ કે એ તરત ભાંગી જાય એવું છે. અને લોઢાનો ગોળો આપ્યો ત્યારે કહ્યું કે આની વધારે સંભાળ લેવાની જરૂર નથી કારણ કે તે ભાંગવાનો કે તૂટવાનો નથી. આ ઉપરથી ઘડીઆળ અનીત્ય છે એમ સમજી તેને ફેંકી દઈએ અથવા તેની બરોબર સંભાળ ન લઇએ તો આપણે ગાંડામાંજ ગણાઇએ, અને આપણે એ ચીજ સોંપનારની અકૃપાને પાત્ર થઇએ. તેમજ આપણું શરીર અનિત્ય અને ક્ષણભંગુર છે એમ સમજી તેની પૂરતી કાળજી ન રાખીએ તો પરમ કૃપાળુ ઇશ્વર જેણે આપણને શરીર સોંપેલું છે, તેનો હુકમ તોડયો કહેવાય અને જ્યારે ઈશ્વરનો હુકમ તોડયો ત્યારે આપણે કેવી શિક્ષાને પાત્ર થાઇએ તેનો સઘ-ળાઓએ પોતાના મનમાંજ વિચાર કરવો. આ સઘળા ઉપરથી નીચોળાર્થ માત્ર એટલોજ નીકળે છે કે, ગમે તેમ કરીને પણ શરીર જેમ લાંબો વખત ટકે તેમ પ્રયત્ન કરવો અને તેથી ઇશ્વર પ્રસન્ન રહે છે. માટે તે કયા નિયમો પાળવાથી વધારે વખત ટકે એ જાણવું જરૂરનું છે. શરીર સાચવવાના નિયમો પાળવાથી કેવળ શ-રીર લાંબો વખત ટકે છે એટલુંજ નહિ પણ તેથી સુખ, શાંતિ અને દ્રવ્યાદિકમાં પણ વધારો થાય છે, અને તેથીજ ચાર પુરૂષા-ર્થની પ્રાપ્તિ થાય છે. દ્રવ્યમાં વધારો કરવાની પણ તેટલીજ જરૂર છે. તે વિષે "ચરક" નામના વૈદ્યક શાસ્ત્રમાં પણ એક ઠેકાણે એમ લખ્યું છે કે, नह्यत:पापात् पापीयोऽस्तियदनुपकरणस्य दीघमर्युः અર્થ—

દ્રવ્યાદિ સાધન વિના લાંબુ આયુષ્ય ભોગવવું એ કરતાં એવું બીજું કાંઇપણ મોટું પાપ નથી એટલે કંગાળ હાલતમાં લાંબુ આયુષ્ય ભોગવનાર પુરૂષનેજ પાપી સમજવો. એ સઘળામાંથી મુક્ત થવું એ દરેક મનુષ્યને ઇચ્છિત છે. ત્યારે શરીરને દુઃખ ઉપજાવનાર અને તેથી આયુષ્યમાં ઘટાડો કરનાર રોગ છે ત્યારે રોગ એટલે શું ? તેની વ્યાખ્યા આપવા આ ઠેકાણે જરૂર પડે છે. रोगस्तु दोष वैशम्यं दोष साम्यमरोगता ॥ અર્થ—વાતાદિ દોષોનું પોતાના પ્રમાણ કરતાં વધવું કે ઘટવું તેને રોગ કહે છે; અને તે દોષનું પ્રમાણમાં રહેવું તેને આરોગ્ય કહે છે. ટુંકમાં જેથી દુઃખ થાય તે રોગ. દુઃખ કેટલા પ્રકારનાં ? એક તો દેખીતું શરીરને વ્યથા કરે તે દુઃખ, પૈસા ટકાનું દુઃખ, બાઇડીનું દુઃખ, રાજાનું દુઃખ, વ્યવહારનું દુઃખ, પ્રજાનું દુઃખ એમ ગણવા જઇએ તો પારજ ન આવે માટે હવે દુઃખના બે વિભાગ કરીએ. એક રોગનું દુઃખ અને બીજું વ્યવહારનું દુઃખ.

વળી કેટલેક ઠેકાણે ત્રણ પ્રકારનાં દુઃખ લેખાય છે. આધ્યાત્મિક, આધીભૌતિક, આધિદૈહિક, તેમાં આધ્યાત્મિક દુઃખ બે પ્રકારનાં છે. શારીર અને માનસ. શારીર રોગ એટલે વાત પિત્ત અને કફની વિષમતા. વળી તેના ચાર વિભાગ થઇ શકે છે. સ્વાભાવિક, આગન્તુક, કાયિક, અને આન્તર. એ દરદોની દશા પણ ત્રણ પ્રકારનીછે. સાધ્ય, કૃચ્છ્રસાધ્ય, આને અસાધ્ય.

આધિભૌતિક દુઃખમાં સિંહ વ્યાઘ્રાદિના દુ;ખનો સમાવેશ થાય છે.

આધિદૈવિક દુઃખમાં અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડ, ઉંદર વિગેરે દુઃખનો સમાવેશ થાય છે.

એ સઘળાં દુઃખોમાં આપણે આધ્યાત્મિક દુઃખમાંથી છુટવાંના યત્નો કરીએ તો તે દુઃખોને દૂર કરી શકાય છે; અને અધિભૌતિક દુઃખ મનુષ્ય જાતથી અનિવાર્ય છે.

હવે આ સઘળા ઉપરથી એમ જણાય છે કે આધ્યાત્મિક દુઃખમાંથી દૂર રહેવું એટલે બનતાં સુધી એ દુઃખની ઉત્પત્તિજ થવા ન દેવી, અને થાય તેનું શમન કરવું એ કામ દરેક મનુષ્યનું તથા મુખ્યત્વે કરીને વૈદ્યનું છે. પણ હાલમા તે વિષય તદન ભૂલી જવામાં આવ્યો છે, તે ઉપર પૂરતું ધ્યાન અપાતું નથી, આપણાં

પ્રાચિન પુસ્તકોનો અભ્યાસ થતો નથી, અને તેથીજ આપણા વૈદ્યક શાસ્ત્રના જ્ઞાનનો દિવસો દિવસ લોપ થતો જાય છે; અને તેથીજ સઘળાં મનુષ્યો અલ્પાયુષ્યવાળાં થતાં જાય છે. હાલમાં સઘળાં મનુષ્યોનું મન દરદ થયા પછી તે કેમ મટાડવું તે ઉપરજ દોડે છે, પણ તે થતું કેમ અટકાવવું તે ઉપર થોડાજ લક્ષ આપતા જણાય છે ત્યારે હવે દરદ થતાં કેમ અટકે તેનું વિવેચન આપવાની જરૂર છે. અને જે મનુષ્ય તે પ્રમાણે વર્તશે તેને આયુષ્ય, આરોગ્ય અને યશની પ્રાપ્તિ થશે, (આ વિષયપર હાલમાં અમારા મીત્ર રા. જેરામ વિ. રઘુનાથ "ભાવપ્રકાશ ભાષાંતર" નામનું માસિક ચોપાનિયું મુંબઇમાં બહાર પાડે છે તે વાંચવાની અમે ખાસ ભલામણ કરીએ છિએ) કારણ કે તે પ્રમાણે વર્તવાના નિયમોમાં આપણી-સંસારીસ્થિતિ કેમ સુધરે તેનું પણ યથાર્સ્થત વર્ણન આવી જાય છે- ત્યારે હવે દરેક મનુષ્યે કેવી રીતે વર્તવું જોઈએ તે સશાસ્ત્ર કહેવાનો આરંભ કરૂં છું.

कालार्थ कर्मणां योगा हीनमिथ्या तिमातृका: ।
सम्यग्योगश्च विज्ञयो रोगारोग्येक कारणम् ॥

વર્ષા, ગ્રીષ્મ, શીત વિગેરે કાળ, શબ્દ સ્પર્શ વિગેરે અર્થ, અને કાયિક, વાચિક વિગેરે કર્મ એ સર્વેનો હીન મિથ્યા, અને અતિ યોગ એ રોગનું કારણ જાણવું. તથા તેમનો સમાન યોગ એ આરોગ્યનું કારણ જાણવું. દ્રષ્ટાંત—વરસાદનો હીન યોગ એટલે થોડો વરસાદ થવાથી અનાજ બિલકુલ ઉત્પન્ન થતું નથી. મિથ્યાયોગ એટલે જોઇએ તે વખત ન વરસે અને ન જોઇયે તે વખત વરસે તેથી રોગનું કારણ બને છે. અતિ યોગ એટલે જોઇએ તે કરતાં વધારે વરસવાથી પણ ઘણા રોગ ઉત્પન્ન થાય છે; અને સમાન યોગ એટલે જોઇએ તે પ્રમાણેજ વરસવાથી આરોગ્યનું કારણ થાય છે. એજ પ્રમાણે અનંત પદાર્થોનો હીન, મિથ્યા અને અતિયોગ કે સમાન યોગ રોગ તથા આરોગ્યનું કારણ જાણવું. એ પ્રમાણે કાયિક, વાચિક અને માનસિક કર્મને માટે પણ સમજવું.

સ્વસ્થ માણુસે આયુષ્યનું રક્ષણ કરવાના હેતુથી પાછલી ચાર ઘડી રાત હોય તે વેળા ઉઠવું. તે વખતનું નામ ब्राम्ह મુહૂર્ત છે. ઉઠયા પછી ઝાડે ઝપટે જઈ આવી તૂરા, તીખા અને કડવા સ્વાદ-

વાળું દાતણ અવાળુને ઇજા ન થાય તેમ કરવું કારણ કે તૂરૂં દાતણ મોઢાને સાફ કરે છે, તીખું અરૂચી મડાડે છે, અને કડવું મોઢામાં જામેલા કફને સાફ કરે છે પણ જે માણસ અજીર્ણ, ઓકારી શ્વાસ, ઠાંસો કે તાવથી પીડાતો હોય, અને જે મનુષ્યને મુખપાક, છાતીનો રોગ, નેત્ર રોગ, માથાનો રોગ, કે કાનનો રોગ હોય તેઓએ દાતણ નહિ કરવું. દાતણ ટચલી આંગલીના ભાગ જેવડું જાડું અને બાર આંગળ લાંબુ હોવું જોઇએ. જીભ સાફ કરવાને માટે સોના, રૂપા કે ત્રાંબાની પટીનો ઉપયોગ કરવો. દાતણ કરી રહ્યા પછી ઠંડા પાણીથી કોગળા કરવા. એથી કફ, તૃષ્ણા, મળ અને મોઢાની અંદર શુદ્ધિ થાય છે. થોડા ઉના પાણીના કોગળા કરવાથી કફ, અરૂચી, દાંતનું જડપણું મટે છે અને મોઢું હલકું થાય છે.

ત્યાર પછી સૂર્યોદય પહેલાં જે મનુષ્ય નાસિકા દ્વારા ત્રણ અંજલી પાણી પીએ તે બુદ્ધિમાન થાય છે તથા તેની આંખ ગરૂડના સમાન તેજસ્વી થાય છે; અને ટુંકામાં સર્વ રોગથી વિમુક્ત થાય છે. સવારમાં નાકેથી પાણી પીવું એ રસાયન છે એમ વૈદ લોકો કહે છે. (રસાયન એટલે જરા તથા વ્યાધિને દૂર કરનાર.)

ત્યાર પછી સુરમાનું અંજન કરવું. આ ઠેકાણે અમને કહ્યા વિના ચાલતું નથી કે જે માણસને સુરમાનો ઉપયોગ કરવો હોય તેણે જામનગરમાં મળતા પી. એસ. ઠાકર સુરમાળાના સુરમાનોજ ઉપયોગ કરવો કારણ કે તે સુરમો નેત્રને અતિ હિતકારક છે. સુરમાથી નેત્ર સારાં થઈ દ્રષ્ટિ સૂક્ષ્મ થાય છે, નેત્રમાં થતી ખરજ, મળ, દાહ, તથા ચિકટ પદાર્થનો નાશ થાય છે.

સુરમાનું અંજન કર્યા પછી તૈલ ચોળીને નહાવું;

કારણ કે નહાવું એ વૃદ્ધપણું, થાક અને વાયુને હણનાર છે; તથા દ્રષ્ટિને નિર્મળ કરે છે, પુષ્ટિ કરે છે, આયુષ્ય વધારે છે, સુખેથી ઉંઘ આણે છે, ત્વચાને શોભાયમાન કરે છે અને શરીરને દ્રઢ કરે છે. તેમજ નહાવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, ઉત્સાહ અને બળ વધે છે. વળી ખસ, મેલ, થાક, પરવેસો, આળસ અને દાહનો નાશ કરે છે. અને તૈલ ચોળીને નહાવાનું લખેલું છે તે એટલાજ માટે કે તૈલ એ કૃષને પુષ્ટ કરે છે, તેમજ પુષ્ટને પાતળા કરે છે. વળી તૈલ ઝાડો બાંધે છે, કૃમિનો નાશ કરે છે, અને ટું-

કામાં બધા રોગ મટાડવાને સમર્થ છે. નહાવામાં ઉના અને ટાઢા એ બન્ને પાણીનો ઉપયોગ કરવાની જરૂર છે. કહ્યું છે કેઃ—

उष्णां बुनाऽधः कायस्य परिषेको बलावहः ।
तेनैव चोत्तमांगस्य बलहृत् केश चक्षुषां ॥

અર્થ—ઉના પાણીએથી શરીરના નીચેના ભાગ ધોવાથી બળ વધે છે પણ માથા ઉપર જો ગરમ પાણી રેડયું હોય તો વાળ તથા નેત્રના બળનો નાશ થાય છે. માટે માથા ઉપર તથા મોઢા ઉપર હમેશાં ટાઢું પાણી રેડવું પણ અર્દિત વાયુના રોગવાળાને, નેત્ર, મુખ અને કાનના રોગવાળાને, અતિસાર, પેટ ચડવાનો રોગ, પીનસ અને અજીર્ણ રોગવાળાને તથા તરત જમેલાને નાહવું, એ હાનીકારક છે

નાહ્યા પછી કસરત કરવી. કારણ કે તેથી શરીર હલકું થાય છે, કામ કરવાનું સામર્થ્ય વધે છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, અને તે કસરત શીઆળામાં તથા વસંતઋતુમાં મુખ્યત્વે કરીને કરવી. અને બીજી ઋતુઓમાં ઘણી થોડી તથા હલકી કસરત કરવી. કારણ કે અતિ કસરત કરવાથી ક્ષય, પ્રતમક નામે શ્વાસ, રક્તપીત્ત અને સત્વ હાની થાય છે. રક્તપીત્ત રોગવાળાએ, બાળકે, અજીર્ણવાળાએ, કસરત કરવી નહિ. બળવાન તથા ચિકાસવાળું ભોજન જમનારાએ અરધા બળથી કસરત કરવી. અને તે થાકતા પહેલાં પડતી મૂકવી. કસરત કરવાથી જલદીથી શરીર શિથિલ થતું નથી. તથા કસરત કરનાર માણસને જરા જલદીથી દબાવી દેતી નથી,

કસરત કર્યા પછી અન્ન સારી પેઠે પાચન થઇ ગયું હોય તો શરીરની પ્રકૃત્તિને માફક આવે એવું તથા માપ પ્રમાણે ખાવું. ખોરાકમાં દૂધ બહુ ઉપયોગી છે. પોષણ કરવાનાં સઘળાં તત્વો દૂધમાં રહેલાં છે. સ્ત્રી, ગધેડી, બકરી, ગાય અને ભેંસ એઓનું દૂધ ઉત્તરોત્તર એકએકથી વધારે પૌષ્ટિક છે; તેમ પચવામાં વધારે ભારી છે. બકરી તથા ગધેડીનું દૂધ નાનાં બચ્ચાંને વધારે માફક આવે છે. બચ્ચાંને માટે ગાયનું દૂધ વાપરવું હોય તે થોડી સાકર તથા પાણી નાખી પાવું. ઘણા રોગનો આધાર ખોરાકપર છે વધારે ખોરાક ખવાય તો તે પચતો નથી અને અજીર્ણ થાય છે. કાચું અનાજ ખાવાથી અપચો, ઝાડો, ચુંક, તથા મરડો થાય છે. પૃથ્વી ઉપર

જુદી જુદી જાતનાં ધાન્યો થાય છે, તેમાથી કેનો ઉપયોગ કરવો તે કહી શકાતું નથી, પણ જે દેશની જે પેદાશ તેનો ઉપયોગ કરવો પણ સડેલ, જુનો, બગડેલ તથા વાશી ખોરાક ખાવો નહિ. ભૂખના પ્રમાણમાં ખાવું. જેમ વધારે ખોરાક ખાધાથી વ્યાધિ થાય છે, તેમ કમી ખોરાક ખાધાથી પણ વ્યાધિ થાય છે. જેમ ખોરાકથી વ્યાધિ વધે છે તેમજ ખોરાકથી વ્યાધિ દૂર પણ થાય છે. ખોરાકની સાથે શાકભાજીની ખોરાકની પણ જરૂર છે, કારણકે તેથી કેટલીક જાતના રોગ થતા અટકે છે. ખોરાક બરોબર ચાવીચાવીને ખાવો. ભૂખથી વધારે ઠાંસીને ખાવું નહિ. દરરોજ મુકરર વખતે ખોરાક લેવો, અને તેનો વખત ઘડી ઘડી ફેરવવો નહિ, દરરોજ એકજ જાતનું ભોજન લેવું નહિ. જમતી વેળા મનને ખુશી રાખવું તથા થોડી વાતચિત કરતા જવું. ઘણો થાક ચડેલો હોય ત્યારે ખોરાક લેવો નહિ. જમ્યા પછી તરત શરીરને કે મનને ઘણી મેહેનત આપવી નહિ. લાંબો વખત ભૂખ્યું રહેવું નહિ. જમ્યા પછી પંદર યા વીશ મિનિટ રહીને પાણી પીવું. અને તે શુદ્ધ પાણી પીવું. શુદ્ધ પાણી શરીરને સુખાકારી છે, અને અશુદ્ધ પાણી શરીરને દુઃખકારી છે. ખરાબ પાણીથી અજીર્ણ, અતિસાર, મરડો, કોગળીઉં વિષમજ્વર, ગડગુમડાં, પથરીનો રોગ, ચામડીના રોગો, વિગેરે ઉત્પન્ન થાય છે માટે જેમ બને તેમ વધારે સ્વચ્છ પાણીનો ઉપયોગ કરવો. જે પાણી કાદવથી મેલું થયલું હોય તથા લીલ, ઘાસ, પાંદડાં, વિગેરેથી છવાઈ ગયલું હોય, સૂર્ય કે ચંદ્રનાં કિરણ જેનાપર પડતાં ન હોય, તરતનું વરસેલું, અસ્વચ્છ, માટી વિગેરે મિશ્ર થવાથી જાડું થયેલ, ભારે ફીણવાળું, જેમાં જીવડા પડયા હોય તેવું, તડકે તપેલું, તથા અતિ ઠંડુ પાણી પીવું નહિ જેનો જઠરાગ્નિ મંદ હોય, કે જેને ગુલ્મ, પાંડુ, ઉદરરોગ, અતિસાર, અર્શ, ગ્રહણી, અને સોજો એવા રોગ હોય તેણે પાણી પીવું નહિ, પણ તરસ ન વેઠાયાથી પીવું પડે તો ઘણું થોડું પીવું તન્દુરસ્ત માણસે પણ શરદ્ તથા ગ્રીષ્મઋતુ સિવાય બાકીના કાળમાં થોડું થોડું પાણી પીવું. રોગી માણસને પાણી પીવું પડે તો ઉકાળેલુ પાણી ઠંડું થયા પછી પીવું. પાણી ભોજનના મધ્યમાં પીવું કારણ કે તેથી ધાતુ સમાનતાને પામીને શરીર સુખકારી અવસ્થામાં રહે છે. ભોજનની અંતે પાણી પીવાથી આમાશયમાં કફની વૃદ્ધિ થઇને તે કફ આમાશયની ઉપરની તરફ રહે

છે. તથા કફની વૃદ્ધિ થવાથી શરીર જાડું થાય છે. ભોજન પહેલાં પાણી પીવાથી જઠરાગ્નિ મંદ થાય છે, એ રીતે અંતમાં પાણી પીવાથી કફ વધે છે, તથા પહેલાં પાણી પીવાથી જઠરાગ્નિ મંદ થાય છે, માટે ભોજનના મધ્યમાં પાણી પીવું એ અભીપ્રાય છે.

વાયુસ્ત્રાવ, ઝાડો, મૂત્ર, વિગેરેની શંકા હોવાથી તેને બળાત્કારે પ્રેરવાં નહિ, તેમજ તેને અટકાવવાં પણ નહિં કારણ કે વાયુ, ઝાડો, પેશાબ, છીંક, તરસ, ભૂખ, ઉંઘ, ઠાંસો, મહેનતથી ચડેલો શ્વાસ, બગાસું, આંસુ, અને વીર્યપાત એ અટકાવવાથી મનુષ્ય વ્યાધિગ્રસ્ત થાય છે; તે એવી રીતે કે વાયુ અટકાવવાથી ગોળો ચડવાનો વ્યાધિ, ઉદાવર્તની પીડા, ગ્લાની, વાયુ, એ રોગો ઉત્પન્ન થાય છે; નેત્રનું તેજ અને જઠરાગ્નિ નાશ પામે છે; તથા છાતીના રોગો ઉત્પન્ન થાય છે. ઝાડો રોકવાથી કુલાના માંસમાં દરદ, સળેખમ, માથું દુઃખવું, શરીરના ઉપરના ભાગમાં વાયુનો પ્રકોપ, પરિકર્ત, છાતીનું ભીસાવું, મોંઢેથી ઉલટી, અને ઝાડો પડવો એ રોગો પ્રાપ્ત થાય છે. મૂત્ર રોકાવાથી શરીરમાં કળતર, પથરી, પેડુ, ઉપસ્થ અને અંડકોષ એ જગોએ વેદના વિગેરે રોગને પ્રવેશનો રસ્તો મળે છે. ઓડકાર રોકવાથી અરૂચી, કંપ, છાતી અને હૃદયનું ભીસાવું, પેટ ચડવું, ઠાંસો, હેડકી, વિગેરે રોગ ઉત્પન્ન થાય છે. છીંક રોકવાથી માથું દુખવું, ઇંદ્રિઓની નબળાઇ તથા અર્દિત નામે વાયુનો રોગ થાય છે. ભૂખ રોકવાથી અરૂચી, ગ્લાની અને કૃશતા ઉપજે છે; જઠરમાં શૂલ થાય છે, અને ફેર આવે છે. તૃષા રોકવાથી શોષ, શરીરની શીતળતા, બહેરાપણું, મોહ, ચકરી, અને હૃદયનો રોગ થાય છે. નિદ્રા રોકવાથી મોહ, માથું, તથા આંખો ભારે થાય છે. ઠાંસો રોકવાથી ઉધરસ, શ્વાસ, અરૂચી, હ્રદયનો રોગ, અને હેડકી થાય છે. શ્વાસ રોકવાથી ગુલ્મ, હ્રદયનો રોગ અને મોહ ઉપજે છે. બગાસું રોકવાથી છીંક રોકવાથી જે રોગ ઉપજે છે તે થાય છે. આંસુ રોકવાથી શલેખમ, આંખમાં માથામાં અને હૃદયમાં પીડા મન્યાસ્તંભ નામે વાત રોગ, અરૂચી, ભ્રમ, અને ગુલ્મ ઉપજે છે, ઉલટી રોકવાથી રતવા, કોઢ, આંખનો રોગ, ખસ, પાંડુરોગ, તાવ, ઠાંસો, શ્વાસ, હેડકી, તથા મોઢા ઉપર ખીલ તથા સોજો થાય છે. વીર્ય રોકવાથી વીર્યનું ઝરવું, ગુહ્ય અવયવોમાં વેદના, સોજો, તાવ હ્રદયની પીડા, પેશાબનો અટકાવ, શરીરનાં અંગોમાં કળતર, અં-

ડકોષની વૃદ્ધિનો રોગ, પથરીનો રોગ, અને નપુસંકપણું, એવા વ્યાધિ ઉપજે છે.

પાંચ રાત્રી વ્યતીત થયા પછી નખ ઉતરાવવા, મુછ કતરાવવી તથા હજામત કરાવવી. તેથી પુષ્ટિ, ધન, આયુષ્ય, અને કાન્તિની પ્રાપ્તિ થાય છે. પણ યાદ રાખવું કે નાસિકામાથી કદિપણ બાળ છુંટાવવા નહિ, કારણ કે તેથી જલદીથી દ્રષ્ટિ મંદ થાય છે.

હમેશાં માણસને શરીરમાં ચાર જાતની ઈચ્છા ઉત્પન્ન થાય છે, તે એ કે, ભૂખ, તરસ, ઉંઘ અને મૈથુન ઇચ્છા; તેમાં ભોજનની ઈચ્છા બંધ પડવાથી આળસ, અરૂચિ, શ્રમ, આંખનું દુર્બલપણું, ધાતુનો દાહ, અને બળનો ક્ષય થાય છે. તરસ તથા ઉંઘ વિશે આગળ લખાઇ ગએલુ છે. અસભ્યતાના ડરથી મૈથુન ઇચ્છા વિશે બોલવું બંધ રાખું છું.

મનુષ્યે સવાર સાંજ બે વખ્ત ભોજન કરવું. વચમાં જમવું નહિ. ભોજનનું પાત્ર સોનાનું, રૂપાનું, કાંસાનું, પીતળનું યથાશક્તિ રાખવું. પણ માટીના વાસણમાં કદિ જમવું નહિ. કારણકે એ અલક્ષ્મી પ્રાપ્ત કરનારૂં છે. ભોજનની શરૂઆતમાં થોડુંક મીઠું તથા આદુ ખાવું, તેથી અગ્નિ પ્રદિપ્ત થાય છે, રૂચિ કરે છે, જીવ્હા તથા ગળાના દોષનું શોધન થાય છે. ભોજન અતિ ઉનું તથા અતિ ટાઢું ન હોવું જોઇએ. ગુરૂઅન્ન અરધું પેટ ભરાય તેટલું ખાવું, તથા લઘુ અન્ન તૃપ્તિ થાય ત્યાંસુધી ખાવું. ભોજન કરતી વખત બહુ ન બોલવું તથા કોઇની નિંદા કરવી તથા સાંભળવી નહિ. પેટના બે ભાગ અન્નથી ભરવા એક ભાગ પાણીથી ભરવો, તથા ચોથો ભાગ વાયુના ફરવા હરવા માટે ખાલી રાખવો. અતિ પાણી પીવાથી અન્ન પચતું નથી, તેમજ ન પીવાથી એજ દોષ ઉત્પન્ન થાય છે, માટે અગ્નિ પ્રદિપ્ત કરવાની ઈચ્છા રાખનાર પુરૂષે થોડું થોડુ. પાણી વારંવાર પીવું.

ત્યાર પછી શરીરને અતિ શ્રમ ન પડે તેમ આળસથી રહિત થઇ વ્યવહારનાં કાર્યો કરવાં. જમ્યા પછી તરત કદિ ઉંઘવું નહિ, કારણ કે તેમ કરવાથી કફ કોપે છે અને અગ્નિનો નાશ થાય છે. જમી લીધા પછી ધીરે ધીરે સો પગલાં ચાલવું, તેથી શરીરને સુખ થાય છે. શયન ડાબી બાજુએ કરવું, ગ્રીષ્મ ઋતુસિવાય બીજી કોઈ પણ ઋતુમાં દિવસે સુવું નહિ.

આયુષ્યના ક્ષયના ભયથી માણસે કદિ પણ દિવસમાં સ્ત્રીસંગ કરવો નહિ. શ્રુતિ કહે છે કેઃ—

दिवा मैथुनं वर्जयेत् क्लीबा अल्पवीर्या
अल्पायुषाश्च प्रसुयन्ते तस्मा द्देतत् वर्जयेत् ॥

અર્થ—દિવસે મૈથુનનો ત્યાગ કરવો, કારણ કે તેથી નપુંસક, અલ્પવીર્યવાળાં તથા અલ્પાયુષ્યવાળાં છોકરાં ઉત્પન્ન થાય છે. બીજે ઠેકાણે સ્મૃતિમાં લખેલ છે કેઃ—

उन षोडश वर्षाया मप्राप्तः पंचविंशतिम् ॥
यद्याधत्ते पुमान् गर्भं कुक्षिस्थःसविपद्यते ॥
जातो वान चिरंजीवेत् जीवेद्वादुबलेंद्रियः ॥

અર્થ—સોળ વર્ષની અંદર ઉપરની સ્ત્રીમાં પચીશ વર્ષે નહી પહોંચેલ પુરૂપ જો ગર્ભધાન કરે તો જે બાળક ઉત્પન્ન થાય છે તે લાંબો વખત જીવતું નથી. અથવા જીવે તો તેની ઇંદ્રિઓ દુર્બળ હોય છે.

तस्मा दत्यंत बालायां गर्भाधान न कारयेत् ॥

તેટલા માટે અત્યંત બાળક સ્ત્રીમાં ગર્ભધાન કરવું નહિ તેમજ

अति वृद्धायां दीर्घ रोगिण्यां अन्येनवा
विकारेण उपसृष्टाया गर्भधानं नैव कुर्वीत ॥
पुरुषस्याप्येवं विधस्यत एव दोषा संभवन्ति ॥

અતિ વૃદ્ધ, ઘણા કાળથી રોગિણી, અથવા એવા બીજા કોઇ-પણ વિકારથી યુકત સ્ત્રીમાં ગર્ભ ધારણ કરવો નહિ. એ પ્રમાણે પુરૂષનું પણ સમજવું. આ ઉપરથી ખુલ્લું જણાય છે કે પુરૂષે કયારે પરણવું તથા સ્ત્રી પુરૂષવચ્ચે કેટલા વર્ષનો તફાવત રાખવો જોઇએ. પણ હાલમાં તે પ્રમાણે કોઇ વર્તતું નથી, અને તેથીજ આપણી આર્યપ્રજા દુર્બળ થતી જાય છે. આ વિષે લખવા માંડીએ તો પારજ ન આવે માટે પાછો મારી મૂળ મતલબ ઉપર જાઉંછું.

નવું અન્ન, જમવામાં દુધનો ખોરાક, ઘી, તથા ઉને પાણીથી નાહવું એ પ્રાણને આપનારાં છે. તથા વૃદ્ધ સ્ત્રી, તાંજું દહિ, પ્રાતઃકાળમાં મૈથુન તથા નિદ્રા એ જલદીથી પ્રાણનો નાશ કરનાર છે. બધી ઋતુમાં ત્રીજે ત્રીજે દિવસે મૈથુન કરવું તથા ઉનાળામાં પંદર

પંદર દિવસે મૈથુન કરવું. પુરૂષે સ્ત્રીસંભોગ સંધ્યાકાળ, પ્રાતઃકાળ, અમાવસ્યા, પૌર્ણિમાં, ગાઇ છોડતી વખત, મધ્ય રાત્રીએ, એ વખતે કદિ કરવો નહિ. ખુબ જમેલાએ, દરદીએ, તૃષાર્ત્ત કે બાળકે મૈથુન કરવું નહિ. રજસ્વલા, મલિન, કદરૂપી, વર્ષે મોટી, રોગ પીડીત, વ્યંગ, દ્વેષ કરનારી, યોની રોગથી યુક્ત, સગોત્ર, ગુરૂપત્નિ, પરસ્ત્રી,વિરક્ત એવી સ્ત્રીઓ, મૈથુનના કામમાં અયોગ્ય છે. ગર્ભીણી સ્ત્રીને ૭ માસ સુધી ભોગવવી. પ્રસવ થયા પછી બે મહીને સ્ત્રીસંગ કરવો. રજસ્વલા સ્ત્રીનો ઉપભોગ કરવાથી નેત્ર તથા કાન્તિનો નાશ થાય છે. ગર્ભીણી સ્ત્રીનો ઉપભોગ કરવાથી ગર્ભને ઘણી પીડા થાય છે. રોગી સ્ત્રીનો કરવાથી બળનો ક્ષય થાયછે. અતિ મૈથુન કરવાથી ઉધરસ, જ્વર, દમ, કૃષપણું, પાંડુરોગ, ક્ષયરોગ. વિગેરે રોગો ઉત્પન્ન થાય છે.

સર્વે પ્રાણીઓની તમામ પ્રવૃત્તિઓ સુખને અર્થે માનેલી છે. અને સુખ ધર્મ વિના મળતું નથી. માટે ધર્મમાં તત્પર રહેવું. આપણું શુભ ઇચ્છનાર મિત્રોનું પ્રેમથી સેવન કરવું, તથા શત્રુઓથી વેગળે રહેવું, પ્રાણીઓનો ઘાત ચોરી તથા વ્યભિચારી એ ત્રણ પ્રકારનું કાયિક પાપકર્મ; તથા ચાડીઆપણું, કઠોર વચન, અસત્યવચન અને અમર્યાદ ભાષણ એ ચાર વાચિક કર્મ; પ્રાણીની હિંસા કરવાનો વિચાર, અદેખાઇ, શાસ્ત્રદ્રષ્ટિએ વિપરીત જણાય તે ધાટ, એ ત્રણ માનસિક પાપ એમ દશ પ્રકારનાં પાપ કર્મ શરીર વાણી અને મન વડે થાયછે તે તજવાં. જેને કાંઇ જીવીકા ન હોય, જેઓ વ્યાધી ગ્રસ્ત હોય, તથા જેઓ કાંઇ દુઃખ આવી પડવાથી શોકાતુર હોય તેમની શક્તિ પ્રમાણે સંભાવના કરવી. કીડા અને કીડીઓ સરખાંને પણ હંમેશાં પોતાના સમાન જોવાં મતલબ કે સુખ દુઃખાદિક લાગણીઓમાં તેઓ પણ પોતાના સમાનજ છે, એમ જાણી તેમના પ્રત્યે વર્ત્તવું. કીડી કીડાને પણ આત્મસમાન ગણવાં તો પછી પશુ પક્ષી અને મનુષ્ય પ્રત્યે તેવી વર્ત્તણુંક રાખવી એ તો સ્પષ્ટજ છે. દેવ, ગાય, બ્રાહ્મણ, વૃદ્ધ, વૈદ્ય, રાજા અને અતિથી એમનું પૂજન કરવું. વૃદ્ધ એટલે કેવળ વયોવૃદ્ધજ ન સમજવા, પણ શીળ વૃદ્ધ, જ્ઞાન વૃદ્ધ વિગેરે પણ જાણવા. રાજા શબ્દ વડે તેણે અધિકાર આપેલા પુરૂષો પણ જાણવા. યાચકને ના કહી વિમુખ કરી કાઢવો નહિ. તેનું અપમાન ન કરવું. શત્રુ અપકાર કરવામાં તત્પર હોય એમ છતાં તેનાપર ઉપકાર કરવાની

ટેવ રાખવી. ઉપકાર કે અપકાર કરવામાં સર્વદા કોઇ સફળ થતું નથી. પણ તેવો પ્રસંગ મળી આવે છે ત્યારેજ બની આવે છે. માટે ઉપકાર કરવાની તક ઇશ્વર કૃપાએ મળી આવે તો તે શત્રુ પ્રત્યે હોય તથાપિ ખોવી નહિ, પણ ઉપકાર કરી લેવો.

સંપત્તિ વિપત્તિમાં સદા એક સરખું મન રાખવું, એટલે સંપત્તિમાં હર્ષ ન પામવો, કે મદાંધ ન થવું, તેમ વિપત્તિમાં શોક ન રાખવો કે દીન ન થવું.

ઈર્ષ્યા હેતુ ઉપર કરવી ફળ ઉપર નહિ; મતલબ કે વિદ્યાદિ ગુણથી માન મળે છે તો વિદ્વાનનું માન ભંગ કરવાની ઈચ્છા ન રાખતાં તે માનનો હેતુ જે વિદ્યા તે પોતાનામાં લાવી તેના બરોબર થવા ઈચ્છા રાખવી. એમ કરેલી ઈર્ષ્યા દુર્ગુણ નહિ પણ ગુણરૂપ થાય છે.

પ્રસંગ આવેજ બોલવું; અને તે હિતકાર થોડુંજ, સાચું કર્ણપ્રિય બોલવું ; પ્રથમ બોલનાર થવું, હસમુખા, સદાચરણી તથા દયાથી કોમળ થવું. એકલા સુખ ભોગની ખુશી ન થવું. સર્વ જગોએ વિશ્વાસુ તેમજ વહેમી પણ ન થવું. કોઇ માણસ મારો શત્રુ છે કે ફલાણાનો હું શત્રુ છું, એમ કોઇ દિવસ કોઇની આગળ પ્રગટ ન કરવું. પોતાનું કે પારકું અપમાન થયું હોય તે પણ પ્રગટ ન કરવું. સામા માણસની પ્રકૃતિ જોઇને જે માણસ જેમ ખુશી થાય તેમ તેની સાથે વર્ત્તવું. ધર્મ, અર્થ અને કામ એ ત્રણેમાં એકે ન થતું હોય એવો ઉદ્યમ કરવો નહિં, આચારમાં મધ્યમ માર્ગે ચાલવું. એકાદ જગોએ છેકજ આશક્તિ કરી દેવી નહીં. મૈત્રી સારા પુરૂષો તેમજ નઠારા પુરૂષો સાથેજ રાખવી. ઉદ્યમથી કદી પાછા હઠવું નહિ મનના વેગ તેમજ સ્વભાવિક વેગને ધારણ કરવા નહિં. ઈંદ્રિઓને પીડા આપવી નહિ; તેમ તેઓને અતિ લડાવવી નહિ. બળવાનની સાથે યુદ્ધ ન કરવું. માથે ભાર કદી ઉપાડવું નહિ. શત્રુનું તથા ગુણિકાનું અન્ન કદી પણ ખાવું નહિ. કોઇનું જામીન થવું નહિ. ખોટી સાક્ષી આપવી નહિ. જુઠું કદી બોલવું નહિ. જુગારીથી દુર રહેવું. સ્ત્રીઓનો વિશ્વાસ ન કરવો તથા તેમને સ્વતંત્રતા આપવી નહિ. એ પ્રમાણે સદાચારમાં તત્પર રહી દિવસ ગુજારવા.

ચિકિત્સા પ્રકરણ.

ઘણા મનુષ્યો એમજ સમજે છે કે જો આયુષ્ય હોય તો ચિકિત્સાની કાંઇ જરૂર નથી: કારણ કે આયુષ્ય એજ જીવવાના

કારણરૂપ છે, માટે ચિકિત્સાની શી જરૂર છે? પણ તેઓ સમજતા નથી કે આયુષ્ય હોય તોપણ ચિકિત્સાનું ફળ વેદના અટકે એ છે. તે વિષે ચરક નામના વૈદક શાસ્ત્રમાં લખ્યું છે કે:—

सति चायुषिनो पायं विनोत्थातुं क्षमोरुजी ॥
दर्शित श्चात्र द्रष्टांतः पंकलग्नो यथागजः ॥

અર્થ—આયુષ્ય છતાં પણ રોગી ઉપાય કર્યા વિના ઉઠી શકતો નથી. જેમ કાદવમાં કોઇ હાથી ઘુંચી ગયો હોય તે જેમ નીકળી શકતો નથી. માટે આયુષ્ય છતાં જો ચિકિત્સા કરવામાં ન આવે તો રોગી મરણ પામે છે. વળી કેટલાએક વૈદ્યશાસ્ત્રીઓનો એવો મત છે કે દરદી શ્વાસ લેતો હોય તોપણ ચિકિત્સા તો કરવી. એની મતલબ માત્ર એટલીજ સમજવી કે જો દરદના અસાધ્યપણામાં સંદેહ હોય તેની ચિકિત્સા કરવી; પણ શાસ્ત્રદ્રષ્ટિથી અને અનુભવથી જો અસાધ્ય જણાય તો તેની ચિકિત્સા કરવી નહીં. કારણ કે કહ્યું છે કે:—

सद्वैद्यास्तेनयेऽसोध्यानारभन्तेचिकित्सितुम ॥

જેઓ અસાધ્યની ચિકિત્સા કરવાનો આરંભ ન કરે તેઓનેજ સારા વૈદ્ય જાણવા એવું શાસ્ત્રનું વચન છે.

વૈદ્ય જે પદાર્થથી રોગને મટાડે તે પદાર્થ ઔષધ કહેવાય છે. તે ઔષધ કેવું હોવું જોઇએ તે વિષે આગળના વિદ્વાન વૈદ્યોનો નીચે પ્રમાણે મત છે:—

જે ઔષધ સારી જગામાં ઉત્પન્ન થએલું, સારા દિવસમાં લીધેલું, થોડી માત્રા છતાં ઘણો ગુણ કરનારૂં, યોગ્ય ગંધવાળું, યોગ્ય વર્ણવાળું, દોષને હણનારૂં, શરીરમાં ગ્લાની નહિ આપનારૂં અને વધારે દેવાઇ જાય તોપણ વિકાર વગરનું હોય તે ઔષધ જોઇ વિચારીને સમયસર દેવામાં આવે તો તેથી ગુણ થાય છે.

વ્યાધિની ગુરૂતા તથા વ્યાધિની અલ્પતા, આકૃતિ, ધૈર્ય, અને દેહ તથા બળ અને નિર્બળતાના પ્રમાણમાં વિપરિતપણે દેખાય છે માટે વૈદ્યે સાવધાન થવું જોઇએ. જે નામનાજ માત્ર વૈદ્ય હોય છે તે વ્યાધિની આકૃતિ માત્ર જોઇને ગુરૂવ્યાધિને લઘુ માને છે તથા દોષ બહુ અલ્પ છે એમ માની ચિકિત્સા કરવામાં ભૂલ ખાય છે; અને વ્યાધિ ભારે છતાં પણ અલ્પ વ્યાધિને યોગ્ય હલકું તથા

ઓછું ઔષધ આપે છે. આ પ્રમાણે લઘુ વ્યાધિને આકૃતિ માત્રથી ભારે વ્યાધી માની ભારે વ્યાધિને યોગ્ય ઔષધ આપે છે અને એમ થવાથી રોગીનું અહિત થાય છે. એ પ્રમાણે રોગીની ગતિ ન જાણી શકાય એવી છે. માટે નિરંતર આયુર્વેદના અભ્યાસમાં તત્પર રહી તેને અનુસરી તથા પોતાની બુદ્ધિબળથી રોગીનો નિશ્ચય કરી એવું ઔષધ આપવું કે જેથી રોગ નિશ્ચે મટી જાય. ઔષધ ખાવાના દશ કાળ વૈદકશાસ્ત્રમાં કહેલા છે. ૧ ઔષધ ખાઇને પચી ગયા પછી અન્ન ખાવું. ૨ ઔષધ ખાઇને તરતજ અન્ન ખાવું, ૩ ભોજનના મધ્યમાં ઔષધ ખાવું, ૪ ભોજનના અંતમાં ઔષધ ખાવું; ૫ એક કોળીયો ખાઇને ઔષધ ખાવું; પછી બીજો કોળીયો ખાઇને ઔષધ ખાવું; એ પ્રમાણે એકેક કોળીયા પછી ઔષધ ખાવું, ૬ કોળીયા ભેગું ઔષધ ખાવું. ૭ આખો દિવસ વારંવાર ઔષધ ખાવું. ૮ ભોજનની સાથે મેળવીને ઔષધ ખાવું ૯ જમ્યા પહેલાં અને જમ્યા પછી ઔષધ ખાવું. ૧૦ રાત્રે સુતી વખતે ઔષધ ખાવું.

જે રોગમાં કફ કોપ્યો હોય અને બળવાન હોય, તથા રોગી પણ બળવાન હોય તો ઔષધ ખાધા પછી તે પચી જાય ત્યારે અન્ન ખાવું; અમાન વાયુ કોપ્યો હોય ત્યારે ઔષધ ખાઇને તરત ભોજન કરવું; અપાન વાયુ કોપ્યો હોય ત્યારે ભોજનની મધ્યમાં ઔષધ ખાવું; વ્યાન વાયુ કોપ્યો હોય ત્યારે ભોજનની અંતમાં ઔષધ ખાવું; પ્રાણવાયુ કોપ્યો હોય ત્યારે કોળીએ કોળીએ ઔષધ ખાવું; ઓકારી, હેડકી, તરસ શ્વાસ, ઢાંસો, વીગેરે રોગોમાં વારંવાર ઔષધ ખાવું. નાના પ્રકારની અરૂચિમાં અન્નની સાથે ઔષધ ખાવું. કંપ વાયુ, આક્ષેપકનામે વાયુ, અને હેડકીના રોગમાં રોગીએ હલકું અનાજ ખાવું. તથા ભોજનની પહેલાં અને પછી ઔષધ ખાવું. કંઠના ઉપલા ભાગમાં રોગ થયો હોય તો રાત્રે સુતી વખતે ઔષધ ખાવું.

ઔષધો, તેના ગુણ, બનાવટ તથા માત્રા.

અજમા—ઉપયોગ—ચુંક, અજીર્ણ, પેટનાવાયુ, ઉલટી, અજીર્ણથી થએલો ઝાડો, કૉલેરાનો ઝાડો, વગેરે દરદો ઉપર અપાય છે. માત્રા વાલ ૫. ઝીણો ભૂકો કરી પાણી સાથે ઉતારી જાવો.

અતિતિષની કળી--(અતવશેકની કળી) મુખ્યત્વે કરીને સતતજવર અને આંતરીઆ તાવ ઉપર વપરાય છે, તથા ચુંક, ઉલટી, તૃષા, કરમ, હરસ વગેરે દરદો ઉપર અપાય છે. માત્રા—મોટા માણુસને માટે તાવમાં વાલ ૫ ઉના પાણી સાથે દરેક ત્રણુ ત્રણુ કલાકે તાવ હોય ત્યાં સુધી આપવું છોકરાંનાં દરદો જેવાં કે, તાવ, ઉધરસ, દમ, શ્વાસ, ભરાઇ આવવું, વિગેરે ઉપર વાલ ૧ ભૂકો કરી મધ સાથે મેળવી દિવસમાં ત્રણુ વખત આપવું આ દવા બાળકોના દરદો માટે ઉત્તમ છે.

અફીણુ—ઉપયોગ—ઝાડા, ઉલટી, ખાંસી, દમ વીગેરે ઉપર અપાય છે. હરસ દૂઝતા હોય અને તે જગાએ સોજો હોય અને હાથ લગાડવાથી મૂળદ્વાર ગરમ લાગતું હોય તો ચોખાના લોટમાં થોડું અફીણુ મેળવી પોટીસ બનાવી બાંધવી; તેથી સોજો ઉતરે છે, અને દુઃખ ઓછું થાય છે ઉના પાણી સાથે થોડું અફીણુ મેળવી તે પાણીનો શેક કરવાથી દુઃખતી આંખો મટે છે અને આંખનો સોજો ઉતરે છે. દાઢનો કોતર પડી દુખાવો થયો હોય તો એક ઘઉંના દાણાભાર અફીણુને કોતરમાં મૂકી રાખવું અને લાળ બહાર કાઢી નાખવી. કાનમાં ચસકા નીકળતા હોય તો એક ભાગ અફીણુ અને દશ ભાગ મીઠું તેલ મેળવી તે તેલને ગાળી લઇ તેનાં બે ત્રણુ ટીપાં કાનમાં નાખવાં.

દરેક જાતના વા, કમરનો દુખાવો, ગાલપચોરાં, લચક વીગેરે દરદો ઉપર એક ભાગ કપુર, ચાર ભાગ મીઠું તેલ, અને એક ભાગ અફીણુ સાથે મેળવી દુખતા ભાગ ઉપર સહન થાય તેમ ચોળવું આ તેલ મોટી ઉધરસ થએલ છોકરાંને વાંસાપર ઘસવાથી ઘણો ફાયદો કરે છે સાદા ઝાડા તથા લોહીના ઝાડા ઉપર એક વાલ અતવસેકની કળીનો ભૂકો મધમાં મેળવી ચોવીશ ગોળી વાળવી અને તેમાંથી એક ગોળી દિવસમાં ત્રણુ વખત પાણી સાથે આપવી. ખાંસીને માટે પણુ આ ગોળી ઘણો સારો ફાયદો કરે છે. કાંઇપણુ અકસ્માતથી પ્રસવ થયો હોય, અને તેથી રૂધિરસ્રાવ અને વેદના બહુ થતાં હોય તો ફકત એકવાલ અફીણુની ૭ ગોળી કરી દર ત્રણુ ત્રણુ કલાકે એકેકી ગોળી આપવી. આંચકી ઉપર ઉપરની ફક્ત અફીણુની ગોળી મોટા માણુસને કલાકે કલાકે તથા બાળકને બબે કલાકે એક એક આપવાથી ઘણુંજ ફતેહમંદ પરીણામ આવે

છે. મધુપ્રમેહમાં પણ ઉપરની ગોળીથી ઘણો સારો ફાયદો થવાનો સંભવ છે. છોકરાંને આમણ (પુંઠ) નીકળતી હોય તો અરધો વાલ અફીણ તથા એક વાલ કોકમનું ઘી સાથે મેળવી ગોળી બાંધી મૂળદ્વારમાં ચડાવવી. તેથી આમણ બેસી જાય છે. એજ ગોળી મૂળદ્વારમાં રાખવાથી હરસનું દૂઝવું બંધ થાય છે.

આકડો—ઉનાળામાં આકડાનાં મૂળીઆં કાઢી ધોઇ સાફ કરી છાંએ સૂકવી ઉપરની છાલ કાઢી લેવી. પછી છાલનો ભૂકો કરી તે ભૂકો મજબુત બુચ વાળી બાટલીમાં રાખી મૂકવો. ઉપયોગ—ઉલટી કરાવવી હોય તો આ ભૂકો આશરે ૭ વાલ મોટી ઉમરના માણસને ગરમ પાણીમાં આપવો, તેથી ઉલટી બહુ થાય છે. વળી એજ ભૂકો વાલ અરધો મધ સાથે આપવાથી વાતરકત (પત) ઉપદંશ. નબળાઇ, ઝાડો, મરડો, સંધીવા આંચકી વીગેરે દરદોને દૂર કરે છે, વળી આ ભૂકો વાલ ૩ અરધી રતી મધ સાથે મેળવી ચાટવો. તેથી તરતનો થએલો લોહીનો ઝાડો દૂર થાય છે. આ દવા ખાધા પછી એક કલાક સુધી પાણી પીવું નહિ, તથા બિછાનામાં ચતું સુઇ રહેવું. આ આકડાની છાલનો ભૂકો વાલ ૧ તથા અફીણ વાલ ૧ મધ સાથે મેળવી ૭ ગોળી કરી તેમાંથી એક એક સાંજ સવાર ઉપર લખેલા દરદો ઉપર આપવી.

એરંડીઉં તેલ—એરંડ તેલ ઘણીજ સરસ જુલાબની દવા છે. મુખ્યત્વે કરીને બચ્ચાંઓને માટે અને પ્રસવ થયા પછી સ્ત્રીઓને માટે ઘણું ઉપયોગી છે. એકથી દશ વર્ષની અંદરનાં છોકરાંને માટે રૂ. ૧ ભાર દૂધ સાથે પીવું. અને મોટી ઉમરના માણસે રૂ. ૨॥ ભાર દૂધ સાથે પીવું બાળકને બીજો કોઇ જાતનો જુલાબ નહિ આપતાં ફકત એરંડ તેલનો જુલાબ આપવો. વા ના દરદવાળાને દર અઠવાડીએ એરંડ તેલનો જુલાબ આપવો. એરંડ તેલને દેશી વૈદ્યકશાસ્ત્ર 'વાત ગજકેસરી' કહીને બોલાવે છે. (વાતરૂપી હાથી તેનાપર જેમ કેસરીસિંહ તેમ) અજીર્ણ, ચૂક, મળાવરોધ, ગુલ્મ, મરડો, ત્વચારોગ, ઇત્યાદિ રોગોપર તેલનો જુલાબ ઘણોજ ફતેહમંદ છે.

કપીલો—આ દવા ઝીણા કરમ ઉપર તથા ચપટા કરમ, જેને અંગ્રેજીમાં ટિનિયા અને ટેપવર્મ કરીને કહે છે તેને માટે ઘણી ઉપયોગી છે. મોટી ઉમરના માણસને તોલો અરધ મધ સાથે આપવી, તેથી ઝાડો ખુલાસેથી આવે છે તથા તેની સાથે થોડો

મરડો તથા ઓકારી પણ આવે છે, અને ઘણું કરીને ચોથા ઝાડામાં જીવડા મુવેલ સ્થિતિમાં બહાર નીકળી જાય છે.

કપૂર—કપૂરનાં તેલની બનાવટ–એક ભાગ કપૂર તથા ચાર ભાગ મીઠું તેલ, બન્ને સાથે મિશ્રણ કરવાં. આ તેલ જુનો સંધીવા, કમરનો દુખાવો, સાંધાનો સોજો, ગાંઠાનો સોજો, લચક, કચર, અને ઘણું કરીને સ્ત્રીઓ જ્યારે સગર્ભા તથા રજસ્વલા થાય છે ત્યારે તેમને કમરમાં જે દુખાવો થાય છે તેનાપર ઘણું ઉપયોગી છે. આ તેલ સાંજ સવાર દશ મિનિટ સુધી દુખતા ભાગ ઉપર સારી પેઠે ચોળવું. જુના સંધીવા વાળાએ છ વાલ કપૂર અને એક વાલ અફીણ સાથે મેળવી તેની છ ગોળી કરવી; અને તેમાંથી હમેશા એક એક સાંજે સુતી વખત ગળવી. આ ગોળીથી ઘણોજ પસીનો છૂટે છે, અને દરદ શાંત થાય છે. આ ગોળીથી જયારે ઘણો પસીનો થાય ત્યારે કપડાં બદલવાં દમને માટે અરધો વાલ કપૂર અને અરધો વાલ હીંગ બન્ને સાથે મેળવી એક ગોળી કરવી. આ ગોળી ત્રણ ત્રણ કલાકે દમના દરદીને દમ ચડેલ હોય ત્યારે આપવી. વળી આ ગોળી છાતીના અતિશય દુખાવાંને શાંત કરે છે. ઉપર બતાવેલી કપુર અને અફીણની ગોળી બધી જાતના ધાતુ વિકારના રોગો ઉપર હંમેશા અરધી અરધી સાંજે સુતી વખત આપવી. તેમજ એ ગોળી પ્રમેહનાં દરદમાં જ્યારે નસનો દુખાવો અથવા તાણ થાય છે ત્યારે આપવી. તેથી નસનો દુખાવો તરત શાંત પામે છે, અને તાણ આવતું નથી. અરધી ગોળીથી ફાયદો ન થાય તો એક એક ગોળી આપવી. સ્ત્રીઓને ગર્ભાશય અને સ્ત્રીઅંડમાં ચસકા આવતા હોય ત્યારે ફકત એક વાલ કપુરની ગોળી ગુહ્ય ભાગમાં પેરવી.

પ્રસવ થયા પછી કોઇ વખત સ્ત્રીઓને આંચકી થઇ આવે છે, ત્યારે રૂ. ૨ાા ભાર એરંડતેલ લઇ તેમાં એક વાલ કપૂર મેળવી ગરમ પાણી સાથે પાવું. જીર્ણજવર, અછબડાં, તાવ, શીળી, અને ઓળીમાં જ્યારે દરદી બકે છે, ઉંઘ આવતી નથી, અને સન્નિપાત જેવાં ચિન્હ જણાય છે ત્યારે ઉપર બતાવેલી કપૂર અને હિંગની ગોળી દરેક ત્રણ ત્રણ કલાકે એકેક આપવી ઘણા લાંબા કાળ સુધી ખાટલામાં પડી રહેવાથી શરીરમાં ભાઠાં પડે છે ત્યારે થોડા કપૂર સાથે દેશી દારૂ (અરક) અથવા બ્રાંડી મેળવી તે ભાગ ધોવાં.

કરીઆતુ—ઉત્તમ, કડવી, પૌષ્ટિક, દવા છે. સઘળી જાતની નબળાઈ, અજીર્ણ, અગ્નિમંદ, વગેરે દરદો ઉપર કરીઆતાંનો ઉપ-યોગ નીચે પ્રમાણે કરવો.

કરીઆતાનો અધકચરો ભૂકો એક ભાગ લઇ વીશ ભાગ ઉના છણુછણુતાં પાણીમા નાંખી ઉતારવો. ઠર્યા પછી પાણી ગાળી લેવું. તેમાંથી સવાર સાંજ ૨. રા ભાર પીવું.

કાથો—(કેવડીઓ કાથો) તાવ વિનાના સાદા ઝાડામાં ઘણો ઉપયોગી છે. બે વાલ કાથાનો ભૂકો, અને તેટલીજ તજ મધ અથવા ગોળ સાથે મેળવી દિવસમાં ત્રણ વખત આપવું. અને સાંજની વખતે આપવાની આ દવામાં અરધી રતી અફીણ મેળવીને આપવું. આ દવા પુખ્ત ઉમરના માણસને માટેજ છે. બાળકને આપવી હોય તો અરધો વાલ કાથાનો ભૂકો અને અરધો વાલ તજનો ભૂકો મધ અથવા ગોળ સાથે મેળવી આપવું.

કોઈ પણ જાતની પારાની દવાથી મોઢામાંથી લાળ પડતી હોય અથવા મોઢામા ચાંદાં પડયાં હોય અથવા અવાળુ ચઢયાં હોય તો કાથાનો એક નાનો કટકો મોઢામાં રાખવો. તેમજ સાદ બેસી ગયો હોય તો ગરમ પાણીમાં કાથો મેળવી કોગળા કરવા.

દાઢનાં સડી જવાથી તેમાં દુખાવો થતો હોય તો દાઢની અંદર કાથાની કણી દબાવવી. જુનાં સડતાં ચાંદાં, ચાંદી, ધારાં, તથા ગંધાતું પરૂ નીકલતું હોય તેવાં ધારાંને વાસ્તે નીચે લખેલા કાથાના મલમનો ઉપયોગ કરવો. આઠ ભાગ એકસો પાણીથી ધો-એલ ઘી લઇ, તેમાં એક ભાગ કાથાનો લૂગડેથી ચાળેલો ભૂકો તથા પાં ભાગ મોરથુથુનો ઝીણો ભૂકો મેળવી ઘુંટીને મલમ કરવો, અને તે ઉપર જણાવેલાં દરદો ઉપર પટી કરી લગાવવો.

કારીખાર—આ એક અમૂલ્ય દવા છે, તેનો ઉપયોગ જુદા જુદા દરદો ઉપર જુદે જુદે પ્રકારે થાય છે.

આંખ દુખવા આવી હોય તો એક રતી કારીખારને અઢી ૨. ભાર ગુલાબજળમાં મેળવી તેમાંથી બે ચાર ટીપાં આંખમાં સવાર સાંજ નાખવાં. આ દવા ફૂલાંને પણ સારો ફાયદો કરે છે. કાન વહેતો હોય તો કાનને ઉના પાણીની પીચકારીથી કોઈ સાફ કરી, ઉપરનાં કારીખારનાં પાણીનાં બે ત્રણ ટીપાં કાનમાં નાખવાં. ચાંદાં,

ધારાં, મોઢાનાં છારાં ચાંદી ઉપર કારીખાર વાલ ૨) તથા ગુલાબ-જળ રૂ. ૨ા ભાર સાથે મેળવી ચોપડવું. પ્રમેહમાં રસી બંધ કરવા માટે અરધી રતી કારીખાર તથા ગુલાબજળ રૂ. ૨ા ભાર મેળવી પીચકારી મારવી. હરકોઈ જગાપર મસ થયા હોય તો તે જગાપર જરા સ્વચ્છ પાણીનું ટીપું મૂકી તેનાપર કારીખારની કટકી ચોપ-ડવી આમ થોડા દિવસ કર્યાથી મસ બળી જાય છે. દાદર અને ખરજમાં ઉપર પાણી ચોપડી કારીખારની કટકી ભૂસવી જ્યારે પોપડા બંધાઈ જાય ત્યારે ધઉંના લોટની લુપરી (પોટીસ) કરીને દાદર તથા ખરજવાં ઉપર બાંધવી એ પ્રમાણે જ્યાં સુધી દરદ નાબુદ થાય ત્યાં સુધી કરવું. કુતરા વગેરેના ઝેરી ડંખ ઉપર કારી-ખાર ચોપડી તે ભાગ બાળી નાખવો. રતવા થયો હોય તો તે વધારે ફેલાવો ન પામે માટે કારીખારની અડખે પડખે લીંટી કરી જવી. તેમજ વાંસામાં અદીઠ ગુમડું (પાઠું) થયું હોય તો તેની પણ મર્યાદા કારીકારથી બાંધી શકાય છે.

કારીખારની બનાવટની દરેક દવા કાચના બુચવાળી કાળા રંગની શીશીમાં રાખવી. આ દવા શરીરના બીજા કોઇ પણ ભાગ પર અથવા લૂગડાપર ન અડે તેની સંભાળ રાખવી.

કીલ—ધોળો કીલ ૫ ભાગ, કોકમનું ઘી ૮ ભાગ, મીણ ૨ ભાગ; એ ત્રણે વસ્તુને ધીમી આંચથી સાથે પીગળાવવાં. તમામ સાથે મળી જાય ત્યારે ઉતારી ઠારવાં. પછી તેમાંથી પટી કરી ગમે તે જાતનાં ગુમડાં, પાઠાં, ધારાં ઉપર લગાવવી.

ગળો—ઔષધના કામમાં મુખ્યત્વે કરીને આંબા, લીંબડા, તથા વડ ઉપરની ગળો વાપરવી. ટાઢીઓ તાવ, પિત્તજવર, જીર્ણ-જ્વર, ઉપદંશ, હરસ, ત્વચારોગ, કોઢ, નબળાઇ, ખાંસી, દમ, પ્રમેહ ધાતુક્ષય, પ્રદર, રક્તસ્રાવ, સંધીવા, વીગેરે ઉપર બહુ વપરાય છે. તેના ઘણા સારા ગુણ ઉપરથી તેને “અમૃતવલ્લી” કહે છે. અઢી તોલા ગળો કચરીને સવાશેર પાણીમાં નાખી, તેને અરધે અરધે કલાકે મસળવું. એમ ચાર વખત મસળ્યા પછી પાણી ગાળી લેવું. તેમાંથી રૂ. ૨ા ભાર પાણી લઇ તેમાં થોડું મધ નાખી ઉપરનાં દરદો ઉપર સાંજ સવાર પીવું.

ગોખરૂ—આ દવા ધાતુક્ષય, અશક્તિ, મૂત્રરોધ, (પેશાબનું અટકવું), પાણવી, પરમીઓ, ઉનવા, તાવ, અને અરૂચિ ઉપર અપાય

છે. ગોખરૂને પાણીમાં રાખવાથી ચીકાશ આવે છે. તે પાણીમાં થોડી સાકર નાખી પીવાથી પ્રમેહમાં થતી બળતરા જલદી બંધ થાય છે. બીજાં દરદો ઉપર ગોખરૂનો ભૂકો, શેશગુંદર, સાજીખાર, સરખે ભાગે મેળવી તેમાંથી પાંચ વાલ દિવસમાં ત્રણ વખત ફાકી ભરવી, ને ઉપર ઠંડુ પાણી પીવું.

ગંધક—આ ચામડીના સઘળા રોગોને માટે બહુ ઉપયોગી છે અને તે નીચે પ્રમાણે વપરાય છે. એક ભાગ ગંધકનો બારીક ભૂકો અને ૭ ભાગ કોકમનું ઘી બન્ને સાથે મેળવી, મલમ કરવો, આ મલમ ખસ ઉપર પંદર વીશ મિનિટ સુધી ફોલ્લા ફૂટી જાય તેવી રીતે ઘસવો. તેમજ બીજાં ચામડીનાં દરદો ઉપર પણ ઉપયોગ કરવો. આ મલમ ઓછામાં ઓછા ચાર કલાક સુધી શરીરપર રહેવા દઇ પછીથી સાબુ તથા ગરમ પાણીવડે ધોઇ નાહી લેવું. જુના સંધીવાને માટે નીચે પ્રમાણે ગંધકનું તેલ વાપરવું.

પાંચ રૂપીઆભાર ગંધકનો બારીક ભૂકો તથા અઢીશેર મીઠું તેલ, અને કપૂર તોલા ૫ સાથે મેળવી ખુબ ઘુંટવાં. આ પ્રમાણે તૈયાર થએલું તેલ વા ના દરદ ઉપર ચોપડવું. અર્શ એટલે હરસને માટે સુદ્ધ આમલસારા ગંધકનો બારીક ભૂકો વાલ ૧ થોડા ગુલકંદ સાથે મેળવી દિવસમાં ત્રણ વખત ચાટવો સંગ્રહણી ઉપર પણ આ દવા સારી અસર કરે છે.

ચણકબાબ—આ દવાનો મુખ્ય ઉપયોગ પ્રમેહ માટે છે. જ્યારે પ્રમેહનાં શખ્ત ચિન્હ એટલે બળતરા શાંત થાય, ત્યાર પછી તેનો ઉપયોગ કરવો. પ્રમેહમાં બળતરા હોય અને ચણકબાબ આપવામાં આવે તો નુકશાન થાય છે. ચણકબાબ તોલા ૫ ફટકડીનો ભૂકો તોલો અરધ, અને કાથાનો ભૂકો તોલો પા મેળવી નવ ભાગ કરવા અને એકેક ભાગ દિવસમાં ત્રણ વખત પાણી સાથે આપવો. આ દવા પ્રમેહ, જુનો પ્રમેહ, પ્રદર અને બીજાં સ્ત્રીઓનાં યોનીસ્રાવના રોગો ઉપર આપવાથી ઘણી સારી અસર થાય છે. ઘરડાં માણસોને જુની ખાંસીમાં જ્યારે કફ પડતો થાય ત્યારે બે બે વાલ ચણકબાબનો ભૂકો દિવસમાં ત્રણ વખત આપવો. ઉપરની ફટકડી, કાથો અને ચણકબાબ વાળી દવાથી ઘણું કરીને ઝાડો કબજ રહે છે. માટે ત્રણ ત્રણ ચાર ચાર દિવસને આંતરે દસ્ત સાફ લાવવા વાસ્તે છેલ્લે બતાવ્યા પ્રમાણે મીંઢીઆવળની ફાકીનો ઉપયોગ કરવો.

ચિત્રો—સંધિવા, ચસકા, ગ્રંથીની વૃદ્ધિ, બરોળની વૃદ્ધિ વીગેરે ઉપર જ્યારે ફોલ્લો ઉઠાડવાની જરૂર પડે છે, ત્યારે ચિત્રાનો નીચે પ્રમાણે ઉપયોગ કરવો.

ચિત્રાનું તાજુંં મૂળ ઘસી ચોપડવું. ચોપડ્યા પછી પાંચ મિનિટે બળતરા શરૂ થાય છે, તે અરધા કલાકસુધી રહે છે ત્યારે ફોલ્લો ઉપડી આવે છે. તે ફોલ્લાને ફોડી નાખી, કેળના પાંદડાં ઉપર ઘી લગાડી માથે બાંધી દેવું.

ચુનો—ચુનો ઔષધના કામમાં ઘણો ઉપયોગી છે. પાંચ તોલા કળીચુનો, અને દશ રતલ ચોખ્ખું પાણી સાથે મેળવી કાચના બુચવાળી બાટલીમાં ભરી ત્રણ ચાર મિનિટસુધી ખુબ હલાવવું. પછી તે બાટલીને સ્થિર રાખવી. જ્યારે તમામ ચુનો નીચે બેસી જાય ત્યારે ઉપરની આછ એક કાચના બુચવાળી બાટલીમાં રાખી મૂકવી. આ પાણી હમેશાં તૈયારજ રાખવું. કારણ કે તે ઘણા દીવસસુધી બગડતું નથી. ખાટા ઓડકાર આવતા હોય, છાતીમાં બળતરા થતી હોય, અને અપચો થયો હાય ત્યારે ઉપર બતાવ્યા પ્રમાણે ચુનાનું પાણી રૂ. રાા ભાર પીવું. ઉલટી થતી હોય ત્યારે એક રૂપીઆભાર આ પાણી તથા દૂધ રૂપીયા એકભાર સાથે મેળવી પી જવું. છોકરાઓને તેના પ્રમાણમાં આપવું. શરીરનો કોઇપણ ભાગ બળી ગયો હોય, ત્યારે તેનાપર ચુનાનું પાણી તથા તેલ સરખે વજને લઇ સાથે મેળવવું. ઘી જેવું થાય ત્યારે દાઝેલા ભાગપર ચોપડવું.

ટંકણખાર—(પાટીઓ)-છોકરાંનાં મોઢાં આવી જાય છે, અને જેને લોકો થુલીઓ કહે છે, તે ઉપર ટંકણખારનો બારીક ભૂકો વાલ ૧ ત્રણ વાલ મધમાં મેળવી થોડો વારંવાર છોકરાંનાં મોઢાંમાં ચોપડવો. આ દવા થુલીઆને માટે સર્વોત્તમ છે.

ઘણા લાંબા કાળના ક્ષય અને તાવથી જ્યારે જીભમાં ચીરા પડી જાય છે ત્યારે ઉપર પ્રમાણે ટંકણખાર મધમાં મેળવી જીભ ઉપર ચોપડવો. સ્તનની ડીંટડીનો સોજો થયો હોય ત્યારે છોકરાંને ધવરાવ્યા પહેલાં અને પછી દશ વાલ ટંકણખારને ત્રણ તોલા પાણીમાં મેળવી તે પાણીથી ડીંટડી ધોવી.

સ્ત્રિને જણાવવાના વખતમાં પીડ ન આવતી હોય અને ઘણી કષ્ટાતી હોય તો પાંચ વાલ ટંકણખારનો ભૂકો અને બે વાલ તજનો

ભૂકો ગરમ પાણી સાથે દર બબ્બે કલાકે પ્રસવ થાય ત્યાંસુધી આપવો. સુવાવડમાં સ્ત્રીને આંચકી થાય છે, ત્યારે એ ટંકણખાર અને તજની દવાથી સારો ફાયદો થાય છે.

નાનાં બાળકોને જ્યારે આંચકી આવે છે ત્યારે ફૂલાવેલ ટંકણખાર વાલ ૧ ધાવણ સાથે મેળવી બાળકને પાવાથી આંચકી તરત બંધ થાય છે આ દવા બાળકની આંચકીને માટે સર્વોત્તમ છે. દાદર અને ખરજવાં માટે દશ વાલ ટંકણખાર તથા બે તોલા તેલ સાથે મેળવી દાદર અને ખરજવા ઉપર ચોપડવું. ચાંદાં, સડેલાં ધારાં, અને ફુટેલી બદને છ વાલ ટંકણખાણ અને ચાર તોલા પાણી સાથે મેળવી ધોઇ નાખવું. હરેક જાતની પેટની ગાંઠ માટે એક વાલ ટંકણખારને ગોળ સાથે મેળવી દિવસમાં ત્રણ વખત આપવું. તથા બધી જાતની ગાંઠ ઉપર ફટકડી, ટંકણખાર, તથા દહીં સરખે ભાગે સાથે મેળવી ચોપડવાં. ઉધરસ, દમ, શ્વાસ ઉપર એક વાલ ટંકણખાર તથા અરધો વાલ પીપર મધમાં મેળવી દિવસમાં ત્રણ વખત ચાટવાં. પુષ્ટિ તથા ધાતુની વૃદ્ધિને માટે એક વાલ ટંકણખારનાં ત્રણ પડીકાં કરી નાગરવેલના પાન સાથે દિવસમાં ત્રણ વખત એક એક પડીકું ખાવું. તે ઉપર દૂધ, ઘી, વગેરે પૌષ્ટિક ખોરાક ખાવો.

ધતુરો—ધતુરાનાં સૂકાં પાદડાં અને ડાળના ભૂકાને ચલમમાં નાખી પીવાથી ચડેલો દમ બેસી જાય છે. વળી વા નો સોજો, કમરનો લચક, દુખતી રસોળી, ડોકનું ઝલાઇ જવું વગેરે દરદો ઉપર નીચે લખેલું તેલ સારી પેઠે ચોળી શેક કરવો.

બનાવટ—અઢી તોલા ધતુરાનાં અધકચરાં બી અઢી શેર મીઠું તેલ, સાત દિવસ સુધી મેળવી રાખી મૂકવાં પછી ચોળીને તેલ ગાળી લઈ ઉપયોગમાં લેવું. વળી એજ તેલ પીડીતાર્તવમાં સાંધા ઉપર અથવા દરદ થતી જગાઓ ઉપર લગાવવું વળી આ તેલ શરીરના ગમે તે ભાગ ઉપર ચસકા નીકળતા હોય તે ભાગ ઉપરં લગાવવાથી દરદની શાંતિ થાય છે. કોઇ પણ જખમને લીધે તાણ થઈ દાંતની દાઢ વળી ગઇ હોય તો ઉપરનું તેલ જડબાંની ચારે તરફ ચોળી સેક કરવાથી દાંતની દાઢ ઉઘડી જશે. કોઇપણ જાતના તાવમાં ધતુરાનાં પાંદડાનો રસ ટીપાં ૧૦ થોડા દહીંમાં નાખી-

વના વખત પેહેલાં બે કલાકે આપવાં. દવા ખાધા પહેલાં જમી લેવું. કેમકે આ દવા ભૂખ્યાં લીધાથી દવાનો જોસ બહુ જણાય છે. બાળકને આ દવા આપવી નહિ. આ દવાથી માથામાં વધારે દુખાવો થાય તો માથાપર ગાયનું ઘી ઘસવું. તાવ ઉતરી ગયા પછી અનાજ હજમ થવા સારૂ નીચેની ગોળી વાપરવી:—

ધતુરાનાં પાંદડાં લીલાં તથા કાળાં મરી સરખે વજને લઈ મેળવી મગના દાણા જેવડી ગોળીઓ કરવી અને સવાર સાંજ જમ્યા પછી એક એક ખાવી આ ગોળી ઉધરસ, દમ, શ્વાસ, ઝાડો વગેરે દરદોને સારો ફાયદો કરે છે.

નવસાર—સ્તનપાક થવા માંડે ત્યારે બે તોલા નવસાર, અઢી શેર પાણીમાં નાંખી, મેળવી, તેની અંદર લુગડા બોળી તે લુગડાં સ્તનપર રાખવાં શરીરના બીજા કોઇપણ ભાગમાં ગડગુમડ થયાં હોય તો ઉપરના પાણીમાં પાણીમાં લુગડું પલાળી લગાવવાથી સારો ફાયદો થાય છે. તાવ અથવા બહુ નિશાથી માથું ચડયું હોય ત્યારે ઉપરના પાણીમાં ભીંજવેલું લુગડું માથે રાખવું. શીળસ ઉપર તે પાણી લગાડવાથી ઘણો ફાયદો થાય છે. શરીરના કોઇપણ ભાગનો દાહ (Inflammation) થયો હોય ત્યારે તે પાણીમાં લૂગડું ભીંજવી લગાવવાથી દાહ શાંત થાય છે. જુના સંધીવામાં બે વાલ નવસાર બે તોલા કરીઆતાના ચા માં નાખી દિવસમાં ત્રણ વખત પીવું. એજ પ્રમાણે બ્યકૃત (પેટની જમણી બાજુનું દુખવું) ઉપર પીવાથી સારી અસર થાય છે. કમળામાં ઉપરની દવા આપવી અને બીજે ત્રીજે દિવસે સોનામુખીની ફાકી દસ્ત સાફ લાવવા સારૂ લેવી. ઘરડા માણસની ઉધરસ ઉપર એક વાલ નવસાર અને એક વાલ જેઠીમધ સાથે મેળવી પાણીમાં પીવા આપવું. છોકરાંની મોટી ઉધરસ ઉપર અરધો વાલ નવસાર તેટલાજ તજના ભૂકા સાથે મેળવી દરદના પ્રમાણમાં દિવસમાં બે ત્રણ વખત ગરમ દૂધ સાથે આપવું. બ્યકૃતના વ્યાધિથી અથવા તાવ ઉતરી ગયા પછી થએલા જળોદર ઉપર કરીઆતાંનો ચા અને નવસાર બતાવેલી માત્રા પ્રમાણે દિવસમાં બે ચાર વખત પીવો. વાળાના દરદને માટે એક તોલા નવસારનો ભૂકો કરી ગોળમાં મેળવી, નવ ગોળી કરવી, અને દિવસમાં ત્રણ વખત એકેક ખાવી.

નેપાળો—નેપાળામાંથી જુલાબની ઘણી સારી દવા બને છે. જેમકેઃ-નેપાળાનાં બી ઉપરની છાલ કાઢી લઇ બી દૂધમાં ત્રણ વખત બાફવાં. પછી ઉપરની છાલ તથા અંદરની જીભ કાઢી નાખવી. જો જીભ રહી જાય તો મરડો અને ઉલટી થાય છે.

આ પ્રમાણે તૈયાર કરેલ બી નો ભૂકો એક ભાગ અને બે ભાગ કાથાના ભૂકાને સાથે મેળવી, મધમાં ખુબ મેળવવાં; અને એક એક રતીની ગોળી કરવી; અને જ્યારે તાણ આંચકી, ઘેલાપણું, સખત તાવ, જળોદર, વગેરે રોગોમાં જુલાબ આપવાની જરૂર પડે ત્યારે ઉપર લખેલી એક ગોળી આપવી. જો આ ગોળીથી મરડો, ઉલટી અને ઘણો ઝાડો થઇ પડે તો લીંબુનો રસ ચુસાડવો, જેથી તરત આરામ થાય છે.

પીંપર—સરપ દંશ, અથવા એવા બીજા કોઇ પણ કારણથી આદમી હલાક બની થાકી જાય છે, ત્યારે નીચે પ્રમાણે મરી અને પીપરનો કવાથ બનાવી દર બે બે કલાકે પાવો. અધકચરી પીપર વાલ ૩ તથા અધકચરાં મરી વાલ ૩, ગરમ છણછણતું પાણી તોલા ૨ સાથે મેળવી ઠરી જાય ત્યારે એક વખત પાઇ દેવું; તેથી શરીરમાં કાંટો આવે છે, તથા તાવ ઝાડો, અરૂચિ, અજીર્ણ, મંદાગ્નિ, હરસ, દમ, ખાંસી વીગેરે ઉપર એજ કવાથ દિવસમાં બે વખત પાવો.

ફટકડી—ઘણું કરીને છોકરાંની આંખ દુખવા આવે છે ત્યારે ફટકડીનું ટીપું બહુ ગુણકારી થઇ પડે છે ફટકડી અરધો વાલ તથા બે તોલા ગુલાબજળ સાથે મેળવી. તેમાંથી બે ચાર ટીપાં આંખમાં નાખવાં. જખમમાંથી ઘણું લોહી નીકળતું હોય ત્યારે ફટકડીનો બારીક ભૂકો દબાવી ભીનો પાટો બાંધવો. તેથી જખમ પાકતો નથી, તથા તરત રૂઝ આવે છે. છોકરાંઓને આમણુ નીકળે છે ત્યારે માયફળ દશ વાલ લઇ સવાશેર પાણીમાં ઉકાળવા. ઠરયા પછી આઠ ભાગ માયફળનો ઉકાળો અને બે ભાગ ફટકડીનો ભૂકો સાથે મેળવી તેમાં કપડું બોળી આમણુ ઉપર રાખવું. સંગ્રહણી, અતિસાર, પ્રદર, અતિ આર્તવ, પેશાબમાં, હરસમાં, તથા નાકમાંથી અને મોઢામાંથી લોહી જતું હોય તો તે અટકાવવા ફટકડી પીવા અપાય છે. બે વાલ ફટકડી બે તોલા પાણીમાં મેળવી ઉપરનાં દરદોમાં સવાર સાંજ પીવી. ઉપર લખેલું ફટકડીનું પાણી પીચકારી મારવાના કામમાં તથા કો-

ગળા કરવામાં પણ ઉપયોગી છે. મોઢું આવ્યું હોય, સાધારણ અથવા પારાની દવા ખાધાથી ચાંદાં પડયાં હોય, ગળું આવ્યું હોય ચોરીઆ સૂજી આવ્યા હોય તો ફટકડીના પાણીના કોગળા કરવાથી દુરસ્ત થાય છે. જુના પ્રમેહ અને પ્રદરમાં ફડકડીનાં પાણીની પીચકારી મરાય છે ટાઢીઆ તાવ પર એક વાલ ફટકડી ગોળ સાથે મેળવી આપવાથી ટાઢ અટકે છે.

મરી—કૉલેરાને માટે નીચે બતાવેલ એક મરીની ગોળી ઘણી ફાયદાકારક છેઃ—

મરી, હીંગ, અને અફીણ, દરેક એક એક વાલ લઇ સાથે મેળવી નવ ગોળી કરવી, તેમાંથી એક એક ગોળી એક એક કલાકે આપવી. આ દવામાં અફીણ છે તેથી લાંબો વખતસુધી આપવી નહી. મુખ્યત્વે કરીને આ ગોળીનો ઉપયોગ કૉલેરાની શરૂઆતમાંજ કરવો. નબળા બાંધાના અને ઘરડા માણસને હરસ થયા હોય તો નીચેનો મરીનો અવલેહ ઘણો ગુણકારી છે.

બારીક ભૂકો તોલો ૧, અજમા તોલો ૧ાા, મધ તોલા ૭ાા ખુબ સાથે મેળવવા અને તેમાંથી અરધો અરધો તોલો દિવસમાં ત્રણ વખત ચાટવું.

મીંઢીઆવળની ફાકી—મીંઢીઆવળનાં પાંદડાં તોલા ૮, હીમજ તોલો ૨, સીંધાલુણ તોલો ૧ સંચળ તોલો ૦ાા; પ્રથમ મીંઢીઆવળને પાંચ શેર પાણીમાં બાફી પાણી એક શેર રહે ત્યારે ઉતારી ઠંડા પાણીથી ધોઇ છાંએ સૂકવવી; હીમજને ઘીમાં તળી ચૂર્ણ કરવું; પછી બધાનું ચૂર્ણ કરવું. તેમાંથી તોલો અરધ ગરમ પાણી સાથે લેવું. આ દવાથી બે સાફ દસ્ત લાગશે.

મોરથુથુ—જુનો ઝાડો, સંગ્રહણી અને રક્તાસિરને માટે નીચે મોરથુથુ વાલી ગોળીનો ઉપયોગ કરવોઃ—મોરથુથુ વાલ ૧ અફીણ વાલ ૧ મધમાં સારી પેઠે મેળવી તેમાંથી બાર ગોળી વાળવી અને દિવસમાં ત્રણ વખત એક એક આપવી. આ ગોળી ક્ષયની ત્રીજી સ્થિતિમાં ઝાડો બંધ કરવામાં ઘણી ઉપયોગી છે. બાળકને અથવા મોટા માણસને મોઢામાં છારા પડયાં હોય તો એક વાલ મોરથુથુનો બારીક ભૂકો કરી ત્રણ તોલા મધમાં મેળવી આંગળીવતે મોઢાનાં છારાં ઉપર ચોપડવો અને લાળ બહાર કાઢવી. છોકરાંની આંખ ઉઠેલી હોય તો અરધી રતી મોર-

થુથુને બે તોલા ગુલાબજળ સાથે મેળવી આંખમાં ટીપાં નાખવાં દરદનું જોર વધારે હોય તો મોરથુથુની માત્રા બમણી લેવી. આંખોની અંદર ખીલ પડ્યા હોય તો મોરથુથુની એક લીસી કટકી લઇ ખીલ ઉપર ઘસવી. દાદર અને ઉંદરીને માટે નીચેના મલમનો ઉપયોગ કરવો મોરથુથુ વાલ ૪ માયફળનો ભૂકો વાલ ૧૦ કોકમનું ઘી તોલા ૩ સાથે મેળવી દરદવાળા ભાગ ઉપર ઘસવું નાકમાંથી લોહી નીકળતું હોય અને આગળ લખ્યા પ્રમાણે ફટકડીથી બંધ થતું ન હોય તો એક વાલ મોરથુથુના ભૂકાને ત્રણ વાલ પાણીમાં નાખી તે પાણી નાકમાં રેડવું તેમજ જળોના ડંખથી લોહી વહેતું હોય તો તેનાપર બારીક મોરથુથુનો ભૂકો દાબવો. અફીણ, ધતુરો, ઝેરકોચલા, કાકમારી, વછનાગ, અને સોમલનું ઝેર ચડયું હોય અને ઉલટી કરાવવી હોય તે વખતે એક વાલ મોરથુથુ અઢી શેર ગરમ પાણીમાં મેળવી બધું પીવરાવી દેવું દરદી ગભરાઇ ન જાય તેની સંભાળ રાખવી. દવા એકવાર આપવાથી અરધા કલાકની અંદર કાંઇપણ પરીણામ ન જણાય તો બીજી વાર આપવી. આ ઉલટીની દવા સારા વૈદ્યની હાજરી અને સલાહથી આપવી. જુના પ્રમેહને માટે અરધી રતી મોરથુથુ બે તોલા ગુલાબજળમાં મેળવી પીચકારી મારવી.

રાઇ—ચસકા, વા, સંધીવા, પેટનું તથા છાતીનું દુખવું, દમ, ઉધરસ, શૂળ, ઉલટી, ઉછાળો, વગેરે દરદો ઉપર રાઇની પોટીસ મારવાની જરૂર છે. નવી રાઈનો બારીક ભૂકો ટાઢા પાણીમાં મેળવી, જાડા કાગળપર પાથરી દુખતા ભાગપર લગાવવો. લગાડયા પછી તે ભાગ લાલચોળ થાય અથવા જરા બળતરા થાય ત્યારે તે ...ી ઉખેડી લેવી. વધારે વખત રહેવા દીધાથી ફોલ્લો ઉપડે છે.

હીરાકસી—પાંડુરોગ, કમળો, અશક્તિ, સાધારણ ત... હીનો ઝાડો, જળોદર, દૂઝતા હરસ વગેરે દરદો ઉપર હીર... નીચે પ્રમાણે ઉપયોગ કરવો હીરાકસીના લીલા કટકાનો ભૂં... ૧ ઈંદ્રજવનો ભૂકો વાલ ૪. મધમાં મેલવી બાર ગોળી તેમાંથી એક એક સવાર સાંજ પાણી સાથે આપવી.

સમાપ્ત.

"ભાવપ્રકાશ—પૂર્વખંડ."

આ અમુલ્ય સર્વોપરી વૈદ્યક ગ્રંથનું મૂળ શ્લોક સહિત શુદ્ધ ગુર્જર ભાષાંતર, નકશીદાર સુંદર કપડાના રંગબેરંગી પુંઠાથી સોનેરી અક્ષરો સહિત લગભગ ૧૧૦૦) પૃષ્ટના સુંદર પુસ્તકના આકારમાં છપાઇ બંધાઇ તૈયાર થયું છે. આ ગ્રંથમાં છ પ્રકરણો છે, જેમાં નિચે લખેલી ઉપયોગી અને દરેક મનુષ્યે અવશ્ય જાણવા લાયક (૧૪૨૭) બાબતો સમાયલી છે.

પ્રકરણ ૧ લું—સૃષ્ટિ પ્રકરણ. **પ્રકરણ ૨ જું**—ગર્ભ પ્રકરણ. **પ્રકરણ ૩ જું**—બાલ પ્રકરણ. **પ્રકરણ ૪ થું**—દેશો વિષે, દિનચર્યા, રાત્રીચર્યા, ઋતુચર્યા. **પ્રકરણ ૫ મું**—મિશ્રવર્ગ, હરીતક્યાદિવર્ગ, કર્પૂરાદિવર્ગ, ગડૂચ્યાદિવર્ગ, પૂષ્પવર્ગ, વટાદિવર્ગ, આમ્રાદિ ફલવર્ગ, ધાતુ પધાતુ-રસોપરસ–વિષોપવિષ વર્ગ, ધાન્ય વર્ગ, શાક વર્ગ, માંસ વર્ગ, કૃતાન્ન વર્ગ, વારી (પાણી) વર્ગ, દુગ્ધ (દુધ) વર્ગ, દધ્નો (દહીં) વર્ગ, તક્ર (છાસ) વર્ગ, નવનીત (માંખણ) વર્ગ, ધૃત (ઘી) વર્ગ, મૂત્ર વર્ગ, તૈલ વર્ગ, સન્ધાન વર્ગ, મધુ (મધ) વર્ગ, ઇક્ષુ (સેરડી) વર્ગ, અનેકાર્થ નામ વર્ગ, માન પરિભાષા, ભેષજાનાં વિધાનાનિ, ધાતુનાં શોધન મારણ વિધિ, ધાત્વાદિ મારણો પયુક્તાન પુટ પ્રકારાનાહ, ઉપધાતૂનાં મારણ પ્રકારમાહ, રસસ્યે શોધન વિધિ, ઉપરસાનાં શોધન વિધિ, રત્નાનાં શોધન મારણ વિધિ, વિષાણાં શોધન મારણ વિધિ; સ્નેહપાક વિધિ, વમન વિધિ, વિરેચન વિધિ, સ્નેહબસ્તિ વિધિ, ઉત્તર બસ્તિ વિધિ, ફલવર્ત્તિ વિધિ, નસ્ય ગ્રહણ વિધિ, ધૂમપાનવિધિ, ગણ્ડુશકબલપ્રસારણ વિધિ, સ્વેદ વિધિ, મૂર્ધ તૈલ વિધિ, કર્ણ વિધિ, લેપવિધિ, શોણિત સ્રાવણ વિધિ, નેત્ર પ્રસાદન કર્માણી, સેક વિધિ, આશ્ચ્યોતન વિધિ, પિણ્ડી વિધિ, બિડાલ વિધિ, તર્પણ વિધિ, પુટપાક વિધિ, અંજન વિધિ, ભેષજ ભ । સમય. **પ્રકરણ ૬ ઠું**—ચિકિત્સા પ્રકરણ.

એ પ્રમાણે આવા મોટા કદના ગ્રંથની સમાપ્તિની સાથે વૈદ ી જાણવા જેવી સઘળી બાબતો સમાપ્ત થાય છે. આપણી ગુ- ાાષામાં આવા ઉપયોગી વૈદ્યક ગ્રંથની પૂરી ખોટ હતી જે આ ગ્રે દરજ્જે પુરી પાડશે. આ ગ્રંથના વિશેષ વખાણ ન કરતાં એ- કહીયે છીએ કે દેશી વૈદ્યાના ચરક સુશ્રૂત વિગેરે ઉત્તમ ગ્રંથો ભાવપ્રકાશ ગ્રંથ વાંચનારને ઘડીભર વિસારે પડશે.

!–ગીલ્ટવાળા પુંઠાની રૂ ૭) પોષ્ટેજ રૂ ૦ા=.

ા–રામવાડી નજીક, દાદીશેઠ } **જેરામ વિ. રઘુના'**
ૈન–મલ્હારાવસ્ટ્રીટ નં૦ ૮. } તંત્રી "ભાવપ્રકાશ ભાષાં'